શ્રીહરિઃ

". . . . . कुर्यात् सदा मङ्गलम् ।"

(ઘરમાં સેવાતા) ભગવાન્ સદા મંગલ કરો !

आचार्यकुलाद् वेदमधीत्य गुरोः कर्मातिशेषेणातिसमावृत्य कुटुम्बे शुचौदेशे स्वाध्यायमधीयानो धार्मिकान् विदधात्मनि सर्वेन्द्रियाणि संप्रतिष्ठाप्याहिंसन् सर्वाणि भूतान्यन्यत्र तीर्थेभ्यः स खल्वेवं वर्तयन् यावदायुषं ब्रह्मलोकमभिसंपद्यते न च पुनरावर्तते न च पुनरावर्तते ॥" – છાંદોગ્યોપનિષત્ (૮-૧૫-૧).

(ગુરુકુલમાં) આચાર્યકુલ પાસેથી વેદાધ્યયન કરીને, નિયમાનુસાર ગુરુનાં કર્તવ્ય સમાપ્ત કરીને, ગુરુદક્ષિણા દઈને, સમાવર્તન (સંસ્કાર) કરીને, (પોતાના) કુટુંબમાં (ગૃહસ્થાશ્રમી થઈને, દામ્પત્ય સ્વીકારીને), પવિત્ર સ્થાનમાં (પોતાના ઘરમાં) સ્વાધ્યાય કરતો, (પુત્ર-શિષ્યાદિને) (લોકોને) ધાર્મિક કરતો, સર્વેન્દ્રિયોને પોતાના આત્મા (ભગવાન્) માં (સેવાદિથી) સ્થિર કરતો, (સંયમ-પૂર્વક), (તીર્થરૂપ) શાસ્ત્રાજ્ઞા વગર પ્રાણીઓની હિંસા (કષ્ટ-ક્લેશ-થાય તેવાં કાર્ય) ન કરતો, (ભક્ત) નિશ્ચયપૂર્વક આજીવન આમ વર્તનાર, અંતે બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે; (તે) પાછો સંસારમાં - જન્મમરણચક્રમાં-પાછો આવતો નથી, પાછો આવતો નથી.

ગૃહસ્થ-ધર્મથી આ ઉપસંહાર સૂચક છે,- ગૃહસ્થાશ્રમથી જ કૃતાર્થતાનો ! ત્યાગમાં તો વાણી-મનનો ભગવાનમાં વિનિયોગ સંભવે, સર્વેન્દ્રિયોનો નહિ ! ગૃહસ્થને તો સર્વપ્રકારે ભગવત્સેવા થાય, સપરિકર તે તો કૃતાર્થ થાય છે. (પુષ્ટિ) (ભક્ત) પોતાના ઘરમાં, પોતાના તન-મન-ધનથી પોતાના પરિવાર સાથે વિવિધોપચારથી ભગવત્સેવા કરતાં તેના આનંદાનુભવથી મુક્તિને પણ તુચ્છ ગણે છે. આમ, આ શ્રુતિનો સ્પષ્ટ ભાર જીવનમંગલ માટે ગૃહસ્થ થઈને (લગ્ન કરીને) ભગવત્સેવા કરવામાં છે. "कृत्स्नभावात्तु गृहिणोपसहारः । – બ્રહ્મસૂત્ર (૩-૪-૪૭) - "અણુભાષ્ય"માં આ આશય છે. ભગવાન્ સદા મંગલ કરો !

*



कुर्यात् सदा मङ्गलम्

–નવનીતપ્રિય શાસ્ત્રી

શ્રીહરિઃ

“सा विद्या तन्मतिर्यया ॥”

“........कुर्यात् सदा मङ्गलम् ॥”

(લગ્ન-સંસ્કાર)

: સંપાદક :
ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી,
વલ્લભવેદાન્તાચાર્ય (લબ્ધ સુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ
સિવિલ એન્જીનીઅર,

: પ્રકાશક :
“વિદ્યાનિધિ” (ટ્રસ્ટ)
નડીઆદ.

શ્રીહરિઃ

પ્રકાશક : “વિદ્યાનિધિ” (ટ્રસ્ટ)
“વ્રજવિહાર”, મોટીપોળ, મોદીસાંથ,
નડીઆદ - ૩૮૭૦૦૧; (જિ. ખેડા), (ગુજરાત)
ફોન નં. ૫૦૯૦૮

: ન્યોછાવર :

રૂ. ૨૦-૦૦

વી. પી. નહિ થાય; મોકલવાનું ખર્ચ જાુદું

આ ગ્રન્થના સર્વાધિકાર સંપાદકને સ્વાધીન છે.

પ્રથમાવૃત્તિ પ્રત-૩૦૦૦ વિ. સં. ૨૦૫૧, ઈ. સ. ૧૯૯૫

: ગ્રન્થપ્રાપ્તિ સ્થાન :

શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી
ઠે. “વ્રજવિહાર”,
મોટીપોળ, મોદીસાંથ,
મુ. નડીઆદ - ૩૮૭ ૦૦૧
(જિ. ખેડા)
ફોન નં. ૫૦૯૦૮

શ્રીવિઠ્ઠલદાસભાઈ કારાણી
ઠે. “નન્દાલય” - પ્લોટ નં. ૨૦
હાટકેશ કો. ઓ. હા. સોસાયટી,
જાુહુસ્કીમ - છઠ્ઠો રસ્તો,
વીલે - પાર્લે (વેસ્ટ)
મુ. મુંબઈ - ૪૦૦ ૦૫૬
ફોન નં. ૬૧૨૧૬૦૧, ૬૧૪૬૭૦૫

શ્રીપીયૂષભાઈ શાહ
ઠે. “હરિકુંજ”,
સી. એન. વિદ્યાલય સામે,
આંબાવાડી, મુ. અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન નં. ૪૪૪૦૦૮

સૌ. નીતા પટેલ
ઠે. “કલાનિધિ”
ઠે. જી. એફ.-૯, વિન્ડસર પ્લાઝા,
આર. સી. દત્ત રોડ,
મુ. વડોદરા ૩૯૦ ૦૦૫
ફોન : (ઓ.) ૩૨૦૨૩૫ (ઘ.) ૩૨૦૭૮૯

શ્રીમતિ મધુકાન્તાબેન શાહ
(ગોલ્ડફિલ્ડવાળા)
ઠે. રાચંદનમલમેન્શન,
બીજે માળે, ભાંગવાડી સામે,
કાલબાદેવી
મુ. મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન નં. ૨૦૧૨૭૧૫

શ્રીવૈકુંઠભાઈ ભગત
ઠે. ઝવેરી મહોલ્લો,
મુ. ભરૂચ - ૩૯૨ ૦૦૧

વિદેશમાં : ૧. સૌ. રેખા રાજ સિંગાપુર ફોન નં. ૪૪૮ - ૨૩૨૪
૨. શ્રીમતિ વિમળાબેન અમીન અમેરિકા ફોન : (૨૦૧) ૭૩૬-૩૯૬૪
૩. સૌ. મંજાુ કારાણી દુબઈ ફોન નં. ૭૧૪ - ૪૫૪૩૬૧

મુદ્રક : શ્રીયોગિન પરીખ, ન્યુ-ટેક. ફોટો કમ્પોઝર નડીઆદ. ફોન : ૨૪૬૦૬

શ્રીહરિઃ

“॥ कुर्यात् सदा मङ्गलम् ॥”

(લગ્ન-સંસ્કાર)

ગુંફન-ગાથા

વર્ષો વિત્યાં, આ પુસ્તિકા તો લખાઈ ગઈ હતી,- મારા કોઈ સુજન-સ્વજનને ઘેર લગ્ન-મંગલ-પ્રસંગે ! તેમને ભય લાગ્યો,- વેવાઈ વગેરે મોંઘા મનાતા મહેમાનોને માઠું લાગી જવાનો ! ન છપાઈ ! **“ચોપડી છે,- છો પડી !”**- એ ન્યાયે પડી રહી ! અનેક કાર્યોમાં પ્રાયઃ વિસરાઈ ગઈ ! નૈતિક નક્કરતા કે સિદ્ધાન્ત-સન્નિષ્ઠા તો સાધન-સુલભ હોય કે કૃપાલભ્ય હોય !- મનના તરંગો કે વાતોથી નહિ !

ભગવદિચ્છાએ જ **“પુષ્ટિ-પુલિન”**- ગ્રંથના પ્રકાશન પછી આ પાનાં નજરે ચઢ્યાં ! સૌના મંગલ-સંસ્કાર-માર્ગદર્શન- માટે મુદ્રણ-મનોરથ થયો ! ભગવત્કૃપાએ તે સાકાર થયો !

ચારે તરફ, પ્રાયઃ બધાં જ ક્ષેત્રોમાં, વધતી જ નહિ, વકરતી જતી પૈસા-પ્રતિષ્ઠાની સ્વાર્થવૃત્તિએ સદ્ભાવ-સદાચાર-સંયમના સીમાડા ખોરવી નાખ્યા છે ! શાસ્ત્રમાં કહેલાં કલિયુગ-લક્ષણો બધાનું ભક્ષણ કરી રહ્યાં છે ! **“अयं तु युगथर्मो हि वर्तते कस्य दूषणम् । अतस्तु पुण्डरीकाक्षः सहते निकटे स्थितः ॥”**- પાદ્મ-શ્રીભાગવત-માહાત્મ્ય (૧-૭૭). આ તો (કલિ) યુગધર્મ છે ! તેમાં કોનો દોષ છે ? આથી તો કમલ-લોચન (કોમલ-હૃદય) કૃષ્ણ, નિકટમાં રહેલા (હોવા છતાં પણ) સહન કરે છે !

કલિયુગમાં તો કલિ સાથે કૃષ્ણનું યુગલ છે ! તેમાં તો બાહ્યદૃષ્ટિએ કલહ-ક્લેશ જ સર્વત્ર સુલભ છે ! પરંતુ ધીરજ રાખીને, બધાં અનર્થો સહન કરીને, કલહ-ક્લેશના યુગલમાં છૂપાએલા કૃષ્ણને શોધતાં તો સદાનન્દ જ સુલભ થાય છે !

સત્તા-સંપત્તિ-સંમાન-સુખ-શાંતિ-ને શોધનારા સર્વત્ર સુલભ છે, દુર્લભ છે,- કૃષ્ણને શોધનારા ! શ્રુતિયો શોધે છે,- કૃષ્ણને-સ્વસાફલ્ય માટે ! ઋષિયો શોધે છે,- કૃષ્ણને-સ્વમુક્તિ માટે ! સંસારીઓ ક્યારેક શોધે છે,- કૃષ્ણને - પોતાનો ક્ષુદ્ર લૌકિક-પારલૌકિક-સ્વાર્થ સાધવા માટે ! શ્રીગોપીજન શોધે છે,- કૃષ્ણને તત્સુખ માટે ! કૃપા-કલ્પતરુ-કૃષ્ણ તો યથાધિકાર સૌને મળે છે,- ફળે છે ! કૃષ્ણને પ્રસન્ન કરે તેવું- કૃષ્ણને સુખ થાય તેવું- જીવન તો છે,- ભગવદીયોનું ! તેઓ તો ભગવાન્ માટે જ સર્વ કાંઈ સ્વાભાવિક રીતે કરે છે ! તેમનાં તો જન્મ-જીવન-મરણ પણ કૃષ્ણ માટે જ છે ! આવા ભગવદીયો મર્યાદા કે પુષ્ટિમાં હોય, દૈવીજીવો હોય; તેઓ તો પોતાના વર્ણાશ્રમધર્માનુરૂપ જીવતાં, મુખ્યતયા તો વ્રજાધિપ કૃષ્ણની સેવા-કથા-શરણાગતિમાં રત રહે છે. તેમની જીવન-સફલતા-માટે, તેમનાં તન-મન ધર્મોપયોગી-કૃષ્ણોપયોગી થાય માટે, શાસ્ત્રોએ સામાન્યતઃ સોળ-સંસ્કારો દર્શાવ્યા છે. આ સંસ્કાર-શુદ્ધ વ્યક્તિ ભગવત્પ્રીત્યર્થ સ્વકર્મ કરતો, ભગવજ્જ્ઞાન થતાં, ભગવાનને જાણીને મુક્ત થાય કે કૃપાલભ્ય- ભક્તિથી ભગવાનને માણીને લીલારસ-મગ્ન થાય !

આજે તો શાસ્ત્રોક્ત સંસ્કારો પણ સુલભ રહ્યા નથી ! વિધિ કે શુદ્ધિ દુર્લભ છે ! સર્વ ત્રૈવર્ણિકોને બદલે પ્રાયઃ યજ્ઞોપવીત-સંસ્કાર હવે બ્રાહ્મણોમાં કે ક્યાંક ક્ષત્રિય જેવાઓમાં દેખાય છે ! તે પણ પ્રાયઃ જ્ઞાતિ-રિવાજ-રૂપે લાગે છે ! - નામશેષ જેવી દુર્દશા છે ! રૂઢિપ્રાપ્ત જનોઈ પછી પણ સંધ્યા-ગાયત્રી વિધિપૂર્વક નિત્ય કરનારા કેટલા ?!

કાંઈક રહ્યો દેખાય છે,- લગ્ન-સંસ્કાર ! તેમાં પણ સંસ્કારમાં સહકાર દેનારા કેટલા ? સત્કારમાં રાચનારા, રસ્તામાં નાચનારા, ભોજનમાં ભમનારા કેટલા બધા ?! ઘોર ઉપેક્ષા થાય છે,- સંસ્કારોની જ નહિ, પોતાનાં જીવનની !- પોતાનાં અને સંતાનોનાં સુખ-શાંતિની ! "**સમાજ**" આ સમજે, "**સમજ**" - (પશુ-ટોળાં)માં, વિકૃત-અસંસ્કૃત-મનોવૃત્તિથી બદલાઈ ન જાય, માટે સૌ સહૃદયો આવા સંસ્કાર-જાગૃતિના યત્નો કરે છે, પ્રભુ કરાવે છે ! કલિયુગમાં કલહ-કલેશ સાથે પણ છે તો કૃષ્ણ ને ?!

આ "**कुर्यात् सदा मङ्गलम्**"- પણ આવો એક નાનકડો પ્રયાસ છે. "(ભગવાન્ સર્વનું) સદા મંગલ કરો !" - તેવો મંગલાભિલાષ તેમાં છે ! લગ્નમાં ગવાતાં "**મંગલાષ્ટક**"નું છેલ્લું ચરણ, જીવનના આચરણ માટે, અહીં પ્રતિક-રૂપે છે.

સૌ ગૃહસ્થાશ્રમીઓના જીવન-શ્રમ-નિવારણ-માટે "લગ્ન-સંસ્કાર"-દર્શન છે. તેમાં સહભાગી સૌ સદ્ભાગીને સસ્નેહ ભગવત્સ્મરણ ! - મંગલ-કામના !

પ્રૂફ-વાંચનમાં સન્નિષ્ઠ સેવા-સહયોગ માટે મારા સ્વકીય શા પરિવારનાં પુત્રવધૂ ચિ. સૌ. લતા જયેશ પરીખ **(B.A.)** તથા સન્નિષ્ઠ ચિ. બહેન દર્શના જ. કાપડીઆ **(B. Com.)** તથા સન્નિ ચિ. બહેન જયશ્રી ર સોની (પુષ્ટિવિશારદ) ને હાર્દિક મંગલાશીર્વાદ ! સુંદર-શીઘ્ર-મુદ્રણ-વ્યવસ્થા માટે સૌજન્યાસ્પદ શ્રીયોગિનભાઈ પરીખ તથા સૌજન્યપ્રિય શ્રીવિજયભાઈ ને હાર્દિક મંગલકામના ! "વિદ્યાનિધિ"- ટ્રસ્ટ તો આવી સેવાનું સૌભાગ્ય સતત વાંછે છે. તેમાં તન-મન-ધનથી સૌની યોગ્ય સેવા-સસ્નેહ આવકાર્ય છે; કોઈ ફોટા-નામ-વગેરે પ્રલોભન વગર જ આ સેવા સુલભ છે. આમાં કાંઈ અયુક્ત હોય તો ઉદાર-નજરે નિહાળી વિદિત કરવા વિદગ્ધવૃન્દને વિનંતી !

પ્રભુચરણે વિનમ્ર વંદન !

સં. ૨૦૫૧ - જન્માષ્ટમી
તા. ૧૮-૮-૯૫
ઠે. "વ્રજવિહાર"
મોટી પોળ- મોદી સાંથ,
મુ. નડીઆદ (૩૮૭૦૦૧)
ફોન નં. ૫૦૯૦૮

કૃષ્ણકૃપાકાંક્ષી,
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
પ્રભુવંદન.

શ્રીહરિઃ

"सा विद्या तन्मतिर्यया।"

"વિદ્યાનિધિ" ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ નિર્દેશકના અન્ય ગ્રંથ

	ગ્રંથનાં નામ	ન્યોછાવર (ટપાલખર્ચ જાુદું) રૂા.
૧.	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (તૃતીયાવૃત્તિ)	૨૦૦-૦૦
૨	સુમંગલ-નવનીત-સંચય	-
૩.	સુલભ-શાન્તિ	૨-૦૦
૪.	કચલ કલિકાલમાં કલ્યાણ	૧-૦૦
૫.	ત્રિવિધ-નામાવલી	૨-૫૦
૬.	દુઃખ-દયાનું દાન	૧-૫૦
૭.	સુલભ-શાન્તિ (હિન્દી)	૨-૦૦
૮.	જીવન-મંગલ	૨-૦૦
૯.	શ્રીપુરુષોત્તમ-નામ-સહસ્ર-સ્તોત્ર (જાુની આવૃત્તિ)	૪-૦૦
૧૦.	શ્રીપુરુષોત્તમ-નામ-સહસ્ર-સ્તોત્ર (નવી આવૃત્તિ)	૨૫-૦૦
૧૧.	પત્ર-પરિમલ	૮-૦૦
૧૨	વ્રજ-વિહાર	૨૫-૦૦
૧૩.	શ્રીમદ્-ભાગવત-પ્રથમ દૃષ્ટિમેં (હિન્દી)	-
૧૪.	શ્રીમદ્-ભાગવતમાં અદ્ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી)	૧૦૦-૦૦
૧૫.	ગીતા-ગુંજન (હિન્દી)	૭૦-૦૦
૧૬.	પુષ્ટિ-પુલિન	૨૦૦-૦૦
૧૭.	સુલભ-શાન્તિ (નવી) (હિન્દી)	૨૦-૦૦

થનારાં પ્રકાશનો : (૧) સરલ શ્રીભાગવત, (૨) શ્રીભાગવત (શ્રીમહાપ્રભુજી-સંમત પાઠભેદ-યુક્ત), (૩) શ્રીમદ્-ભાગવતાન્વયાર્થ ; બીજાં અનેક

અન્યત્રથી પ્રકાશિત : (૧) શ્રીસ્વામિન્યષ્ટકમ્ , (૨) ગુપ્તરસ, (૩) શ્રીમદ્-ભાગવત-પ્રથમ નજરે, (૪) પુષ્ટિ-માર્ગ, (૫) પુષ્ટિ-મંગલ, (૬) દ્વિજ-દિવ્યતા, (૭) સંગ્રહ-કુંજ

શ્રીહરિઃ

कुर्यात् सदा मङ्गलम्

મંગલ-વિષય-ક્રમ-દર્શન

૧. ગુઞ્જન-ગાથા :..............૩
૨ દિવ્ય-દામ્પત્ય :..............૯
૩. ભારતીય-જીવન-પદ્ધતિ :........૧૦
પુરુષાર્થ-ક્રમ : (૧) કામ,
(૨) અર્થ,
(૩) ધર્મ,
(૪) મોક્ષ :
૪. વર્ણ-વિભાગ :..............૧૧
૫. આશ્રમ-વિભાગ :..............૧૨
૬. બે પેઢીઓ વચ્ચેના ક્લેશનું નિવારણ :..............૧૩
૭. વર્ણાશ્રમધર્મ : શાસ્ત્રોક્ત-સંસ્કાર :..............૧૪
૮. ષોડશ-સંસ્કાર-સ્વરૂપ :..............૧૬
૯. સંસ્કાર-લોકથી નિઃસત્ત્વતા :..............૧૭
૧૦. વિવાહ-સંસ્કાર-વિશિષ્ટતા :..............૧૯
૧૧. વિવાહનો ઉત્તમ-આદર્શ :........૨૧
૧૨ ગરિમા - ગૃહસ્થાશ્રમની :...... ૨૨
૧૩. વિવાહ-સંસ્કાર :.............. ૨૬
૧૪. અત્યારે થતાં લગ્ન-ગાડર પ્રવાહ :..............૨૯
૧૫ વિવાહ-સંબંધ-યોગ્યતા :........૩૧
૧૬. વિવાહ-સંસ્કાર-વિધિ :.......... ૩૩
(૧) વાગ્દાન :.............. ૩૪
(૨) માણેકસ્તંભ : મંડપમુહૂર્ત :.............. ૩૪
(૩) પીઠી અને મીંઢળ :..........૩૫
(૪) કર્માંગભૂત દેવપૂજા :........૩૬
(૫) વરયાત્રા :.............. ૩૬
(૬) કલેઉ (કલવો) :..............૩૭
(૭) જાન અને વરરાજાનું સ્વાગત :..............૩૮
(૮) વરરાજાનું પોકણું :............૩૮
(૯) મામેરું-મોસાળું :............ ૪૩
(૧૦) (દિગ્-રક્ષણ કલશાર્ચન, શ્રીગણપતિ-પૂજન) મધુપર્ક :.............. ૪૪
(૧૧) કન્યાદાન :.............. ૪૭
(૧૨) મંગલ-મનઃકામના :...... ૪૭

(૧૩) વરણ-માલર્પણ :
વસ્ત્ર-ગ્રંથિ-બંધન
(છેડાગાંઠણ) :............૫૫
(૧૪) વિવાહ-હોમ :............૫૭
(૧૫) પાણિ-ગ્રહણ :............૫૭
(૧૬) અશ્મા (શિલા) રોહણ :...૫૮
(૧૭) મંગલ-પરિક્રમા (ફેરા) :..૫૮
(૧૮) મંત્રાશય :..................૫૯
(૧૯) સપ્તપદી :..................૫૯
(૨૦) માર્જન :......................૬૩
(૨૧) હૃદય-સ્પર્શ :..................૬૩
(૨૨) સૂર્ય કે ધ્રુવ-દર્શન :..........૬૩
(૨૩) મસ્તક-સ્પર્શ :
સિંદુર-સિંચન :............૬૩
(૨૪) અન્નપ્રાશન :............૬૩
(૨૫) આશીર્વાદ :..................૬૪
(૨૬) ચતુર્થીકર્મ :....................૬૪
(૨૭) વર-કન્યાના લગ્ન પછી વ્રત :..........૬૪
૧૭. મા-(ય)-માટલું :..................૬૪
૧૮. કન્યાવિદાય :........................૬૫
૧૯. શ્રીગણેશ પાસે એકી-બેકીની રમત :............૬૫
૨૦. મધુરજની, જીવનમંગલ :........૬૬
૨૧. વર-વધુના દિવ્ય-દામ્પત્યથી જીવન-મંગલના ઉપાયો :........૬૮

*

શ્રીહરિઃ

॥ कुर्यात् सदा मङ्गलम् ॥

(લગ્ન-સંસ્કાર)

"स वै नैव रेमे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् स हैतावानास यथा स्त्रीपुमाँसौ सम्परिष्वक्तौ स इममेवात्मानं द्वेधा पातयत्ततः पतिश्च पत्नी चाभवतां तस्मादिदमर्धबृगलमिव स्व इति ह स्माह याज्ञवल्क्यस्तस्मादयमाकाशः स्त्रिया पूर्यत एव तां समभवत्ततो मनुष्या अजायन्त ॥"

– बृहदारण्यकोपनिषत् (१–४–३).

૧. દિવ્ય-દામ્પત્ય :

વેદ વદે છે,- તે (પ્રજાપતિ) ભગવાન્ ન જ રમ્યા, તેથી એકાકિ- પુરુષ નથી રમતો, એકલાને આનંદ નથી આવતો. તેણે બીજાની ઈચ્છા કરી. તે આટલા - પરિમાણવાળા થયા. જે રીતે પરસ્પર આલિંગિત સ્ત્રી-પુરુષ હોય તેમ, તેમણે આ જ પોતાને (દેહને) બે પ્રકારે (બે ભાગમાં) વિભક્ત કર્યો. તેનાથી પતિ અને પત્ની થયાં, તેથી આ શરીર પોતાનું અર્ધબૃગલ (કઠોળ-દ્વિદલ-ના એક દલ)ની સમાન (જેવું) છે,- એમ યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું. તે કારણથી આ (પુરુષાર્ધ) આકાશ સ્ત્રી વડે પૂર્ણ થાય છે જ. તે આ સ્ત્રી-સંયુક્ત થયા, તેથી મનુષ્યો ઉત્પન્ન થયા.

આમ, દિવ્ય-દામ્પત્ય વેદે વર્ણવ્યું. સૌ પ્રથમ પતિ અને પત્ની-રૂપે પ્રભુ પોતે જ પરિણામ પામ્યા. પુરુષ અધૂરો, સ્ત્રીથી થાય પૂરો,- મધુરો ! "મધુરા" - શ્રીરાધાજી ! તેમના અધિપતિ, - ભગવાન્-શ્રીકૃષ્ણ ! તેથી તે થયા,- "મધુરાધિપતિ !" નિત્ય-યુગલ-રૂપ છે,- આ રાધા-કૃષ્ણ !-

લક્ષ્મી-નારાયણ ! - સીતા-રામ ! - પાર્વતી-શંકર ! આ નિત્ય-દિવ્ય-દામ્પત્ય દિવ્યતા દે છે,- દુનીઆને ! તેના જ પ્રતીક-રૂપે, દુનીઆમાં દિવ્યતાના અનુભવ માટે, દામ્પત્ય છે,- લગ્ન-જીવન છે,- ગૃહસ્થાશ્રમ છે. દુનીઆમાં દુઃખ છે, દુઃખી પણ છે; અને સુખ છે, સુખી પણ છે. તે સૌને દિવ્યતાથી ભરી દે છે,- **દામ્પત્ય ! - ગૃહસ્થાશ્રમ ! "આશ્રમ"**- એ ભારતીય-જીવન-પદ્ધતિ છે.

૨. ભારતીય-જીવન-પદ્ધતિ : ચાર પુરુષાર્થ-ક્રમ :

ભારતીય દિવ્યદૃષ્ટાઓ છે,- ઋષિયો ! તેમણે સર્વ-માનવોને દુઃખમાંથી છૂટવાના અને સુખ પ્રાપ્ત કરવાના ઉપાયો બતાવ્યા છે. તે ઉપાયો અમોઘ છે,- સરલ છે,- સફલ છે. દુઃખમાંથી છૂટવાના ઉપાય બે,- ૧. **ધર્મ**, અને ૨. **અર્થ**. સુખનો અનુભવ દેતા ઉપાય બે,- ૧. **કામ**, અને ૨. **મોક્ષ** ! આમ, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ, આ ચાર કહેવાય છે,- પુરુષાર્થ ! પુરુષનાં જીવનનું પ્રયોજન પુરુષાર્થ કહેવાય છે. જીવન વ્યર્થ વેડફી દેવા માટે નથી, સ્પષ્ટ તેનું પ્રયોજન છે, તેનો સાધન-ક્રમ પણ સ્પષ્ટ છે.

૧. કામ - શરીર ટકાવવામાં કારણ-રૂપ આહારના સમાન ધર્મવાળો કામ છે. જીવન ટકાવતા યોગ્ય આહાર-વિહાર તે કામ-પુરુષાર્થ છે.

૨. અર્થ- શરીરને અનુકૂલ યોગ્ય આહાર-વિહારથી ટકેલું જીવન તે અર્થ-પુરુષાર્થ છે.

૩. ધર્મ - યોગ્ય આહાર-વિહારથી ટકેલા જીવનનો કલ્યાણમાં સદુપયોગ, વેદોક્ત-ઉન્નત-પ્રયોજનમાં અનુકૂલ જીવનપદ્ધતિ, તે ધર્મ-પુરુષાર્થ છે.

૪. મોક્ષ - કલ્યાણના પ્રયત્નોથી, વેદાનુકૂલ

જીવન-પદ્ધતિથી, અહંતા-મમતા-રૂપ સંસાર-બંધનમાંથી મુક્તિ તથા કર્મબંધન-રૂપ શરીર-સંબંધ (જન્મ-મરણ)માંથી છૂટકારો, તે મોક્ષ-પુરુષાર્થ છે, આમ, શરીર ટકાવતા કામથી જીવન-રૂપ **અર્થ**, જીવન-રૂપ અર્થથી કલ્યાણ-રૂપ **ધર્મ** અને ધર્મથી બંધનમુક્તિ-રૂપ **મોક્ષ** ! - આવો ક્રમ શ્રીભાગવતજીમાં છે.

પ્રાણી-માત્રની પ્રવૃત્તિ છે,- દુઃખ દૂર કરીને સુખ મેળવવાની ! જાણ્યે કે અજાણ્યે, યોગ્ય કે અયોગ્ય રીતે, સૌ પોતાની પરિસ્થિતિ-બુદ્ધિ-પ્રમાણે, તે માટે પ્રયાસ કર્યા કરે છે. ભારતીય દૃષ્ટા-ઋષિયોએ તેનાં ચાર સાધન બતાવ્યાં,- કામથી અર્થ, અર્થથી ધર્મ અને ધર્મથી મોક્ષ, તેને સરલરીતે, સફલ કરે તેમ, જીવનમાં વણી લેવા માટેની પદ્ધતિ દર્શાવી,- તે છે,- **વર્ણાશ્રમધર્મ** !

૩. વર્ણ-વિભાગ :

ભગવાને ચાર વર્ણ ગુણ-કર્મના વિભાગથી સર્જ્યા છે. વિરાટ્ ભગવાનના મુખમાંથી બ્રાહ્મણ થયા. સમાજને સદુપદેશથી સન્માર્ગે દોરીને સુખ-શાંતિ તે સુલભ કરી દે છે. બ્રાહ્મણ-માબાપના પુત્રના યોગ્ય સંસ્કાર અને આચારથી, તેનામાં ભગવદિચ્છાથી બ્રહ્મણ્ય-દેવતા પ્રકટે,- રહે, તે **બ્રાહ્મણ** ગણાય. અનાચાર-શાપ વગેરેથી તે બ્રહ્મણ્ય-દેવતા ચાલી જતાં તે બ્રાહ્મણ ન ગણાય. વિરાટ્ પ્રભુના બાહુમાંથી ક્ષત્રિય થયા. સમાજની સુરક્ષા તનુ કાર્ય છે. યોગ્ય સંસ્કાર અને આચારથી ક્ષત્રિય-દેવતાના પ્રાકટ્યથી **ક્ષત્રિય**-વર્ણ ગણાય. ભગવાન્ વિશ્વાત્માના ઊરુમાંથી **વૈશ્ય** થયા. સમાજના સુખ માટે દ્રવ્ય કમાવુ-સાચવવુ-વધારવું-વાપરવું-તેનો ધર્મ છે. વિરાટ્ના ચરણમાંથી **શૂદ્ર** થયા. સૌની સેવા તેનો સ્વધર્મ છે. બધા જ ધર્મ છેવટે સેવામાં સમાઈ જતા હોવાથી, આ શૂદ્ર તો મહાન્

છે. વેદાન્તમાં શોક કરનારને પણ શૂદ્ર તો કહ્યો છે ! તે તો મનની સ્થિતિથી સામાન્ય છે. ચારે વર્ણ સમાજ-પુરુષ-નાં અભિન્ન-અંગ છે. શરીરમાં મો-હાથ-ઊરુ-પગ પોતાના યોગ્ય સ્થાને રહીને, યોગ્ય રીતે પોત-પોતાનું કાર્ય કર્યે જાય, તો શરીરનું-સમાજપુરુષનું-જીવંન-કાર્ય સરલ થાય, નહિ તો બધું છિન્ન-ભિન્ન થઈ જાય. સૌના સંકલનથી જ સુખ-શાંતિ મળે. જેનામાં જે ગુણ-કર્મ દેખાય,- તે તેનો વર્ણ ગણાય.

૪. આશ્રમ-વિભાગ :

આમ, વર્ણ-ધર્મ શરીર-સંસ્કાર-સદાચારનો સુમેળ છે. પુનઃ, તેનો સામાન્યતઃ વયો-વિભાગથી કે મનઃ-સ્થિતિથી યથાધિકાર ઋષિયોએ બતાવેલો ધર્મ-આચાર-તે **આશ્રમ** છે. દુઃખ-નિવૃત્તિ અને સુખ-પ્રવૃત્તિ-પ્રવૃદ્ધિ-માટે સમજ અને સંયોગો પ્રમાણે માનવ મથે છે. મથામણમાં મુશ્કેલી- મૂંઝવણ તો સ્વાભાવિક હોય. તેમાં તો કઠિન કાર્ય-ક્રમ, તેનો શ્રમ અને તેથી ભ્રમ પણ સંભવે છે. આ જીવનના ક્રમ-ભ્રમ-શ્રમમાંથી બચાવે છે,- **આશ્રમ !** ચારે તરફનો શ્રમ પણ,- **આશ્રમ !** તે શ્રમ તો જીવન-વિવેક વગરની વ્યક્તિને અનુભવાય છે ! શાસ્ત્ર સમજીને વિવેકથી જીવે તેનો શ્રમ હળવો કરે,- ઓછો કરે,- દૂર કરે,- તે **આશ્રમ !** ભારતીય જીવનદૃષ્ટા ઋષિયોએ માનવ-જીવનનાં સામાન્યતઃ ગણાતાં સો વર્ષોનો વ્યવસ્થિત વિભાગ જીવન-વિકાસ માટે કર્યો છે. **૧. બ્રહ્મચર્યાશ્રમ** - જેમાં વિદ્યાધ્યયનનો ગુરુકુલ-પરંપરાથી વ્યવસ્થિત પ્રયાસ થાય,- યજ્ઞોપવીત-સંસ્કારથી આરંભીને પચીસ વર્ષ સુધી; **૨. ગૃહસ્થાશ્રમ**-વિદ્યાધ્યયન પછી શાસ્ત્ર-સિદ્ધાન્ત અને પોતાના આદર્શોનો અમલ કરતાં સર્વોપયોગી-દિવ્ય-દામ્પત્ય-જીવન ! તે તો જીવન-વિકાસ અને પ્રભુ-પ્રેમ-પ્રકાશનો સુમેળ સાધવાના સતત-સન્નિષ્ઠ-પ્રયત્નોની પ્રકૃષ્ટ પરંપરા છે !- યોગ્ય કન્યા સાથે લગ્ન પછી પચાસ વર્ષની વય સુધી; **૩. વાનપ્રસ્થાશ્રમ**- યોગ્ય ગૃહ-નિવાસથી સમાજને સુયોગ્ય સંતાન સોંપીને, સ્વસ્થ-શાંત-સ્વાશ્રયી-સંઘર્ષરહિત-જીવન માટે સંતાનોએ આપેલા એકાંત-વાસમાં આત્મકલ્યાણ માટેના યથાશક્ય પ્રયત્નો કરવાના છે. તે છે, પંચોતેર વર્ષ સુધી પત્ની સાથે વનમાં વસીને, વ્યવહાર-વ્યવસાય છોડીને, યથાધિકાર પ્રભુનું ભજન ! **૪. સંન્યસ્તાશ્રમ** - તેમાં વાનપ્રસ્થ પછી બ્રાહ્મણ મોક્ષ-માટે સંગ-પ્રસંગના પાશમાંથી છૂટવા સર્વ-ત્યાગથી એકાકિ—નિઃસંગ-સર્વહિતપ્રદ-જીવન માટેના પ્રયત્નો કરે, દંડાદિ ધારણ કરે, દેહત્યાગ સુધી બધાથી નિર્લેપ-નિર્મલ-નિર્ભય રહે. (શાસ્ત્ર) જ્ઞાન-પૂર્વક કે જ્ઞાન માટે વૈરાગ્યથી ગૃહત્યાગ કે ભગવદ્-વિરહાનુભવ માટે ગૃહત્યાગ !

૫. બે પેઢીઓ વચ્ચેના ક્લેશનું નિવારણ :

આશ્રમધર્મ-પાલન :

આમ, આ ચાર આશ્રમના આચારથી બે પેઢીઓનો પરસ્પરનો વિચાર-આચારના અંતરનો ક્લેશ લેશ પણ ક્યારેય ન સંભવે. પુત્ર ગુરુકુલમાંથી બ્રહ્મચર્ય-વ્રત પૂરું કરીને આવે, વિવાહ કરે, થોડા સમયમાં પિતા વાનપ્રસ્થ લઈને વિદાય થાય ! પુત્ર તેના સંસ્કાર-આદર્શ-સંયોગો પ્રમાણે સ્વતંત્ર જીવી શકે; મા-બાપ યથા સંભવ તેને, સહાય-રૂપ થાય, શાંત-સ્વતંત્ર રીતે તે પણ જીવે ! તેમાં અસહિષ્ણુતા-અહંતા-મમતા-સ્વાર્થ-સંપર્ક-વગેરેથી સંઘર્ષ ન થાય. સૌનો આશ્રમ-ધર્મ સૌને તનથી જાુદાં છતાં મનથી તો એક રાખે ! નહિ તો, આજે તનથી ભેગાં છતાં મનથી જાુદાં જીવાય છે,- ક્લેશ થાય છે; છેવટે કડવાશથી સહવાસ છૂટે છે,- તે

સ્વભાવિક બને છે. ભારતીય-સંસ્કૃતિની શરમ-રૂપ, છતાં જમાનાની જરૂરીઆત જેવાં, **અશક્ત-વૃદ્ધ-આશ્રમોમાં** છેવટે જવું પડે છે !- મૂકવાં પડે છે ! મનથી મરતાં, પરાણે જલતાં, જીવાય છે. ભારતમાં તો વેદ વદે છે,- "मातृदेवो भव। पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव ।"- તૈત્તિરીયોપનિષત્ (૧-૧૧-૨).

કદાચ, મતભેદ હોવા છતાં પણ, **"જેને માટે પિતા- માતા-આચાર્ય-અતિથિ-દેવ છે,- તેવો તું (સંયમી-સહનશીલ-સંમાનપ્રદ-સદાચારી) થા,"** - આ જીવનમર્મ આચાર્ય તેના અંતેવાસીને વિદાય દેતાં સમજાવે છે. દેવનો જેમ આદર થાય, તેમ આ પૂજ્ય-જનોનો સમાદર જીવનની ઉન્નત સોપાન-પરંપરા છે. વિજયિ-સમ્રાટ યુધિષ્ઠિરજી પ્રાણ લેવા મથનાર ઢોંગી ધૃતરાષ્ટ્રને પણ પિતા ગણીને પ્રણામ રોજ કરે છે !- પહેલાં પ્રણામ કરીને પછી જ પોતાનો નિત્યક્રમ કરે છે ! પ્રાણ લેવા મથનાર પિતા પણ પાવન થાય, તેમ શ્રીનૃસિંહજી પાસે પ્રહ્લાદજી માગે છે ! ભગવાન્ શ્રીકૃષ્ણ, પિતામહ થવા છતાં પણ, પોતાનાં મા-બાપને નમ્રતાથી નમે છે ! આ છે,- ભારતીય-જીવન-પદ્ધતિની સ્વાભાવિકતા !

૬. વર્ણાશ્રમધર્મ : શાસ્ત્રોક્ત-સંસ્કાર :

આમ, આ વર્ણાશ્રમધર્મ તો ભારતીય જીવનપદ્ધતિ છે; જેનાથી દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રવૃત્તિ-પ્રવૃદ્ધિ સૌ યથાધિકાર આચારથી, જીવન-વ્યવહારથી, અનુભવે છે. વર્ણાશ્રમધર્મમાં પ્રાયઃ શરીરનો સંબંધ છે. પ્રાયઃ જન્મ-સંસ્કાર-કર્મથી વર્ણધર્મ અને વયથી યથાધિકાર આશ્રમધર્મ પ્રાપ્ત થાય છે. તેમાં મન-બુદ્ધિ તો સાથે યોજાય છે. જીવનદૃષ્ટા ઋષિયોએ તન-મન યથાર્થ જીવનોપયોગી થાય, સુખ-શાંતિ-સફલતા તેનાથી અનુભવાય, તે માટે અનેક સંસ્કારોથી શુદ્ધિ અને સામર્થ્ય-વૃદ્ધિ બતાવ્યાં છે. બજાર કે ખેતરમાંથી ઘેર લાવેલા ઘઉં સીધા તો ન ખવાય ! - પશુને કદાચ ચાલે, પુરુષને તો નહિ ! તે ઘઉંને ઘેર લાવીને તેને વીણવા, ચાળવા, મોવા, દળવા, લોટ બાંધવો, વણવું, શેકવું, ઘી વગેરે યોગ્ય રીતે તેમાં ઉપયોગમાં લેવાં, વગેરે પ્રક્રિયાઓ પછી તે ઘઉં ઉપયોગી થાય છે. તે તેના સંસ્કાર છે. સંસ્કારમાં દોષનિવૃત્તિ તથા ગુણાધાન બંને પણ હોય છે. તેમ પોતાનાં તન-મન-બુદ્ધિ પોતાના જીવનમાં, સુખ-શાંતિ-સફ્લતામાં, ઉપયોગી થાય તેમ થતી શાસ્ત્રોક્ત-પ્રક્રિયાઓ સંસ્કાર છે, દોષો દૂર કરે, સુંદર બનાવે, સદુપયોગી બનાવે, સર્વોત્તમ બનાવે, સારું કરે,- કરાવે,- તે **સંસ્કાર** છે.

જીવનદૃષ્ટા ઋષિયોએ બતાવેલા આવા મુખ્યત્વે સોળ સંસ્કારો પ્રસિદ્ધ છે. ભારતીય સંસ્કૃતિની આવી અનેક વિશિષ્ટતાઓ છે. આ વેદસંમત સંસ્કારો, જન્મથી મરણ પર્યંત, શુદ્ધિ કરીને શાંતિ આપે છે. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પદાર્થો પ્રાકૃત કહેવાય છે. પ્રાકૃત-પદાર્થોને સુંદર-ઉત્તમ-શુદ્ધ-નિર્દોષ-સુયોગ્ય બનાવીને સાનુકૂલ જીવનચર્યા માટે તેને ઉપયોગમાં લેવાની (વૈદિક) પદ્ધતિ પ્રભુ-પ્રેરણાથી મહર્ષિયોએ શોધી છે,- મેળવી છે. તે **"સંસ્કાર"** છે. તેને **"ભાવના"** પણ કહેવાય છે. ઘઉં પ્રાકૃત-પદાર્થ; તેના યોગ્ય સંસ્કારથી રોટલી વગેરે બને; તે રોટલી-વગેરે સંસ્કૃત-પદાર્થ કહેવાય. પ્રાકૃતમાંથી (વૈદિક દ્વારા) સંસ્કૃત કરે, તે **સંસ્કાર** ! આ પ્રાકૃતદેહને, અંદર-બહારથી શુદ્ધ કરીને, તેને ઉત્તમરીતે જીવનોપયોગી-નિર્દોષરીતે ભગવદુપયોગી,- બનાવવાની આ સંસ્કાર- પ્રક્રિયા છે. સઘળા દેશ-સમાજ-ધર્મ-વગેરેમાં પોતપોતાની રીતે કોઈક આવી સંસ્કાર-પ્રક્રિયાઓ દેખાય છે. સૌને પોતાનાં ધર્મશાસ્ત્ર

અને પરંપરાઓ છે. આ બધાનું વ્યવસ્થિત-મૂલ-સ્વરૂપ આર્યોના - આપણા-વૈદિક-સ્માર્ત સોળ સંસ્કારો છે. આ સંસ્કારોથી માનવને અધિકાર કે યોગ્યતા મળે છે. બ્રાહ્મણના પુત્રને યજ્ઞોપવીત-સંસ્કાર પછી જ દ્વિજ-બ્રાહ્મણ-કહેવાય, આ સંસ્કારથી તેને વૈદિક-કર્માદિનો અધિકાર મળે છે. આ સંસ્કાર નૂતનજન્મ-રૂપ છે, તેથી તેને બે વખત જન્મેલો- "દ્વિજ" - કહેવાય છે. પહેલો **દેહ-જન્મ** માતા દ્વારા અને બીજો **દિવ્ય-જન્મ** યથાધિકાર સંસ્કારથી થાય છે. ક્ષત્રિય અને વૈશ્ય-પણ આમ સંસ્કાર પછી "દ્વિજ" કહેવાય છે. આ બધા સંસ્કારો દેહ-ઈન્દ્રિય-અંતઃકરણના દોષો દૂર કરીને, યોગ્ય ગુણોનું સ્થાપન કરે છે; ન્યૂનતાને દૂર કરીને, પૂર્ણતાની પાસે પહોંચાડે છે. ખાણમાંથી નીકળેલા કચરાવાળા સોનાને શુદ્ધ કરીને પછી આભૂષણો બનાવાય છે, રત્નાદિ તેમાં જડાવાય છે, તેમ આ સંસ્કારો તન-મનની શુદ્ધિ કરીને, ગુણોની વૃદ્ધિ કરીને, સાચા-સુયોગ્ય માનવ બનાવે છે, ભારતીય બનાવે છે, હિન્દુ બનાવે છે. જાુદા જાુદા ઋષિયો જાુદા જાુદા સંસ્કારો બતાવે છે. તેમાં વ્યાસજી સોળ માને છે.

૭. ષોડશ-સંસ્કાર-સ્વરૂપ :

૧. ગર્ભાધાન- બીજ અને ક્ષેત્રની શુદ્ધિ થાય, મલિનતા દૂર થાય. સુયોગ્ય સમયે થાય. ૨. **પુંસવન** - પુરુષગર્ભનો લાભ થાય. ગર્ભને ત્રીજે માસે થાય છે. ૩. **સીમન્તોન્નયન**- ગર્ભશુદ્ધિ થાય, બુદ્ધિ-શક્તિ વધે. ગર્ભને છઠ્ઠે કે આઠમે માસે થાય. ૪. **જાતકર્મ** - માતાના ખાન-પાનના દોષોનું નિવારણ થાય; આ પ્રસવ પછી થાય. ૫. **નામકરણ** - આયુષ્ય,- તેજઃ વધે, નામથી વ્યવહાર ચાલે, જનનાશૌચ પૂરું થતાં થાય. ૬. **નિષ્ક્રમણ**- બાલકને સૂર્યદર્શન કરાવાય, લક્ષ્મી-આયુષ્ય

વધે, જન્મથી ચોથે માસે થાય, ૭. **અન્નપ્રાશન**- ગર્ભવાસ-માંથી સંભવતી મલિનતા, ભક્ષણદોષ દૂર થાય. છઠ્ઠે માસે થાય. ૮. **ચૂડાકર્મ**- બલ, આયુષ્ય, તેજઃ વધે. પ્રથમ વાળ લેવડાવવાની પ્રક્રિયા, પહેલા કે ત્રીજા વર્ષે કે પ્રથા પ્રમાણે થાય. ૯. **કર્ણવેધ**- જ્ઞાનતંતુના દોષ ન રહે, આંતરડાંના રોગ-સારણગાંઠ-વગેરે ન થાય, કાનમાં સુવર્ણ પહેરવાથી અનિષ્ટ ન થાય. પ્રાયઃ પાંચમે વર્ષે થાય છે. ૧૦. **યજ્ઞોપવીત**- દ્વિજત્વ મળે, વૈદિક-કર્માધિકાર થાય; બ્રાહ્મણને પાંચમા કે આઠમા વર્ષે, ક્ષત્રિયને અગિયારમા અને વૈશ્યને બારમા વર્ષે થાય. ૧૧. **વેદારંભ**-વેદના અધ્યયનનો આરંભ થાય, જ્ઞાન-સંયમ મળે, ૧૨. **કેશાન્ત-સ્નાન**- વિદ્યાધ્યયનની સમાપ્તિથી સ્નાતક-પદવી મળે. **૧૩. સમાવર્તન**- ગુરુકુલમાંથી પોતાને ઘેર જવાનું , **૧૪. વિવાહ**- યોગ્ય પત્ની-સ્વીકારથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ મળે, પુત્રાદિ-પ્રાપ્ત થાય, પ્રભુપ્રસન્નતા મળે તેવું , ત્રણે આશ્રમોને ઉપકારક, જીવન બને. ૧૫. **આવસથ્યાધાન**- અગ્નિહોત્ર-વાનપ્રસ્થ-વગેરે,- આસક્તિ જાય, **૧૬. શ્રૌતાધાન**- સંન્યસ્ત, **અન્ત્યકર્મ,**- સદ્ગતિ મળે. કેટલાક જાુદી રીતે પણ સંસ્કારોને ગણાવે છે.

૮. સંસ્કાર-લોપથી નિઃસત્ત્વતા :

શ્રીનન્દરાયજી વનમાં વસતા હતા, વૈશ્ય હતા, ગાયો ચરાવતા હતા, છતાં પોતાના પુત્ર-શ્રીકૃષ્ણ-ના સંસ્કારો તો યોગ્યરીતે વિધિપૂર્વક કરાવ્યા છે ! વનમાં-ગામડામાં-રહેતા ભારતીય-પુરુષને પણ આગ્રહ હતો,- પોતાના પુત્રને શાસ્ત્રવિધિ-પૂર્વક સંસ્કારો થાય ! તેમને લોકો ભેગા કરીને ઉત્સવ કે વ્યવહાર કરવાનો દુરાગ્રહ ન હતો ! લોકોની ઘરેડમાં તે ઘસડાઈ ગયા ન હતા ! સંતાન સંસ્કારથી સુશીલ થાય

છે. આજે તો લોકો સમજીને-જાણી જોઈને-પણ કે અજ્ઞાનથી પ્રાયઃ સંસ્કારોની ઉપેક્ષા કરતા કે ટાળતા થઈ ગયા દેખાય છે ! ક્હેવાતા-ભણેલા-સુધરેલા-સમૃદ્ધ-સંસ્કારી (?) - લોકો પણ મોટાઈના મોહમાં ભાન ભૂલીને મહાલે છે ! સંસ્કારો તો પરવડતા નથી કે તેની પરવા નથી ! કદાચ ભાખરીઅું ભણતર વધ્યું , પણ શાંતિ દેતા સંસ્કાર તો જઈ રહ્યા છે ! લગ્નમાં પણ ફોટા-ફિલ્મ-ચ્હાપાણી-ભોજન-મંડપ-સ્વાગત-ગીત-સમારંભ-વગેરેનો વ્યર્થ ભપકો વધ્યો છે. તેમાં સમય-સંપત્તિ-શક્તિ વ્યર્થ વેડફી દેવાય છે. તેમાં સૌને વ્યવહાર-માન-પ્રતિષ્ઠા-મોટાઈ-આવશ્યકતા લાગે છે ! લગ્નવિધિ તો ઝટપટ પતાવી દેવાય છે, તેમાં પણ ફોટાની દખલ ! વિધિને સમજવા-સાચવવા-સાંભળવાનાં સમય-સહિષ્ણુતા પણ દેખાતાં નથી ! મંગલ-વચન-પત્રિકા કોઈ આપે તો તેને વાંચવા-વિચારવા નો વિવેક પણ પ્રાયઃ દેખાતો નથી ! આવી બધી ઉપેક્ષાઓ માત્ર આ સંસ્કારોની-વિધિની-નથી, પણ પોતાનાં સંતાનોનાં સુખ-શાંતિની જ ઉપેક્ષા છે, પરિણામે પ્રજા નિઃસત્ત્વ થતી જતી દેખાય છે, દામ્પત્યમાં પણ દિવ્યતા દેખાતી નથી ! "**दाम्पत्येऽभिरुचिर्हेतुः।**" - દામ્પત્ય-માં કારણ છે- ગમી જવું !- માત્ર અભિરુચિ ! પ્રેમ-લગ્ન થતાં લાગે, હોય છે તો મોહ- લગ્ન ! જ્યાં ગમે ત્યાં ગમન ! "**स्वीकार एव चोद्वाहे**" - વિવાહમાં વિધિ ગૌણ, સ્વીકાર જ પ્રાયઃ કરી લેવાનો-પરસ્પર !- શ્રીભાગવત (૧૨-૨-૩, ૫)માં આ કલિયુગનું લક્ષણ છે. તેમાં છેવટે મળે છે,- ક્લહ-ક્લેશ ! "**दम्पतीनां च कल्कनम् ।**"– (ભાગવત-પદ્મ-પુ. મા.-૧-૩૩). દંપતીઓમાં થાય છે,- કકળાટ ! સંસ્કાર-સદાચાર વગર તો શાંતિ-સુખ ક્યાંથી સંભવે ?!

૯. વિવાહ-સંસ્કાર-વિશિષ્ટતા :

અત્યારે તો બધા જ સંસ્કારો પ્રાયઃ "સાપ ગયા અને લીસોટા રહ્યા"- જેવા, નહિવત્ દેખાય છે. વિવાહમાં લોકો પ્રાયઃ સંસ્કારનો આભાસ જાળવતા દેખાય છે !

ભારતીય જીવનપદ્ધતિમાં, સામાજિક-વ્યવહારમાં, શાસ્ત્રીય-સંસ્કારમાં, વિવાહનું સ્થાન વિશિષ્ટ છે. "**वि + वह् + घञ्**" - વર્ણોમાંથી "**વિવાહ**" - શબ્દ બને છે. "**विशिष्टं वहनम्**"- વિશિષ્ટ વહન, વિશિષ્ટ કર્તવ્યોને ભાવથી નિભાવવાં,- તે **વિવાહ** ! વિવાહ ઐચ્છિક છે, "**वह प्रापणे**" - ધાતુપાઠ છે. વિશિષ્ટ-પ્રાપ્તિ,- તે વિવાહ ! જીવન-કાર્યોમાં ભગવાનની- પ્રેમની-વ્યાપ્તિ તે વિશિષ્ટ-પ્રાપ્તિ ! "**विशेषेण वाहयति, विपरीतं वा वाहयतीति विवाहः ।**" વિજ્ઞને વિશેષ પ્રકારે જીવનની ઉન્નતિ, સમાજસેવા કે પ્રભુસેવાથી પ્રાપ્ત કરાવે; કે અજ્ઞને ભોગ-રોગાદિથી અવનતિ પ્રાપ્ત કરાવે,- તે **વિવાહ** ! ભણતો બ્રહ્મચારી હવે ભજતોં થાય છે,- ભગવાનને ! એકલો હતો તે બેક્લો બને છે ! બંનેના જીવનના આદર્શો-સિદ્ધાન્તો સ્વહિત અને સર્વહિત સાધતા હોય, તે ઉત્તમ છે. પોતાના ધર્મગ્રંથો વિચારીને, જીવનના આદર્શ-માર્ગનો નિર્ણય કર્યા પછી જ, વિવાહની પાત્રતા ગણાય.

પુરાણકથાઓમાં એક વિલક્ષણ વાત વણાએલી પ્રસિદ્ધ છે. ઋષિયો કે રાજાઓ લગ્ન પહેલાં તપઃ કરીને કાંઈક પાત્રતા મેળવી, ઉદાત્ત આદર્શો કેળવી, પછી પરણતા. મહર્ષિ કર્દમે તપઃ કરેલું , પ્રચેતસોએ તપઃ કરેલું. પ્રભુને તેમણે પ્રસન્ન કરેલા, લોકોત્તર સામર્થ્ય-પાત્રતા-સંપન્નતા-મેળવેલાં ! તપઃ એટલે માત્ર વનમાં રહીને, એકાંતમાં સાધના-ઉપાસના-આરાધના કરવી તેટલું જ નથી. "**तप आलोचने**" અને "**तपः**

संतापे" ધાતુપાઠ છે; તેથી તપઃ છે,- (૧) સ્વશાસ્ત્ર-વિચારથી જીવનના ઉદાત્ત આદર્શોનો નિર્ણય, જ્યોતિર્મય જ્વલંત જીવનની, દિવ્ય-રૂપરેખાની, વિચાર-પૂર્વકની તૈયારી; (૨) તે બધા આદર્શો-સિદ્ધાન્તો-ને પોતાના-જીવનમાં સાકાર કરવા માટે સઘળા સંતાપને સહન કરવા, તે માટે કાયાને કસવી, મનને મધુર-મક્કમ-મંગલ બનાવવું , તે પણ તપઃ છે. આજે પ્રાયઃ સૌ યુવક-યુવતી પૂરું ભણી લે, કમાતાં થાય, પછી લગ્ન કરવું યોગ્ય માને છે. આ પેટ ભરવાની-જીવવાની-સામાન્ય જરૂરીઆત છે. પ્રાયઃ ભાખરીઅું ભણતર દેખાય છે, કદાચ હવે તો ભણતર ભાખરી પણ દઈ શકતું નથી ! તેમાં કલ્યાણ કે કૃષ્ણનો તો વિચાર પણ ક્યાંથી સંભવે ?! કમાણીમાં કલ્યાણ કચડાય છે, કૃષ્ણ તો પ્રાયઃ ક્યાંય દેખાતા પણ નથી ! ઈન્દ્રિયોના એશારામ માટે, મન માન્યું મહાલવા માટે, કામનાઓથી કચડાઈને, લોકોના ગાડર-પ્રવાહની પ્રબલતાથી, આદર્શ કે સિદ્ધાન્તો વગર, મા-બાપના ખર્ચે અને જોખમે થતા વિવાહ તો હીનકોટિના પામરોના છે.

વેદમાં વિવાહનો વિલક્ષણ-વિચાર દેખાય છે,- "**प्रजातन्तुं मा व्यवच्छेत्सीः**" - તૈત્તિરીયોપનિષત્ (૧-૧૧-૧).- "પ્રજાતંતુનું છેદન ન કર !" પ્રજાતંતુ ભગવદિચ્છાથી સ્ત્રી-પુરુષના મિથુન (યુગલ)ની સૃષ્ટિ-પરંપરા ચલાવવામાં ઉપયોગી છે. પુત્ર-પરંપરાથી પિતૃઋણમાંથી મુક્ત થવાય છે. વિદ્યા-સંસ્કાર-સમાજ કલ્યાણ-નો વિકાસ તેનાથી ઉત્તરોત્તર થતો રહે. આ શાસ્ત્રીય-આદર્શ મધ્યમકોટિના માનવોનો છે, મરણ-ધર્મવાળા સમરોનો છે.

ઈન્દ્રિયોના એશારામમાંથી, પ્રજાતંતુની પરંપરા ચલાવામાંથી, ઊંચે ઉઠાવીને, પ્રભુ-પ્રેમ-પ્રસન્નતાની પ્રાપ્તિ કરાવે, તે વિવાહ પ્રકૃષ્ટકોટિના અમરોનો છે.

૧૦. વિવાહનો ઉત્તમ-આદર્શ :

"**पुत्रे कृष्णप्रिये रतिः ।**"- (૧૮)- "નિરોધલક્ષણ"- ગ્રંથમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી સુસ્પષ્ટ આ સમજાવે છે. કૃષ્ણને પ્રિય પુત્ર થાય, અથવા, કૃષ્ણ જેને પ્રિય છે તેવો પુત્ર થાય,- તે હેતુથી જ પ્રજાતંતુને ચલવતાં વિવાહ-ગૃહસ્થાશ્રમ-રતિ-ક્રીડા-થાય; અન્ય-ભોગ કે લોક-લાલસાથી નહિ. પોતે, પોતાનો પરિવાર, પોતાનાં પત્ની-પુત્રાદિ પ્રભુ માટે છે, સૌ પ્રભુની સેવા-પ્રસન્નતા-માટે છે, આ સ્પષ્ટ-સર્વોત્તમ-સુદૃઢ આદર્શ આનંદની અનુભૂતિ માટે આવશ્યક છે. તે ન હોય તો આનંદ માટે મથવા છતાં ઉદ્વેગ જ મળે છે. ઉદ્વેગનો વેગ ઘસડી જાય છે. "શિક્ષાપત્ર" માં શ્રીહરિરાયજી સૂચવે છે,- "**भार्यादिष्वनुरागोऽपि सेवाहेतुक एव हि ।**"-(૧-૪). જેનું ભરણ પોષણ કરવાનું આવશ્યક છે,- તે ભાર્યા ! તે પત્ની-પુત્રાદિ-પરિવારમાં પણ પ્રીતિ તો માત્ર પ્રભુસેવાના કારણે જ હોય. સૌ મળીને સેવા કરે તો પ્રભુને શ્રમ ઓછો થાય, સુખ વધુ થાય, સેવાથી સૌ કૃતાર્થ થાય. જીવનની સફલતા, સુખ-શાંતિ-આનંદની યથાર્થ અનુભૂતિ, કાયાદિની કૃતાર્થતા, ભગવાનની સેવામાં છે. જીવન સેવા માટે છે, કુટુંબ સેવા માટે છે, ઘર સેવા માટે છે, કમાવાનું સેવા માટે છે, ભણવાનું સેવા માટે છે, સઘળું સેવા માટે છે. સેવા અને સત્સંગ (કથા) જ જીવન-સફલતા છે; નહિ તો મરણ-નિષ્ફલતા જ છે. જીવ ભગવાનનો અંશ છે, દાસ છે, સેવક છે. સેવા ન કરે તો ઉદાસ થઈને જીવનનો ત્રાસ ભોગવતો કાલનો ગ્રાસ થઈ જાય છે. આમ, વિવાહથી પતિ-પત્ની-રૂપે જોડાઈને, દિવ્ય-દામ્પત્ય-પૂર્વક, જીવનમાં સેવા-સત્સંગ (કથા)ની મુખ્યતાથી, પ્રભુ-પ્રસન્નતા-ની પ્રાપ્તિ થાય, તે વિશિષ્ટ-વહન છે,- વિવાહ

છે ! તેમ ન જીવાય તો, વ્યર્થ જીવનમાં બોજાનું વહન, સંતાપનું સહન અને સ્નેહ-શાંતિનું દહન છે ! વિવાહ કામના દાહમાંથી બચાવે છે, પ્રભુમાં ચાહ કરાવે છે, પોતાનાં સંતાન સ્વધર્મ-સિદ્ધાન્તને સમજે નહિ, જીવનનો આદર્શ નક્કી કરે નહિ, ત્યાં સુધી મા-બાપ વિવાહ કરાવે નહિ, તે હિતાવહ છે.

ગુરુકુલમાં ભણીને સ્નાતક થયેલો બ્રહ્મચારી, વિવાહથી ઘરમાં રહીને, પોતાના ઉચ્ચ આદર્શોને આચારમાં વણી લેતો, પ્રભુને ભજતો, ગૃહસ્થાશ્રમી બને છે.

૧૧. ગરિમા-ગૃહસ્થાશ્રમની :

"यथा नदीनदाः सर्वे सागरे यान्ति संस्थितिम् ।
तथा ह्याश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥"
- મનુસ્મૃતિ (૬-૯૦).

જેમ નદી-નદ વગેરે સઘળાં સાગરમાં સમાઈને સ્થિર થાય છે, તેમ બધા આશ્રમવાળાઓ ગૃહસ્થાશ્રમમાં સ્થિરતાને પ્રાપ્ત કરે છે. ગુરુકુલમાં ભણતા બ્રહ્મચારીને ભિક્ષા-વગેરે ગૃહસ્થાશ્રમી પાસેથી સુલભ થાય છે. વાનપ્રસ્થની વ્યવસ્થા પણ ગૃહસ્થાશ્રમી સંભાળે છે. સંન્યાસીઓની સુવિધાઓ પણ સાચવે છે,- **ગૃહસ્થાશ્રમી** ! સૌનો સંરક્ષક-પોષક- છે,- **ગૃહસ્થાશ્રમી** ! ગૃહસ્થાશ્રમીનાં સંતાન જ ગુરુકુલમાં ભણતા બ્રહ્મચારી છે. ગૃહસ્થાશ્રમી જ વાનપ્રસ્થ સ્વીકારે છે. ગૃહસ્થાશ્રમી સંન્યાસી પણ બને છે. અરે ! ભગવાન્ પણ મનુષ્ય-રૂપે અવતરે છે,- ગૃહસ્થાશ્રમીને ત્યાં ! ગૃહસ્થાશ્રમી તો સમાજને ભગવાન્ પણ આપે છે ! શ્રીનન્દ-યશોદાજી તથા વસુદેવ-દેવકીજી ગૃહસ્થાશ્રમી હતાં, તેમણે સંતપ્ત-દુ:ખી-સમાજને સુખદ શ્રીકૃષ્ણ દીધા ! દશરથ-કૌશલ્યાજી ગૃહસ્થાશ્રમી હતાં, તેમણે રડતા સમાજને રમાડતા રામ

દીધા ! કશ્યપ-અદિતિ ગૃહસ્થાશ્રમી હતાં, તેમણે વિષાદગ્રસ્ત સમાજને વિનોદ દેતા વામનજી દીધા ! સંતો-મહંતો-આચાર્યો-વિરક્તો-ભક્તો-મહાપુરુષો-સાધુજનો-સૌ છેવટે તો સંતાન છે,- ગૃહસ્થાશ્રમીઓનાં ! સૌનાં ઉપદેશ-આદેશ-સંદેશ છેવટે તો છે,- પ્રાયઃ ગૃહસ્થાશ્રમીઓ-માટે ! ગૃહસ્થાશ્રીઓનાં સંતાન માત્ર ઘર ચલાવનારાં, જીવવા મથતાં, જંતુઓ ન હોય; અન્યને જીવાડનારાં જ્વલંત હોય ! ધ્રુવજી, પ્રહ્‌લાદજી, ગોપ-ગોપીજન, મીરાં, નરસિંહ વગેરે પણ ગૃહસ્થાશ્રમીઓનાં સંતાન છે, પોતે પણ ગૃહસ્થાશ્રમી છે !- સમર્થ, સુજ્ઞ, સફલ-જીવન તેમનાં છે. આવા સૌ ગૃહસ્થાશ્રમીઓનાં જીવન તો બ્રહ્મચારી-વાનપ્રસ્થ અને સંન્યાસીઓને-માટે પણ પ્રેરણાપ્રદ છે, માર્ગદર્શક છે, સફલતા-સાધક છે. કમાણી-કાયા-કામિની-કાંચન-કામના-કુટુંબ-ક્લેશમાં કચડાતો જ ગૃહસ્થાશ્રમી નથી; ગૃહસ્થાશ્રમી તો કલ્યાણ-કૈવલ્યને સાકાર કરનારો હોય, કૃષ્ણને પ્રેમથી પ્રકટ-પ્રસન્ન-કરી દેનારો હોય ! આ છે,- ગરિમા-ગૃહસ્થાશ્રમની ! તે વગર તો ગરીબડો છે,- સમાજ ! દુઃખી છે,- દુનીઆ ! ભૂમિની ભવ્યતા છે,- **ગૃહસ્થાશ્રમ** ! ભારતની ભદ્રતા છે,- **ગૃહસ્થાશ્રમ** ! દામ્પત્યની દિવ્યતા છે,- **ગૃહસ્થાશ્રમ** ! પ્રભુની પ્રસન્નતા છે-**ગૃહસ્થાશ્રમ** ! ઔષનિષત્કાલના ઋષિયો પણ ગૃહસ્થાશ્રમી દેખાય છે ! સૂક્તિ સુપ્રસિદ્ધ છે- **"धन्यो गृहस्थाश्रमः ।"** - ધન્ય છે,- **ગૃહસ્થાશ્રમ** !

શ્રીભાગવતે તો ગૃહસ્થાશ્રમની ઉપકારકતા બતાવી છે,-

"यः षद्सपत्नान् विजिगीषमाणो
गृहेषु निर्विश्य यतेत पूर्वम् ।
अत्येति दुर्गाश्रित ऊर्जितारीन्
क्षीणेषु कामं विचरेद्विपश्चित् ॥ -(૫-૧-૧૮).

કામ-ક્રોધ-લોભ-મોહ-મદ અને મત્સર (અદેખાઈ) આ છ સૌના શત્રુઓ છે. બહારના શત્રુઓ તો ઓળખાય. આ તો અંદરના શત્રુ છે. સાથે-મનમાં-જ રહે, છતાં ઓળખાય. નહિ ! પ્રાયઃ કોઈ જ તેને કાઢવા-મારવા-પ્રયત્ન કરે છે; બાકી સૌ તો તેનો બચાવ કરતા રહે છે ! જે આ છ શત્રુઓને જિતવા ઈચ્છે છે, તે પહેલાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે,- ગૃહસ્થ બને ! જેમ કિલ્લામાં સુરક્ષિત રહેલો રાજા સમર્થ શત્રુને જિતે છે, પછી યથેચ્છ જીવે છે; તેમ સુજ્ઞે આ છ-શત્રુઓ ક્ષીણ થતાં યથેચ્છ વિહરવું. તે છ શત્રુ ન જિતાય ત્યાં સુધી તો ગૃહસ્થાશ્રમી રહેવું. ગૃહસ્થાશ્રમીએ આ શત્રુને જિતવા. સાનુકૂલ જીવવાનો સરલ-સફલ-ઉપાય છે,- **ગૃહસ્થાશ્રમ !**

“भयं प्रमत्तस्य वनेष्वपि स्याद्–
यतः स आस्ते सहणट्सपत्नः ।
जितेन्द्रियस्यात्मरतेर्बुधस्य
गृहाश्रमः किं नु करोत्यवद्यम् ॥
- શ્રીભાગવતજી (૫-૧-૧૭).

ગાફેલ જીવનારને ભય તો વનમાં-યૌવનમાં-જીવનમાં-મધુવનમાં-વૃન્દાવનમાં પણ સંભવે છે !- કારણ તેમાં રહેતો માનવ એકલો નથી ! તેની સાથે તેના છ શત્રુઓ રહેલા જ છે. કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર તો છ શત્રુઓ છે જ; પરંતુ પોતાનું મન અને પાંચ જ્ઞાનેન્દ્રિય કે પાંચ કર્મેન્દ્રિય પણ સંયમરહિત હોય તો પોતાનાં શત્રુ જ છે. જીવન-ધનનો તે નાશ કરી દે છે. બ્રહ્મચારી-વાનપ્રસ્થ કે સંન્યાસી પણ આમાંથી બધા ક્યાં છૂટી શકે છે ? સમર્થ શત્રુઓ છે,- છ સૌના તે ! પરંતુ જે જિતેન્દ્રિય છે, આત્મારામ (પ્રભુ-પ્રીતિ-પરાયણ) છે, શાસ્ત્ર-સમજવાળો વિવેકી છે, તેનું ગૃહસ્થાશ્રમ શું અહિત કરે છે ? - કાંઈ જ નહિ ! ગૃહસ્થાશ્રમથી ડરીને, ડગીને, દુભાઈને,- ગભરાઈને, દોષબુદ્ધિથી-અજ્ઞાનથી-ભાગી જનારા-બાવા બનનારા, સાધુ કહેવડાનારા, સંન્યાસીનો વેષમાત્ર ઘરનારા, તો દયાપાત્ર છે ! ઘરનાં બંધન છોડવા-તોડવા જતાં આશ્રમનાં શ્રમબંધન ક્યાં ઓછાં ઉભાં કરી દેવાય છે ?! ઘર કે આશ્રમ-મઠ-મંદિર પણ બંધન જ છે; રાગદ્વેષ જાય નહિ, પ્રભુ ભજાય નહિ, પ્રભુના બનાય નહિ, - ત્યાં સુધી તો આ બધાં બંધન જ છે.

“तावद् रागादयः स्तेनास्तावत् कारागृहं गृहम् ।
तावन्मोहोऽङ्घ्रिनिगडो यावत्कृष्ण न ते जनाः ॥”
- શ્રીભાગવત (૧૦-૧૪-૩૬).

હે કૃષ્ણ ! લોકો જ્યાં સુધી તમારા ન બને ત્યાં સુધી રાગદ્વેષ-વગેરે ચોર છે, ઘર કેદખાનું છે, મોહ પગની બેડી છે. પોતાનામાં રહેલા રાગ-દ્વેષ ચોર છે, બંધન તેથી મળે છે. તે બંધન છે,- પોતાના જ ઘરનું ! ઘર જેલ, પોતે જેલર ! પોતાના હાથે જ ઘર બાંધીને બંધાવાનું ઘર સાથે ! પછી ઘર ન છૂટે ! તેની કેદ ન છૂટે ! કેદ છતાં, ક્લેશ લાગવા છતાં, છૂટવા ક્યારેક ઈચ્છવા-મથવા- છતાં, છૂટાય નહિ ! મોહની મજબૂત બેડી ક્યાંય ન જવા દે, ન કાંઈ કરવા દે ! તે જ કેદખાના જેવા ઘરમાં કૃષ્ણ પધારે, તો બંધન ન રહે ! કંસના કેદખાનામાં કૃષ્ણ પ્રકટ્યા, વસુદેવ-દેવકીજીનાં બંધન સ્વતઃ શીઘ્ર છૂટી ગયાં ! બંને કૃષ્ણનાં (મા-બાપ) બની ગયાં ને ?!- તેમ, ગૃહસ્થાશ્રમીના ઘરમાં ગોવિંદ પધારે,- ગોવિંદનું ગાન થાય, શ્યામની સેવા થાય,- પ્રભુનો પ્રેમ પ્રસરે, ગૃહસ્થ ઘરનો-ઘરનાંનો- ન રહે, કૃષ્ણનો બની જાય; તેટલા માત્રથી

કલ્યાણ થઈ જાય, કૃતાર્થ થઈ જાય, સફ્લ બની જાય ! ગૃહસ્થાશ્રમમાં જ ભગવાનને પણ મા-બાપ મળે !! - વાત્સલ્ય મળે !- વિભુ છતાં વશ થઈ જાય ! કૃષ્ણનો બને તે કચડાય નહિ, ક્લેશ લેશ ન પામે, કૃતાર્થ બને ! કૃષ્ણનો બને તેને ઘરનાં બંધન ન રહે ! તેનું ઘર તો ભગવદ્ધામ-વ્યાપિવૈકુંઠ-વ્રજ- નંદાલય- જેવું પાવન બની જાય ! ભગવદ્ધામમાં પણ ભગવાન્ રમતા કદાચ ન જડે, તે તો ગૃહસ્થાશ્રમીના ઘરમાં બાલકની જેમ રમતા-જમતા-ભમતા-નાચતા-કૂદતા મળી જાય ! ભગવાનને,- તેમની સેવા-કથાને,- તેમના આનંદને, મેળવ્યા પછી મેળવવાનું કાંઈ બાકી ન રહી જાય ! બન્યું હતું ,- આ બધું ,- નન્દ-યશોદાજી અને દશરથ-કૌશલ્યાજીના ગૃહસ્થાશ્રમમાં ! બની શકે છે,- આજે પણ આ !- પ્રભુકૃપાથી પ્રભુ-પ્રસન્નતા-પ્રાપ્તિના ધ્યેયથી થતા ગૃહસ્થાશ્રમમાં ! તે જ છે,- યથાર્થ-વિવાહ ! વિશિષ્ટ- વહન ! વિશિષ્ટ-પ્રાપ્તિ ! તે માટે છે,- **વિવાહ-સંસ્કાર** !

૧૨. વિવાહ-સંસ્કાર :

લગ્ન : પાણિગ્રહણ : ઉદ્વાહ-પ્રકાર :

વિવાહ-સંસ્કારથી ગૃહસ્થાશ્રમ આરંભાય છે. વિવાહ-સંસ્કાર ગૃહસ્થાશ્રમનો પાયો છે. સંસ્કાર-વિધિ-વગરનાં લગ્ન, કોર્ટ વગેરેમાં નોંધાવી દીધેલાં-વગેરે પ્રકારનાં, તો સ્વચ્છન્દ માત્ર છે. પરસ્પર જોયાં અને મોહ્યાં, તે તો છેવટે રોયાં છે, તેમણે સુખ-શાંતિ ખોયાં છે. કન્યાને અનેક લોકો જોવા જાય. વર-કન્યા પરસ્પર મળે. સાનુકૂલતા વિચારે. આને **"Inter-view"** કહે છે, હોય છે તો,- તેમાં પ્રાયઃ **Outer–view** ! પ્રથા તો વ્યથા પણ કરાવે ! શાસ્ત્ર-

વિધિ-વિધાન-સહિત અને અનર્થ-રહિત હોય,- તે ધર્મ ! તે સિવાયનો તો અધર્મ છે. ધર્મશાસ્ત્રમાં આઠ પ્રકારના વિવાહ વર્ણવેલા છે.

> **"ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।**
> **गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥"**
> -मनुस्मृति - (३-२१).

૧. **બ્રાહ્મ-** બ્રાહ્મણની જેમ થતો વિવાહ બ્રાહ્મ કહેવાય છે. તેમાં સદ્વિદ્યા-સદાચાર-સંપન્ન વરને બોલાવીને, વર-કન્યાને વસ્ત્રાલંકાર વગેરેથી પૂજીને, કન્યાનું દાન કરવામાં આવે છે.

૨. **દૈવ-** વિધિપૂર્વક યજ્ઞાનુષ્ઠાન ચાલતું હોય તેમાં વસ્ત્રાભૂષણથી અલંકૃત કન્યાનું સુયોગ્ય વરને દાન થાય, તે વિવાહ દૈવ કહેવાય છે.

૩. **આર્ષ** - યજ્ઞાદિ-ધર્મ-સિદ્ધિ માટે જ, (મૂલ્ય-રૂપે નહિ), એક કે બે ગો-યુગલ લઈને વરને વિધિપૂર્વક કન્યાદાન દેવાય, તે આર્ષ-વિવાહ છે.

૪. **પ્રાજાપત્ય-** ધર્માચરણ માટે વચન લઈને વિધિપૂર્વક કન્યાદાન થાય, તે પ્રજાપત્ય-વિવાહ છે.

૫. **આસુર-** કન્યાનાં સ્વજનોને તથા કન્યાને યથાશક્તિ દ્રવ્ય દઈને કન્યાનો સ્વીકાર સ્વેચ્છાથી થાય, તે વિવાહ આસુર છે.

૬. **ગાન્ધર્વ-** સ્વેચ્છાથી વર-કન્યાનો પરસ્પરનો સ્વીકાર, તે ગાંધર્વ-વિવાહ છે.

૭. **રાક્ષસ-** પરાક્રમપૂર્વક (બલાત્કારથી) કન્યાને હરીને લઈ જવાય, તે વિવાહ-રાક્ષસ કહેવાય છે.

૮. **પૈશાચ-** ઊંઘતી, (દારૂ વગેરેથી ભાનરહિત)-મત્ત, પ્રમત્ત

(ગાંડી-બેભાન) કન્યાનો એકાંતમાં અત્યાચારથી સ્વીકાર, તે પૈશાચ-વિવાહ કહેવાય છે.

બ્રાહ્મણ માટે પહેલા ચાર, ક્ષત્રિય માટે રાક્ષસ; અને વૈશ્ય-શૂદ્ર-માટે આસુર-વિવાહને પ્રશસ્ત ગણ્યા છે. પૈશાચ તો હીન છે. બ્રાહ્મણ ઉત્તમ છે. દૈવ-પ્રાજાપત્ય મધ્યમ છે. આર્ષ-આસુર-ગાન્ધર્વ-રાક્ષસ-પૈશાચ સૌને માટે યોગ્ય નથી.

વર-કન્યા યોગ્ય સંસ્કાર-પૂર્વક જીવન-યાત્રાની સફલતા માટે પરસ્પર જોડાય છે, સહયોગ કરે છે, તે **લગ્ન** છે. વિજ્ઞ લગ્નમાં પ્રભુસંબંધ કરીને પ્રસન્નતા માણે છે. અજ્ઞ તો લગ્નથી ભોગવૃત્તિ-વૃદ્ધિથી મગ્ન બનીને છેવટે ભગ્ન બને છે. દુર્જ્ઞ તો દુરાચારથી દુઃખી જ થાય છે. વર કન્યાના હસ્ત (પાણિ)નું ગ્રહણ, તેના ભરણ-પોષણ-રક્ષણાદિની જવાબદારી સાથે કરે છે, તેથી તે **પાણિગ્રહણ** પણ કહેવાય છે. ઉત્તમ-ઉન્નત–રીતે જીવનની જવાબદારીઓના વહનથી તે **ઉદ્વાહ** પણ કહેવાય છે. ભારતીય સંસ્કાર-પદ્ધતિમાં સ્વીકાર છે; પરિત્યાગ નથી. છૂટાછેડા સામાન્યતઃ યોગ્ય નથી. સામાન્યતઃ કન્યાદાન એક વખત જ થાય છે, છતાં તેમાં અપવાદ પણ દેખાય છે,-

> "नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
> पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधियते ॥"
> - અગ્નિપુરાણ (૧૫૪-૫૬).

પતિના નાશ, મૃત્યુ , સંન્યાસ, નપુંસકત્વ, પતિતત્વ આ પાંચ આપત્તિમાં અન્ય-પતિ કરવાનું વિધાન છે. સામાન્યતઃ પતિનો ત્યાગ ન થાય.

> "दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोऽपि वा ।
> पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी ॥"
> - શ્રીભાગવત (૧૦-૨૯-૨૫).

દુષ્ટ-શીલવાળો (જુગાર વગેરેના વ્યસનવાળો), દુર્ભાગી (દરિદ્ર), વૃદ્ધ (શિથિલ-ઈન્દ્રિયોવાળો), જડ (મૂર્ખ-લાગણી-રહિત), રોગી (મહારોગગ્રસ્ત), અથવા નિર્ધન (દ્રવ્યરહિત) હોવા છતાં, આ-લોક-પરલોકમાં યશઃ-સુખાદિની ઈચ્છાવાળાં, સ્ત્રીએ પતિનો ત્યાગ ન કરવો; પાતકી હોય તો ત્યાગ કરવો.

૧૩. અત્યારે થતાં લગ્ન - ગાડરપ્રવાહ ! :

વિવાહ કરતાં વર-કન્યા બંને સુશિક્ષિત, અખંડિત-બ્રહ્મચર્ય-યુક્ત, યોગ્ય વયનાં, હોય તે અપેક્ષિત છે. બાલલગ્નો હિતાવહ નથી. વરને કાંઈ ભેટ-પૈસા-વગેરે દેવાનું ઠરાવીને, દહેજ કે પૈઠણ દઈને, થતાં લગ્ન પણ યોગ્ય નથી. લોકાચાર, રિવાજો, પ્રથા, રૂઢિ, વ્યવહારના નામે પણ પુષ્કળ થતી લેવડ-દેવડમાં ત્રેવડ વગરના માણસો પણ ખેંચાય છે ! દેખાદેખીથી, સારા-મોટા-દેખાવા પણ, લોકો પોકળતાને પોષે છે ! કપડાં, ઘરેણાં, વાસણો, વસ્તુઓ વગેરે માગી લેવાય છે; કે લોકલાજે કે મોટાઈના મોહમાં કે ક્યાંક પ્રેમથી પણ દેવાય છે. લોકો પ્રાયઃ ઘરેડમાં ઘસડાય છે, ગાડર-પ્રવાહ ચાલે છે ! કપોલ-કલ્પિત-પ્રક્રિયાથી થતાં લગ્ન પણ યોગ્ય નથી.

આજે તો પ્રાયઃ સામાન્ય-સમાજની સમજમાં તો લગ્ન એક લૌકિક લ્હાવો બની ગયું છે, લોકરીતે જ પ્રાયઃ થાય છે. ભણેલાં કે અભણ, વર-કન્યાના વતી વિવાહ-પ્રતિજ્ઞાના મંત્રો પણ પ્રાયઃ બ્રાહ્મણ જ બોલી જાય છે. અલ્પજ્ઞ કે અજ્ઞ બ્રાહ્મણ પણ, યથામતિ યથાઘિત જ, પ્રાયઃ સાનુકૂલ થાય તેમ, વિધિ (?) પતાવી દે છે ! લગ્ન એટલે વરપક્ષના લોકો જાન લઈને કન્યાને ઘેર-મંડપે-હોલ-વાડી-વગેરેમાં જાય, ત્યાં સામૈયું (સત્કાર) થાય, ભોજન મળે, લેવડ-દેવડ થાય, દાપાં

ચૂક્વાય, બ્રાહ્મણ વિધિ પતાવે, એટલે લગ્ન પતી ગયું !- તેમ લોક-ગાડરપ્રવાહ-ઘરેડ-દેખાય છે.

લગ્ન-ભોજન-માટે સ્થળ-સાધન-વગેરે બધું બધે પૈસાથી પ્રાયઃ મળી શકે છે. કોઈક ધાર્મિક-સંસ્થાઓ પણ આવી સુવિધાઓ દે છે; પરંતુ લગ્નવિધિ-સંસ્કાર યથાયોગ્ય થાય તેવા વિદ્વાન્ વિપ્રો તો કોણ દે છે ?! આગ્રહ પણ તેવો કહેવાતા ધાર્મિકોમાંથી કેટલાને છે ? વિપ્રો પણ વિધિનો આગ્રહ-સંગ્રહ-કેટલો રાખતા હશે ?! પ્રાયઃ ઉપેક્ષા જ કરી રહ્યા છીએ,- પોતાના જ સંસ્કારોની ! લાગે છે,- તો પ્રાયઃ પ્રસિદ્ધ વાત,-

> “कन्या वरयते रूपं माता वित्तं पिता श्रुतम् ।
> बान्धवाः कुलमिच्छन्ति मिष्टान्नमितरे जनाः ॥”

કન્યા વરના રૂપને વરે છે, મા દ્રવ્ય દેખે છે, પિતા વિદ્યા વિચારે છે, સ્વજન-જ્ઞાતિજન કુલ ઈચ્છે છે; અને બીજા તો ભોજનનું જ ભજન કરે છે ! ભોજન પણ હવે તો પાટલા પર નહિ, ખાટલા (ડાઈનીંગ-ટેબલ ભારતીય સંસ્કૃતિના ડાઈંગ-ટેબલ) પર, પગમાં જોડા સાથે જોડાઈ જવાય તેવું ! તેમાં ય હવે તો બુફે-પ્રકાર ! ફરતા જાવ,-ચરતા જાવ ! સ્વતઃ લેતા જાવ, ખાતા જાવ ! ફરવું-ચરવું તો પશુ- ભોજન ! તેનું આમાં સામ્ય લાગે છે ! તેમાં સુવિધા હશે, સ્વચ્છતા દેખાય, પણ પવિત્રતા કે પ્રેમ નથી. જમવા બેસાડીને પીરસવામાં તો સ્વાભાવિક પ્રેમ અને પવિત્રતા સ્પષ્ટ અનુભવાય છે. વિવાહમાં તો વિશિષ્ટ-ઉત્તમ-પદ્ધતિનું વહન જોઈએ. વિવાહ વિકાસ- માટે છે, વિકાર માટે નથી, વિનાશ માટે નથી.

૧૪. વિવાહ-સંબંધ-યોગ્યતા :

> “गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि ।
> उद्वहेत द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम् ॥”
>
> “असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः ।
> सा प्रशस्ता द्विजातीनां दारकर्मणि मैथुने ॥”
>
> - મનુસ્મૃતિ (૩-૪, ૫).

ગુરુની અનુમતિથી, (સ્નાન સમાવર્તન-સંસ્કાર કરીને) વિદ્યાધ્યયન પૂરું કરીને, પોતાના સમાન-વર્ણની શુભ લક્ષણોવાળી કન્યા સાથે, પોતાના શાસ્ત્રવિધિ પ્રમાણે, વિવાહ કરવો. ઉપરના વર્ણવાળો પુરુષ નીચેના વર્ણની સ્ત્રી સાથે વિવાહ કરી શકે; નીચેના વર્ણવાળો પુરુષ ઉપરના વર્ણની સ્ત્રી સાથે વિવાહ ન કરી શકે; કરે તો તે વિલોમ ગણાય, દોષ ગણાય.

જાતકર્માદિ-સંસ્કાર-(સત્કાર્ય) રહિત, પુરુષ (પુત્ર) રહિત, વિદ્યા-રહિત, શરીરે બહુ રોમવાળા, હરસ-મસાવાળા, ક્ષયાદિ-રોગવાળા, મંદ જઠરાગ્નિવાળા, (વાઈ) અપસ્મારાદિ પીડાવાળા, સફેદ કોઢવાળા, રક્તપિતવાળા વગેરે પરિવારમાં પુષ્કળ સમૃદ્ધિ હોવા છતાં પણ વિવાહ ન થાય. આ રોગો વંશ-પરંપરામાં ઉતરવા સંભવ છે. અત્યારે લોહીનું દબાણ (બ્લડપ્રેશર)-મધુપ્રમેહ (ડાયાબીટીસ)-વગેરે પણ તેવાં પરંપરાગત ગણાય છે.

જે કન્યા માતાના કુલના સપિંડો (સાત પેઢી)માં અને પિતાના ગોત્ર (એકવિશ પેઢી)માં સંબંધવાળી ન હોય તેની સાથે વિવાહ કરવો યોગ્ય છે. પરસ્પરના નજીકના સંબંધોમાં વિવાહથી સંતાન સુયોગ્ય સંભવે નહિ. વિદ્યા, વિત્ત, વપુ , વય, વ્યવસાય-વગેરેમાં સમાન-યોગ્ય કન્યા તો સૌ શોધે;

પણ શીલમાં સમાન ક્યાંથી મળે ?!- ભગવાનની કૃપાથી જ મળે. મુનિ કર્દમજીએ પણ પ્રભુ પાસે તેવાં પત્ની માગ્યાં છે ! - "समानशीलां गृहमेधधेनुम् ।"- શ્રીભાગવત (૩-૨૧-૧૫). ઘર માત્ર ગળી જતું ઘર ન રહે, ગૃહ-યજ્ઞ બને ! યજ્ઞમાં ઉપયોગી દૂધ-દહીં-ઘી-વગેરે પદાર્થો દૂધ દેતી ગાય-ધેનુ-પાસેથી મળે. ગાય ઘાસ ખાય, દૂધ દે, તેમ સ્વલ્પ જીવન-જરૂરીઆતની વસ્તુમાં પોતાનો નિર્વાહ કરે, મોજશોખ-વિલાસથી વિનાશમાં ન પ્રેરે, પણ જીવનમાં સેવા-પ્રકાશથી વિકાસ સાધે, તેવાં પત્ની માગ્યાં છે !

પ્રાચીન કાલમાં રાજાઓ સ્વયંવર કરતા હતા. તેમની કન્યા પોતાને સાનુકૂલ વરને તેમાં પસંદ કરીને વરે. આવા સ્વયંવરમાં વરના સામર્થ્ય-વિદ્યાદિની પરીક્ષા પણ કરી લેવાતી. શ્રીરામભદ્રજીએ જનકજીના દરબારમાં કરેલો શિવ-ધનુષ્ય-ભંગ, દ્રુપદ-રાજાના દરબારમાં અર્જુને કરેલો મત્સ્ય-વેધ, લક્ષ્મણાજીને વરતાં ભગવાન્ કૃષ્ણે કરેલો અતિ-અગમ્ય-મત્સ્યવેધ,- વગેરે આવી પરીક્ષા-રૂપ હતા. તેમાં વરનું સામર્થ્ય પ્રસિદ્ધ થતાં તેમને કન્યા વર્યાં છે. પિતાજીના પૈસે, નામે, પરિચયે, લગ્નની ધામધુમ સમર્થ સત્પુરુષ તો ન કરે. વર અને કન્યાએ વિદ્યા - શક્તિ - કલા - વ્યવહાર - ગૃહકાર્ય - વગેરેમાં કાંઈક વિશિષ્ટતા સંપાદન કર્યા પછી જ વિવાહ કરવાનું હિતાવહ છે. તન-મન-(ધન)થી સમર્થ, સંસ્કાર-સમૃદ્ધ, શીલસંપન્ન-વ્યક્તિનો વિવાહ વિશ્વને વિશિષ્ટ સંતાન-પરંપરા દઈ શકે. માત્ર જન્મે- જીવે-મરે, - તેવાં જંતુઓની પરંપરાથી કલ્યાણ કોનું થાય ? સૂક્તિ છે,-

"कुलं च शीलं च वपुर्यशश्च
विद्यां च वित्तं च सनाथतां च ।

एतान्गुणान् सप्त परीक्ष्य देया
कन्या बुधैः शेणमचिन्तनीयम् ॥"

૧. કુલ, ૨. શીલ, ૩. શરીર, ૪. યશ; ૫. વિદ્યા, ૬. ધન, ૭. સનાથતા (પ્રભુ-મહાપુરુષો કે લોકમાં મોટા ગણતા લોકોનો સંબંધ), આ સાત ગુણોની પરીક્ષા કરીને કન્યા દેવાય, બીજું વિચારવું જરૂરી નથી. વિવાહ અને વિવાદ સમાનની વચમાં શોભે, નહિ તો વિષાદ થાય.

૧૫. વિવાહ-સંસ્કાર-વિધિ :

શાસ્ત્ર મુખ્ય છે,- રૂઢિ નહિ :

સામાન્ય રીતે અત્યારે થતા વિવાહમાં લોકરિવાજો-રૂઢિયો-પણ શાસ્ત્રવિધિ સાથે વણાઈ ગયેલાં દેખાય છે. કેટલાક લોકો શાસ્ત્રથી રૂઢિને બલવતી ગણે છે !- "शास्त्राद् रूढि-र्बलीयसी ।"- કહે છે ! આમાં વિવેક જરૂરી છે. જો બધું કાર્ય રૂઢિ-પ્રમાણે જ કરવાનું હોય તો શાસ્ત્રની જરૂર ન રહે.

"तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्र-विधानोक्तं स्वधर्मं कर्तुमर्हसि ॥
- ગીતાજી (૧૬-૨૪).

તારે શું કરવું ?- શું ન કરવું ?- તે વ્યવસ્થા-નિર્ણય-માં તેથી શાસ્ત્ર પ્રમાણ છે. શાસ્ત્રમાં કહેલ વિધિ જાણીને સ્વધર્મ કરવો યોગ્ય છે. આમાં, સ્પષ્ટરીતે શાસ્ત્રની જ મુખ્યતા ભગવાને કહેલી છે, રૂઢિયોની નહિ. રૂઢિયોને પ્રમાણ ગણી નથી, તે પ્રમાણે કરવાનું કહેલું નથી. જો શાસ્ત્રવિધિ છોડીને, કપોલ-કલ્પિત રીતે, રૂઢિયો પ્રમાણે જ વર્તવામાં આવે તો તેનું પરિણામ પણ પ્રભુએ પહેલેથી સ્પષ્ટ કહી જ દીધું છે,-

"यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥
- ગીતાજી (૧૬-૨૩).

જે વ્યક્તિ શાસ્ત્ર-વિધિ છોડીને સ્વચ્છંદથી સ્વેચ્છાચાર કરે છે, તે સિદ્ધિ (સફલતા)ને મેળવતો નથી, તે ન સુખ મેળવે છે, ન પરમગતિ મેળવે છે. આમ, શાસ્ત્રવિધિ જ મુખ્ય છે, પરંતુ દેશાનુરૂપ પરંપરાગત-આચારોનો પણ આદર કરેલો હોવાથી યોગ્ય રૂઢિયો પણ ચલાવી લેવાય. શાસ્ત્રના વિધિનું ઉલ્લંઘન ન કરતી નિર્દોષ રૂઢિયો જ સ્વીકારી શકાય; શાસ્ત્રવિરુદ્ધ રૂઢિયો પ્રમાણે વર્તવું કલ્યાણકારક નથી. સંસ્કાર-વિધિને સંકર-વિધિ ન બનાવી દેવાય.

(૧) વાગ્દાન :

વિવાહમાં જ્ઞાતિ-દેશ-કાલના રિવાજ પ્રમાણે પહેલાં ચાંદલા કે વાગ્દાન થાય છે. તેમાં કન્યાના પિતા યુવકને (લગ્નમાં થનારા વરને) પોતાની કન્યા (લગ્નમાં થનારી વધૂ) તરીકે આપવાનો મન અને વાણીથી સંકલ્પ કરે છે. જો યુવક વિકલાંગ થાય, પતિત થાય, તો આવી વચન-બદ્ધતામાંથી છૂટી શકાય છે. જો તેમ ન થયું હોય તો સ્વચ્છન્દથી વચનભંગ થવામાં દોષ ગણાય છે, કન્યાને બીજે દેવાતી નથી. વાગ્દાન પછી, કન્યા વગર લગ્ને વરને ત્યાં દિવસો સુધી વારંવાર રહેવા જાય તેવી પ્રથા પણ પ્રચલિત દેખાય છે ! તે લોકાચાર છે, શિષ્ટાચાર નથી; શાસ્ત્ર-સંમત લાગતું નથી. વારંવાર મળતાં રહે, તેમાં લગ્ન પછી પ્રથમ-મિલનની મીઠાશ શી ?!- તેમાં વિવેક જરૂરી છે.

(૨) માણેકસ્તંભ : મંડપમુહૂર્ત :

વિવાહના આરંભમાં કન્યાને ઘેરથી, પહેલાં શ્રીગણેશ-

પૂજન-કુસ્વડી-માણેકસ્તંભરોપણ-મંડપમુહૂર્ત, ગ્રહશાંતિ-પૂજન-થયા પછી, વરને ઘેર લગ્ન-પત્રિકા (પડીકું) મોકલવાનો રિવાજ છે. તે વ્યવહાર છે. લગ્નપત્રિકા આવે એટલે વિવાહ-નિશ્ચિત ગણાય છે. તેમાંથી ફરી ન જવાય, તેમ સમજાય છે. મંડપારોપણ વખતે એક જગ્યાએ ખાડો કરીને તેમાં કંકુ-સોપારી-દૂધ-દહીં-તાંબાના પૈસા મૂકાય છે. તેના ઉપર શમી (શીમળો) વૃક્ષનું સુથારે ઘડેલું લાકડું મૂકાય છે. ક્યાંક વૃક્ષશાખા મૂકાય છે. તેને માણેકસ્તંભ કહે છે. તે ભાવનાથી માણેક જેવી ઉજ્જ્વલતા મળે તેમ સૂચવે છે. માણેકનો લાલરંગ જીવનમાં અનુરાગ સૂચવે છે. માણેક મોંઘું છે, તે વૈભવ- સૂચક છે. માણેકસ્તંભને નાડા છડી-મીંઢળ બંધાય છે.

(૩) પીઠી અને મીંઢળ :

"कन्या तैलं च प्रथमं वरस्य तदनन्तरम् ।"- પહેલાં કન્યાને તૈલ અર્પણ થાય છે, પછી વરને તૈલ અર્પણ થાય છે. કન્યાને ત્યાં પ્રથમ શ્રીગણપતિપૂજન-ગ્રહશાંતિપૂજન- અને હરિદ્રા-તૈલથી મંગલ-ક્રિયાનો આરંભ થાય છે. જ્યોતિર્વિદ્ પાસે જઈને શુભમુહૂર્ત યોગ્ય કાર્ય માટે નિશ્ચિત કરવામાં આવે છે. તે કન્યાને ત્યાંથી પૂજન પછી વરને ત્યાં આવીને, લગ્નપત્રિકા લાવીને, આશીર્વાદ આપે છે. વર-કન્યાને ચોળાતી પીઠીમાં ઘઉંલા-જવલા-નખલા-કપુરકાચલી- હળદર, કંકુને ચણા કે મગના લોટમાં ગુલાબજળથી ભીંજવાય છે. પીઠી- "પિષ્ટ" - પીસેલ-લોટ છે. વર-કન્યાનો વર્ણ ઉજ્જવલ કરવા, તનને નિર્મલ કરવા, મનને પ્રોત્સાહિત કરવા, ઉલ્લાસ અનુભવવા, પીઠી તેમને સ્વજનો ચોળે છે. વર-કન્યાના જમણા હાથે મીંઢળ બંધાય છે. સંસ્કૃતમાં મીંઢળને **"મદનફલ"** -કામદેવનું ફલ-કહે છે. લગ્નના મૂલમાં કામ છે. વર-કન્યાના

મનમાં પણ કામ છે. મદનફલ કામદોષને દૂર કરે છે, ફલ દે છે, વ્યર્થ ઉત્તેજનાને અટકાવે છે.

(૪) કર્માંગભૂત દેવપૂજા :

વરને ત્યાં શ્રીગણપતિપૂજન-માણેકસ્તંભારોપણ- મંડપ-મુહૂર્ત-ગ્રહશાંતિપૂજનાદિ થાય છે. લગ્નારંભથી સમાપ્તિ સુધી ગણપતિજીને વિરાજેલા રખાય છે. તે વિઘ્નહર્તા દેવ છે, ભગવાનની વિભૂતિ છે. શાસ્ત્રવિધિમાં કર્મની મુખ્યતા હોય છે, તે કર્મ બ્રહ્મ-રૂપ છે. તેમાં દેવપૂજન તો કર્મના અંગ-રૂપે છે. શાસ્ત્ર તો ભગવદાજ્ઞા-રૂપ છે. તેના પાલનમાં દોષ નથી, ધર્મ છે; તેથી શરીરનું અનુસંધાન હોય ત્યાં સુધી શાસ્ત્ર-મર્યાદા પાળવી જરૂરી છે. પ્રભુના સ્નેહોદ્રેકમાં કોઈકથી ક્યારેક શાસ્ત્ર-મર્યાદાનું ઉલ્લંઘન થઈ પણ જાય ! તે પુષ્ટિ છે ! તેમાં તો દોષ નથી. કોઈ પ્રલોભન કે ભય વગર, શાસ્ત્રાજ્ઞા-પાલન માટે, દેવતાઓને ભગવદ્-વિભૂતિ સમજીને, શાસ્ત્રોક્ત-પ્રસંગે, નિત્ય-નૈમિત્તિક-કર્મમાં, પૂજવામાં દોષ ન લાગે. બાહ્યરીતે લૌકિક-વૈદિક વર્ણાશ્રમધર્મનું પાલન, કાંટાની વાડની જેમ, કરવું જરૂરી છે. તે વાડમાં પ્રેમની કોમલ-વેલને, આત્મધર્મ-રૂપ ભગવત્સેવા-કથાદિની પ્રણાલિકાને, સુરક્ષિત રાખવી જરૂરી છે.

(૫) વરયાત્રા :

કન્યા અને વર બંને પક્ષ તરફથી પહેલેથી કુમકુમ-પત્રિકાઓ મોકલીને સ્વજનોને શોભામાં અભિવૃદ્ધિ માટે બોલાવાય છે. હવે તો પ્રાયઃ બધે સ્થળે સૌ-લગ્નપૂર્વે દાંડીઆ-રાસ-ગરબા-મનોરંજનો પણ રાખે છે. કલારુચિ આદરણીય છે, પણ મોટાઈનો મોહ મારે છે. કોઈ લગ્નવિધિ સમજવા માટે પ્રવચન, યજ્ઞ કે પ્રભુપ્રીત્યર્થ કોઈ કાર્યક્રમ નથી રાખતા ! યોગ્ય- સમયે વરને ત્યાંથી સૌ કન્યાના ઘેર (કે વાડી કે હોલમાં) સ્વજનો સાથે આવે છે. લોકો આ પ્રસંગને **“વરઘોડો”** કહે છે. તેમાં વાદ્યો વાગતાં હોય, શોભા-પૂર્વક વરને લઈને સૌ પરણાવવા જતાં હોય. થોડા સમયથી હવે તેમાં બેન્ડ-વાદ્ય- સાથે યુવકો-વૃદ્ધો-સ્ત્રી-પુરુષો રસ્તામાં નાચતાં દેખાય છે ! ન તેમાં કલા છે, ન સ્નેહોદ્રેક છે, ન આવશ્યકતા છે. ભણેલા- અભણ બધાં તેમાં જોડાય છે ! તેમાં નથી સંસ્કાર, નથી ગૌરવ ! ફિલ્મીગીતોની સાથે, રવાડે ચઢીને, વ્યર્થ ચેનચાળા કરવાના ! આ શોભા તો નથી જ. વાસ્તવમાં તો આ છે,- **વરયાત્રા** ! વર **“કન્યાતીર્થ”**ની યાત્રાએ આવે છે, તેવો ભદ્ર-ભવ્ય ભાવ તેમાં છે. ત્યાગમૂર્તિ છે,- કન્યા ! તે પિતાનું ઘરને-સ્વજનોને-છોડીને પતિગૃહે પરવરે છે ! પારકાંને પોતાનાં કરવા, પ્રેમથી સૌને પાવન કરવા, સ્નેહથી સૌને શાંતિ-સુખ દેવા, પુલક્તિ પ્રવાહ જેવી, રહે છે ત્યાંથી વહે છે, બધું સહે છે !- પતિગૃહને પાવન કરી દે છે. વર પવિત્ર ઉદ્દેશથી તેને લેવા યાત્રા કરે છે. પ્રેમનો તે પવિત્ર પ્રસંગ છે. આ વરયાત્રાનું સ્વાગત કન્યા-મંડપે યથાયોગ્ય થાય છે. મંડપ જનવિશ્રામનું મંગલસ્થાન છે. સૌને યોગ્ય નિવાસ આપવામાં આવે છે.

(૬) કલેઉ (કલવો) :

વર માટે કન્યાને ત્યાંથી કલવો (કલેઉ) લાવવામાં આવે છે. આમાં કાંઈ શાસ્ત્રીય-વિધિ કરવાનો હોતો નથી. કન્યાપક્ષનાં સ્ત્રીજનો કથરોટમાં વર માટે કાંઈ ખાવાનું લાવે છે. કોઈક જ્ઞાતિમાં તેમાં કાચા લાડુ પણ લાવે છે. વર તે ખાઈ ન શકે, થૂંકી પણ નાખે ! આવું યોગ્ય નથી. રૂઢિથી બધું ચલાવી લેવાય છે. દાન, તેમાં પણ કન્યાદાન, તો

જમાડીને દેવાના ઉલ્લેખો દેખાય છે,- **"भुक्तायैव** सुतामुपोषिततनरो दद्याच्च सावित्रिकां, भुक्ताय कृतभोजनाय वराय सुतां दद्यात् ।"- કન્યાના પિતાએ પોતે ઉપવાસ-પૂર્વક, ભોજન કરેલા વરને, પોતાની કન્યાનું દાન કરવાનું. આમ, આ રૂઢિ શાસ્ત્રાનુકૂલ હોવાથી, કલેવામાં વર ખાઈ શકે તેવો યોગ્ય પદાર્થ મોકલવો જોઈએ. વરે તે ખાવું જોઈએ.

(૭) જાન અને વરરાજાનું સ્વાગત :

કલેવા પછી વર વિવાહ-માટે કન્યાના મંડપે આવે છે. ત્યાં તેની સાથે આવેલા સ્વજનોને પ્રાણપ્રિય-જાન-ગણીને યથોચિત સ્વાગત કરવામાં આવે છે. પ્રિયનું જે પ્રિય હોય તે બધું પ્રિય જ લાગે, પ્રાણ જેવું કે તેથી પણ વધુ પ્રિય લાગે; તેથી કન્યાના પ્રાણપ્રિય વરની સાથે આવેલાં તેનાં સ્વજનોને "જાન" કહેવાય છે. વર તેમાં તે સમયે મુખ્ય છે, તેથી તેને **"વરરાજા"** કહેવાય છે. **"વર"** એટલે શ્રેષ્ઠ. તે પ્રસંગે પૂરતો, પોતાનાં સ્વજનો પૂરતો, તો તે રાજા છે,- મુખ્ય છે. "राजते **इति** राजा"- શોભે તે **રાજા.** આવેલાં બધાંમાં વર વધુ સુશોભિત થયેલો હોય, તેથી પણ તેને **"રાજા"** કહી શકાય. તે અર્ઘ્ય-યોગ્ય ગણાય છે. તેનું સ્વાગત કન્યાપક્ષની સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના માથે જલનો કલશ મૂકીને કરે છે. પૂર્ણકુંભનું તે પ્રતીક છે. આને કેટલાક લોકો **"વર-નમણું"** પણ કહે છે.

(૮) વરરાજાનું પોંકણું :

મંડપના પ્રવેશ-દ્વારે વર-રાજા આવે ત્યારે કન્યાની માતા તેમને પોંકવા આવે છે. માતાના હાથમાં **"રામણ-દીવડો'** **(રમણદીવડો)** હોય છે. તે **"રમણ"**- આનંદાનુભૂતિના માર્ગમાં, **"દીવડો"** - પ્રકાશ-પ્રવેશ દે છે. દામ્પત્યની દિવ્યતા તે દર્શાવે છે. સંયમથી-પ્રેમથી જીવનમાં પ્રકાશ પથરાય. અસંયમથી-મોહથી જીવનમાં અંધકાર છવાય. ભક્તિ-પ્રકાશથી જીવનમાં વિકાસ સધાય. આનંદ ઉભરાય; ભોગથી ઉદ્વેગનો વેગ વિનાશમાં ઘસડી જાય. વત્સલ મા તેનું દિગ્દર્શન આ પ્રતીક- રૂપ **"રામણ-દીવા"** થી કરાવે છે.

માની સાથે આવેલા કુલ-ગુરુ (ગોર) - થાળમાં રહેલાં ઘુસળ, મુસળ, રવૈયો, ત્રાક, જારના સાંઠાના ચાર ટુકડા અને સંપુટ લઈને, તેમાંના એક-એકથી સ્વાગત-રૂપે પોંકવતાં જીવન-મંગલ-સંદેશ સૂચવે છે.

¬ **ઘુસળ-** ઘુંસરી કે જોસરું કહેવાય છે. સંસાર શકટ (ગાડું) છે. તેમાં સ્ત્રી-પુરુષ તેને દોરનારાં-ખેંચનારાં બળદ છે. બળદ ધર્મનું પ્રતીક છે. સંસારનું સ્વરૂપ અહંતા-મમતા છે. હું અને મારું- એ ભાવથી થતા, જીવે સ્વકલ્પનાથી-અજ્ઞાનથી-માનેલા સંસારને પણ ધર્મથી જ ચલાવાય, ધર્મમાર્ગેથી ચલિત ન થવાય. ગાંડાના બળદને ઘુંસરીથી યોગ્ય ગતિ-નિયંત્રણ માટે જોડાય છે. તેમ સંસાર સંતાપ ન કરાવે, તેમ તેને શાસ્ત્ર-નિયંત્રણથી ભગવત્સંબંધવાળો કરી દેવાનો હોય. જીવન ભગવત્કાર્ય માટે છે, સેવા માટે છે. તેમાં લગ્નબદ્ધ સ્ત્રી-પુરુષનો સહયોગ આવશ્યક છે. એકલા-પુરુષ કે એકલી-સ્ત્રીં માટે આ નિર્વાહ કઠિન છે. બંને સ્નેહ-સમજ-સંયમથી, સંતાપ સહન કરીને પણ, સંસારના શકટને પ્રભુ-માર્ગે જ ચલાવે. બળદ ચાલે, ગાડું ચાલે, પણ ચલાવનાર તો ઉપર નિયામક બેઠો હોય. તેમ સ્ત્રી-પુરુષ ચાલે, સંસાર ચાલે, પણ તેમને ચલાવનાર નિયામક તો શાસ્ત્ર છે,- શ્રીહરિ છે. તે કહે- પ્રેરે તેમ જ જીવાય. તેનાથી ભક્તોનો સંસાર તો પ્રભુ-સંબંધથી સુખ-રૂપ હોય છે. સામાન્ય-લોકોનો સંસાર તો સામાન્ય-

સંબંધથી સામાન્ય-સુખનો આભાસ દે છે, સંતાપ તેમાં વધુ સંભવે છે. આમ, ઘુસળ પરસ્પરનો સહયોગ-પૂર્વક, નિશ્ચિત જીવન-ધ્યેયના માર્ગે, સિદ્ધાન્ત-સહિત, ભગવન્નિષ્ઠાથી, જીવવાનો સંદેશ દે છે. તે માર્ગે ચાલવા ઘર વસાવાય, ઘરમાં વસાય, જીવનનિર્વાહ માટે કે સેવાનિર્વાહ માટે યોગ્ય આજીવિકાથી કમાવાય, જરૂરી વ્યવહાર ચલાવાય.

મુસલ- મુસલ એટલે સાંબેલું. અનાજ-ડાંગર-વગેરે સાંબેલાથી ખાંડણીઆમાં ખંડાય, પછી ઉપયોગી બને છે. તેમાં દંપતી એ જીવનના આદર્શો ને અમલમાં મૂકવા માટે, ઉન્નત થવા માટે, સર્વોપયોગી-સ્વોપયોગી કે ભગવદુપયોગી થવા માટે, જીવનમાં બનતા પ્રસંગોના ખાંડણીઆમાં હર્ષ-શોક, ગમો-અણગમો, રાગ-દ્વેષ, સાનુકૂલતા-પ્રતિકૂલતાના મુસલથી ખંડાવાનું છે. મથામણ-મુશ્કેલી-મશ્કરી-મૂંઝવણને ધીરજથી સહન કર્યે જવાનાં છે. ખાંડતાં અનાજમાંથી છોતરાં દૂર થાય; તેમ જીવનમાં સઘળું શાંતિથી સહન કર્યે જવાથી વિકારો તથા અહંતા-મમતાનો અવરોધ દૂર થાય, નમ્રતા-સમતા-ક્ષમતા જીવન-વ્યવહારમાં વણાઈ જાય, તે પ્રત્યેક કાર્યમાં વ્યક્ત થાય. જરૂર (પેટ) પૂરતું કમાવાનો પ્રયત્ન થાય, ધનના ઢગલા કરવામાં જીવન વેડફી ન દેવાય,- તેમ મુસલ સૂચવે છે.

રવૈયો- માટલામાં દહીં વલોવીને માખણ કાઢવામાં ઉપયોગી મથનદંડ "રવૈયો" કહેવાય છે. ગૃહસ્થાશ્રમની ગોળીમાં, ઈન્દ્રિયોના દહીંને વલોવીને, તેમાંથી ભગવત્કાર્ય-સેવા-રૂપ નવનીત-(માંખણ)-ને તારવી લેવાનું , છાશ જેવાં વ્યર્થ-વાતો, વ્યર્થ-વિચારો, વ્યર્થ-વ્યવહાર, વ્યર્થ-વિષયભોગને છોડી દેવાનાં !- જેને જોઈએ તેને દઈ દેવાનાં ! વેદમાં,- "इन्द्रियं वै दधि"- ઈન્દ્રિયોને દહીં કહેલ છે. તેમાં

મથન-દંડ-રવૈયો-છે,- સુસ્પષ્ટ, સુદૃઢ જીવન ધ્યેય !- મથ્યા જ કરવાનું તેનાથી, ધ્યેય-સિદ્ધિ માટે ! સતત-સખત-શ્રમ, ધ્યેયને નજરમાં રાખીને થાય, તે સિદ્ધિનું સોપાન છે. સમુદ્રમથનમાંથી પહેલાં કાલકૂટ-વિષ, પછી રત્નો અને છેલ્લે અમૃત મળેલું ; તેમ જીવનમાં મનોમથનમાંથી પહેલાં કડવાશ (ઝેર) નીકળે, તેથી ગભરાઈને કર્તવ્ય છોડવાનું નહિ; તો રત્ન જેવા લાભો અને છેવટે અમૃત જેવી સફલતા સરલતાથી મળે. રવૈયો ગો-પાલન પણ સૂચવે છે. ગો-એટલે ગાય, વાણી, ઈન્દ્રિય, પૃથ્વી, કિરણ (તેજસ્વિતા) વગેરેને પાળીને-સાચવીને-પ્રભુને, ઉપયોગી બનાવાય.

ત્રાક- લોઢાની ત્રાક તો માનવ-માત્રને ઉપકારક છે. કપાસમાંથી નીકળતા રૂમાંથી તાર કાઢીને સુતરનાં વસ્ત્રોથી સૌનાં શરીર ઢાંકીને રક્ષા કરે છે, લજ્જા-મર્યાદા-રાખે છે. વિકસેલી સંસ્કૃતિનું તે પ્રતીક છે. કાર્ય-કુશલતાની ત્રાકથી હૃદયના સ્નેહમાંથી સર્વોપયોગિતાનું સુતર કાંતીને સર્વસમાજની રક્ષા, મર્યાદા, સુખવૃદ્ધિનું સંપાદન તે સૂચવે છે. સ્નેહના તંતુથી પરસ્પર તથા સ્વજન અને સર્વજન સાથે સંધાઈને-વણાઈને જીવવાનું પણ ત્રાક સૂચવે છે. ધનપ્રાપ્તિ-ઉદ્યમ-ઉદ્યોગના પ્રયત્નો-પણ જીવનમાં જરૂરી છે.

આમ, જરૂર પૂરતું-રહેવાનું ઘર, પેટ પૂરતું અન્ન અને શરીર પૂરતાં વસ્ત્ર, આ ત્રણ જ જીવનની પાયાની જરૂરીઆતો છે. જેના વગર જીવન-વ્યવહાર ન નભે, તે જ જરૂરીઆત; બાકી તો બધી જંજાળ છે,- જંજીરો છે. ભગવાન્ વામનજીએ બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વી માગેલી ! તેમ આ ત્રણ જીવન-જરૂરીઆતો સંકેત છે. તે ત્રણમાં સંતોષ ન થાય, તેને સામ્રાજ્ય મળે તો પણ સંતોષ ન થાય.

સંતોષ-વગર સુખ-શાંતિ શોધ્યાં પણ ન જડે. જીવનની આ જરૂરીઆતો મળી જાય, તો જીવન વ્યર્થ વેડફી ન દેતાં, ભગવત્કાર્યમાં-સેવાકથાદિમાં-તેનો વિનિયોગ કરવો.

જારના સાંઠાના ચાર ટુકડા (સળીઆ) - આને કેટલાક **"તીર"** કહે છે. શરીર રથ છે, ઈન્દ્રિયો ઘોડા છે, મન લગામ છે, બુદ્ધિ સારથિ છે, જીવ રથી છે. બ્રહ્મ-ભગવાન્ લક્ષ્ય છે, તેને વીંધવા-પ્રાપ્ત કરવા-પહોંચવા-માટે ઓંકાર-ભગવન્નામ-કથા ધનુષ્ય છે; અને જીવ-(ભાવ) એ બાણ (તીર) છે. પોતાને માટે જીવવા મથે તે જીવ (ભાવ) છે. તેને સેવા-કથાથી પ્રભુ-સંબંધિત કરી દઈને, ભગવદ્ભાવ પ્રાપ્ત કરવો, પ્રભુને માટે જીવવું. પ્રભુ-પ્રાપ્તિ કરવી, તે જીવનનું લક્ષ્ય છે. આમ,-તીર સૂચવે છે.

તીર વીંધે તેમ વીંધી નાખે-મર્મ ભેદી નાખે-તેવા પ્રસંગોમાં પણ લક્ષ્ય ચૂકે નહિ, કાર્ય પડતું મૂકે નહિ, તે સફલ થાય છે. આ અણીદાર સળીઆ અંકુશ-નિયંત્રણના પણ સૂચક છે, સંયમ-વિવેક-સદાચાર જીવનની જરૂરીઆત છે.

સંપુટ- માટીના કોડીઆમાં દહીં-દુર્વા (ધરો)-ચોખા ભરીને, ઉપર બીજું કોડીઉં ઢાંકીને, તેને નાડાછડીથી વીંટાળીને બાંધવામાં આવે છે. આ સંપુટ પર પગ મૂકીને-ફોડીને વરરાજા લગ્ન-મંડપમાં પ્રવેશે છે. જન્મ એ નીચેનું કોડીઉં,- વચ્ચે જીવનએ દહીં અને ઉપરનું કોડીઉં એ મરણ! આરંભે જન્મની કર્મકઠિનતા, વચ્ચે જીવનની મધુરતા-સ્નિગ્ધતા અને અંતે મરણની કષ્ટ-કઠોરતા પણ તેમાં સમજાય છે. તે બધું કર્મ-બંધનથી સંભવે,- તેથી નાડાછડીથી સંપુટને બાંધ્યો છે. તેને ફોડીને જવાનું સૂચવે છે કે, જન્મ-જીવન-મરણને કચડીને કર્મબંધનો ફગાવી દઈને દિવ્ય-દામ્પત્યથી

પ્રભુસેવન દ્વારા યથાધિકાર મોક્ષ કે લીલા-પ્રાપ્તિ માટે વરનું કન્યા-ગ્રહણ છે. સેવામાં સહાયતાથી સરલતા વધુ થાય છે.

વર-કન્યા બે કોડીઆં જેવાં, ઋણાનુબંધ વીંટાળેલી નાડા-છડી જેવાં. ઋણાનુબંધે બંને ભગવદિચ્છાથી પતિ-પત્ની-રૂપે એકઠાં મળ્યાં. વચ્ચે ઈન્દ્રિય-જીવન-સ્નેહ-રૂપ દહીં છે. તે સંપુટને ફોડીને, પરસ્પરનાં સ્નેહ અને એકતાને, દુઃખના ડુંગર નીચે દબાતાં-કચડાતાં કે સુખના શિખરે વિહરતાં પણ, ટકાવી રાખવાનું ઉચિતરીતે સૂચિત કરાય છે.

નાક-ખેંચવું - આ પ્રસંગે કે લગ્નવેદિકા પાસે, વિધિ પછી, રિવાજ પ્રમાણે, વરનું નાક કન્યાની માતા ખેંચે છે! વર રૂમાલથી બચાવ કરે છે. તે સૂચવે છે કે, જીવનમાં કોઈ કાર્ય એવું ન કરવું કે જેથી નાક-પ્રતિષ્ઠા-ખેંચાઈ જાય! તેનું સતત ધ્યાન રાખવું. નાક કપાય-પ્રતિષ્ઠ જાય-નામ બોળાય-તેવું કાંઈ ન બને તેમ સાવધ રહેવું. લગ્નવિધિ દરમ્યાન, વર કન્યાની માતાનો પાલવ પકડીને ભેટ લે છે. તે સ્નેહથી સ્વકીયતા સૂચવે છે. વરનાં બૂટ કે ચંપલને ચતુરાઈથી કન્યા-પક્ષવાળા સંતાડી દે છે, ભેટ મળતાં પાછાં દે છે. તે સર્વત્ર ધ્યાન રાખતાં શીખવે છે. આમાં આનંદ-મનોરંજન-સ્વકીયતા લાગે તેવા લોકરિવાજો છે.

(૯) મામેરું - મોસાળું :

મામેરું કે મોસાળું વર અને કન્યાને મોસાળ (માના પિતૃપક્ષ) તરફથી મમતાની મધુરતાના પ્રતીક-રૂપે વસ્ત્રો-આભૂષણો-પાત્રો-વસ્તુઓ-દ્રવ્ય-વગેરે યથાશક્તિ ઉત્સાહથી આપે છે. મામાઓની તેમાં મુખ્યતા છે. મામેરાનું યોગ્ય સ્વાગત થાય છે. કન્યાપક્ષ તરફથી પણ મામેરાવાળાઓને યોગ્ય સત્કાર-રૂપે ભેટ (શીખ) દેવાય છે.

(૧૦) (દિગ્-રક્ષણ, કલશાર્ચન, શ્રીગણપતિ-પૂજન) મધુપર્ક :

હવે, મંડપમાં પ્રવેશેલા વરરાજાને લગ્ન-સંસ્કાર-વેદી તરફ લઈ જવામાં આવે છે. આવનાર વરરાજા ભારતીય-સંસ્કૃતિ પ્રમાણે, ધર્મ-સંસ્કારને અનુકૂલ, યોગ્ય વેષભૂષામાં હોય તે આવકાર્ય છે. પશ્ચિમની માનસિક ગુલામીના પ્રતીક જેવો વેષ, સ્વતંત્ર (ક્હેવાતા) દેશના, સંસ્કાર-સંપન્ન, ધર્મ-ગૌરવવાળા, સુજનને ન શોભે.

વિદ્વાન્ વિપ્ર, પઠિત પુરોહિત કે જ્ઞાતિના ગુરુ (ગોર-મહારાજ) લગ્નવિધિ કરાવે છે. વૈદુષ્ય વિદાય થયું , અર્થ માટે અનર્થ સ્વીકાર્યો, યજમાનને રાજી રાખીને દ્રવ્યાદિ લેવાની મુખ્યતાથી ગુરુ-પદનું. ગૌરવ ગુમાવ્યું , તે ગોર થઈ ગયા ! કન્યા-દાન-દાતા યજમાન પતિ-પત્નીને આસને બેસાડીને, આચમન-પ્રાણાયામ-દેવબ્રાહ્મણને નમસ્કાર-કરાવીને, તેમના ભાલમાં કુંકુમ-તિલક થાય છે. દ્વિજનો વિધિ સઘળો સમંત્રક થાય છે. પોતાની કન્યાના વિવાહવિધિના અંગભૂત-રૂપે મંડપે આવેલા વરરાજાનું મધુપર્ક-વિધિથી અર્ચન થાય છે. તેમાં પહેલાં દિગ્રક્ષણ, કલશાર્ચન અને શ્રીગણપતિ-પૂજન થાય છે. દિગ્રક્ષણમાં અશુભ-વિઘ્નકારક - તત્ત્વોને દૂર કરીને, સર્વના અવિરોધથી પૂજન-કર્મારંભ થાય છે. કલશાર્ચનમાં જલની દેવતા વરુણનું પૂજન, નદીઓ-સમુદ્રો-તીર્થોને તે જલમાં પધારવા નિમંત્રણ થાય છે. તે જલથી સંપ્રોક્ષણ કરીને પવિત્રતાનું સંપાદન થાય છે, પછી ત્રણ-સોપારીમાં વચ્ચે ગણેશજી અને આસપાસ બુદ્ધિ-સિદ્ધિ (ગણેશ-પત્ની) ની ભાવના કરીને વિધિ-પૂર્વક પૂજન થાય છે. આરંભમાં ગણપતિ-પૂજનથી બધાં વિઘ્નો વિદાય થઈ જાય છે.

કન્યાના પિતા ઉભા થઈને વરરાજાને કુશમય-વિષ્ટર-આસન માટે સ્વાગત-રૂપે આપે છે,- અર્ઘ્ય આપે છે. "ૐ **षडर्घ्याभवन्त्याचार्य–ऋत्विग्वैवाह्यो राजाप्रियस्नातक इति...**" (પાસ્કર-ગૃહ્યસૂત્ર)-માં છે. અર્ઘ્ય-પૂજનના પાત્ર (અધિકારી) છ છે,- **૧. આચાર્ય, ૨. ઋત્વિક્, ૩. વિવાહ માટે આવેલો વર, ૪. રાજા, ૫. પ્રિયજન, ૬. સ્નાતક.**

કન્યાના પિતા વરને ક્હે છે,- "**साधु भवानास्तामर्च–यिष्यामो भवन्तम्।**"- "આપ સુંદર રીતે વિરાજો ! અમે આપનું અર્ચન કરીશું !" વરરાજા કહે છે,- "**अहं साधुः। मामर्चय।**"– "હું સુજન છું - સુંદરરીતે બેઠો છું ,- મારું અર્ચન કરો !" યજમાન- ""**विष्टरो विष्टरो विष्टरः।**"– કહીને હાથમાં બાંધેલા કુશ કે પાન આસન-રૂપે દે છે,- "**प्रतिगृह्यताम्**"- "સ્વીકારો"- કહે છે. "**प्रतिगृह्णामि**"- ક્હીને વર તે સ્વીકારે છે, અને પોતાની પૂજન-પાત્રતાને પ્રકટ કરતાં બોલે છે,- "**ૐ वर्ष्मोऽस्मि समानानामुद्यतामिव सूर्यः। इमं तमभितिष्ठामि यो मा कश्चाभिधासति।**"- "સમાનલોકોમાં વર્ચસ (તેજઃ-પ્રભાવ) વાળો (શ્રેષ્ઠ) હું છું ,- ઉદય પામનારા (તારા-ચન્દ્રાદિ)ઓનાં સૂર્ય (શ્રેષ્ઠ) જેવો છું. આ મને આપેલા વિષ્ટરને નીચે રાખીને હું તેની ઉપર બેસું છું" ,- ક્હીને પોતાના આસન નીચે તેને મૂકીને વર બેસે છે. કન્યાપિતા વરરાજાને પાદ-પ્રક્ષાલન માટે જલ દે છે. ડાબો પગ ધોઈને પછી જમણો ધોવાય છે. બ્રાહ્મણ હોય તો જમણો પ્રથમ અને ડાબો પછી ધોવાય. વરરાજા પોતે જ પોતાના પગ ધુએ, તે શાસ્ત્ર-મર્યાદા છે. કન્યાપિતા ધુએ તે તો લોકરૂઢિ છે, યોગ્ય નથી. પાદ-પ્રક્ષાલન પછી પૂર્વવત્ દ્વિતીય વિષ્ટર દેવાય છે.

તેને ચરણ નીચે રાખે છે. પછી યજમાન તામ્ર (કે સુવર્ણ) પાત્રમાં જલ-ગંધ-અક્ષત-પુષ્પાદિ-સહિત "અર્ઘ્ય" વરરાજાને - "**अर्घोऽर्घोऽर्घः**" કહીને હાથમાં આપે છે. તે કામના-પૂરક છે. વર તેને વંદન કરીને, થોડું માથે પધરાવીને, પૂર્વ કે ઉત્તરમાં પધરાવી દે છે. પછી, તેજો-યશઃ- આરોગ્ય માટે એક-વખત મંત્રથી અને બે વાર મૌનરીતે આચમન કરાવીને મધુપર્ક થાય છે. "**मधुना पर्कः संपर्कः मधुपर्कः ।**"- મધ સાથે સંપર્ક તે મધુપર્ક છે. કાંસાના પાત્રમાં દહીં-મધ-ઘીનું મિશ્રણ કાંસાના પાત્રથી ઢાંકે છે. તેને "**मधुपर्को मधुपर्को मधुपर्कः**"- કહીને નજર કરાવીને યજમાન વરને દે છે. વર તેને લઈને, ડાબા હાથમાં રાખીને, અંગુઠા સાથે જોડીને જમણા હાથની અનામિકા આંગળીથી ત્રણ વખત પ્રદક્ષિણા ક્રમે ઘુમાવીને, તે કાન્તિ-યશોવર્ધક-ભર્ગ-રૂપ મધુપર્કને કાંઈક ભૂમિ પર ત્રણ વખત છાંટીને, અંગુઠા સાથે ક્રમશઃ કનિષ્ઠકા, અનામિકા, મધ્યમા, તર્જની આંગળી જોડીને, તે પીવું , વધેલું શિષ્યને દેવું કે એકાંતમાં મૂકી દેવું. બે વખત આચમન કરવું ; પછી વરે ડાબા હાથમાં જલ લઈને તેનાથી જમણા હાથે યથાવિધિ અંગોને સ્પર્શતાં અંગન્યાસ કરવો. તેનાથી દેહમાં દેવયોગ્ય દિવ્યતા આવે. પછી, યજમાન વરની આગળ ઉત્તરાભિમુખ દર્ભ જમીન પર પાથરીને, વરના હાથમાં ગોનિષ્ક્રય-દ્રવ્ય (ગાયનું મૂલ્ય) દઈને,- "**गौर्गौर्गौः**"- એમ ત્રણ વખત બોલે છે, "મારાં તથા યજમાનનાં પાપો નષ્ટ થયાં",- વર બોલે છે. દર્ભ-ઘાસ પર પેલું દ્રવ્ય મૂકે છે. "ઘાસ લઈ લો,"- અન્ય કોઈ કહે છે. આમ નિર્દોષ અર્થનું સંપાદન થાય છે. પછી કન્યાદાન-દાતા વરને તિલકાક્ષત કરીને વસ્ત્રાલંકારોથી પૂજે છે. આ મધુપર્કથી પ્રભુ પ્રસન્ન થાવ, એમ સંકલ્પ થાય છે.

૧૧. કન્યાદાન :

મધુપર્ક પછી અંતર્પટ થાય છે. વરની સામે આડું વસ્ત્ર-પડદાની જેમ-ધરાય છે. આ પ્રસંગે મંગલઘોષ થાય છે. વિદ્વાન્ વિપ્ર "**મંગલ-મનઃકામના**"-રૂપ મંગલાષ્ટકનું ગાન-પ્રદાન કરે છે. મૃદુ સંગીત-સ્ત્રી વૃન્દનું મંગલગીત-તો સતત ચાલે જ છે.

શ્રીહરિઃ

મંગલ-પરિણય-પ્રસંગે

મંગલ-મનઃકામના

माङ्गल्यं न हि भूषणैर्न कलया कीर्त्या न वा विद्यया
नो वा तत्सुमनोहरेण वपुषा वस्त्रैर्विलासैरपि ।
नो वा सत्कुलजन्मना च विभवैर्मित्रैर्न वा बन्धुभिः
किन्त्वेतद्धरिपादपद्मरजसा तन्निष्ठहृद्भावतः ॥ १ ॥

માંગલ્ય આભૂષણો વડે નથી; કલા વડે નથી, કીર્તિ કે વિદ્યા વડે નથી, અથવા સુમનોહર શરીર વડે માંગલ્ય નથી; વસ્ત્રો કે વિલાસો વડે પણ નથી; કે સત્કુલમાં જન્મથી નથી અને વૈભવોથી નથી, મિત્રો કે બંધુજનો વડે નથી; પણ માંગલ્ય તો શ્રીહરિના ચરણકમલની રજઃવડે અને તેમાં સ્થિર હૃદયના ભાવથી છે.

यागेऽस्मिन् रुचिरः स्वदेश उचितः कालो हि सर्वः शुभः
कर्ता प्रेमनिधानभद्रहृदयं द्रव्यं सुदाढ्यं मतेः ।
मन्त्रः सर्वसुखार्थयत्नकरणं कर्मापि सेवा मुदा
षोढा शुद्धिरभीप्सितास्ति सुखदे गार्हस्थ्यमार्गेऽस्तु ते ॥ २ ॥

યજ્ઞમાં છ પ્રકારની શુદ્ધિ અભીપ્સિત છે. **દેશ**-સુંદર સ્વદેશ, ભારત યોગ્ય છે, **કાલ**-સઘળો જ શુભ છે. **કર્તા**-પ્રેમભર્યું કલ્યાણમય હૃદય છે. **દ્રવ્ય**-બુદ્ધિની સુદૃઢતા છે. **મન્ત્રં**

સર્વના સુખ માટે પ્રયત્ન કરવો તે છે, કર્મ-પણ હર્ષપૂર્વકની સેવા છે. આ સુખદ ગૃહસ્થાશ્રમના માર્ગમાં તે બધાં તારાં બનો ! (જીવન દિવ્ય-યજ્ઞમય બનો !)

हित्वा यासि गृहं न भावहृदयं कल्याणकल्लोलिनि
सेवा ते सलिलं गुणाः सुरवरा विप्राश्च विद्यारतिः ।
पावित्र्यं कुशलं च मन्दिरमुरः वाणी मुदा संस्तवः
मेघा मङ्गलमालिका पतिगृहं तीर्थीक्रियास्त्वं सदा ॥ ३ ॥

હે કલ્યાણ કલ્લોલિનિ (નદિ) ! તું અમારું ઘર છોડીને જાય છે,-ભાવભર્યું હૃદય છોડીને નહિ. સેવા તારું જલ છે, ગુણો શ્રેષ્ઠ દેવો છે; અને વિદ્યા-રતિ વિપ્રો છે, ધર્માચરણ પવિત્રતા છે, હૃદય મંદિર છે, વાણી સહર્ષ-સ્તુતિ છે, બુદ્ધિ મંગલમાલા છે, (તેથી) તું પતિના ઘરને સદા તીર્થ-રૂપ કરજે.

दत्ता त्वं दुहितर्वराय गुणिने नैकाकिनी यासि तु
विस्रम्भो जनकस्त्वदीयजननी श्रद्धा मुदः सोदराः ।
सेवा ते भगिनी गुणा निजजना माध्वी च गीस्ते सखी
दाक्षिण्यं विनयः सुधीः परिचरा यान्ति त्वया तैः शिवम् ॥ ४ ॥

હે દિકરી ! તને ગુણવાન વરને દીધી છે, પણ તું એકલી (પતિગૃહે) જતી નથી, પણ વિશ્વાસ પિતા, તારી માતા શ્રદ્ધા, ભાઈ હર્ષ, તારી બેન સેવા, કુટુંબિજન (જેવા) ગુણો, અને મધુર વાણી તારી સખી, નિપુણતા,- વિનય અને સદ્‌બુદ્ધિ, એ સેવકો, તારી સાથે આવે છે, તેમના વડે કલ્યાણ છે.

स्नेहाद्वा हितकाङ्क्षया प्रकृतितो वात्सल्यभावेन वा
प्रोक्तं वाचरितं कटुत्वसहितं ज्ञात्वाप्यथाज्ञानतः ।
सर्वं तद् हृदये निधेहि तनये स्वर्घ्याञ्जलिर्नः पथि
मन्तव्यं न कटुत्वमाप्तकरणे ज्ञेया वयं ते सदा ॥ ५ ॥

સ્નેહથી કે હિતની આકાંક્ષાથી, સ્વભાવથી અથવા વાત્સલ્યભાવથી, જાણીને કે અજાણ્યે પણ, કટુતા સહિત (અમે) સ્વજને કહેલું કે આચરેલું બધું તારા હૃદયમાં રાખજે. જીવનપથમાં અમારી એ સુંદર અર્ધ્યાંજલિ છે. દિકરી ! આપ્તજનોની ક્રિયામાં કટુતા ન જાણવી જોઈએ. અમને સદા તારા જાણવા જોઈએ

श्रीकृष्णः शरणं ममेति हृदये निष्ठा च वाण्यां जपः
सेवा ह्यात्मनिवेदनेन विधिना पानं कथाया मुदा ।
दैन्यं तज्जनसङ्गतिश्च नितरां गानं हरेः प्रेमतः
वाणीध्यानकृतेर्वृथात्वदलनं तज्जन्मनो मङ्गलम् ॥ ६ ॥

"શ્રીકૃષ્ણ મારું શરણ છે",- તેવી હૃદયમાં નિષ્ઠા અને વાણીમાં **"શ્રીકૃષ્ણઃ શરણં મમ"**- એવો જપ, આત્મનિવેદન-વિધિપૂર્વક જ સેવા, વારંવાર કથાનું પાન, દીનતા અને ભગવદીય-જનનો સંગ, પ્રેમથી હરિનું ગાન, વાણી-વિચાર-વર્તનના વૃથાપણાને દૂર કરી દેવું તે-,જન્મનું મંગલ છે.

बर्हापीडमनोहरो नटवरो बिभ्रन् रसोन्मत्तातां
माधुर्यामृतवर्षि रासरमणं कुर्वन्निकुजने मुदा ।
लीलाभिः परिसेव्यते कलनिधिर्लक्ष्मीसहस्रैर्व्रजे
स श्रीभूषणभूषणाङ्गललितः कुर्यात्कृपाकांक्षितम् ॥ ७ ॥

મયૂર-પિચ્છના મુકુટવાળા શૃંગાર-રસાત્મક નટવર (ભગવાન્ શ્રીકૃષ્ણ) રસોન્મત્તપણાને ધારણ કરતા, નિકુંજમાં માધુર્યામૃતને વરસાવતું રામ-રમણ હર્ષપૂર્વક કરતા; વ્રજમાં હજારો વ્રજલક્ષ્મીજીઓથી (કલાનિધિ) માધુર્યનિધિ લીલાઓ વડે સર્વતઃ સેવાય છે, તે ભૂષણના ભૂષણ-રૂપ અંગવાળા-લલિત ભગવાન્ શ્રીકૃષ્ણ કૃપાથી કાંક્ષિત (ઇચ્છેલું) કરો !

श्रीमद्भागवतं फलं रससञ्चयं रूपं हरेर्वाङ्मयम्
लीलानन्दमयस्य यत्र दशधा प्रस्थानतुर्ये स्वतः ।
कृष्णस्यात्मरहः प्रकाशममलं सामाधिकं कृष्णतः
कृष्णास्यैः सुविवेचितं स्वकृपया कुर्याद्धि कृष्णात्मताम् ॥ ८ ॥

શ્રીમદ્-ભાગવત ફલ છે, રસ-સચય છે, આનદમય હરિનું વાઙ્મય-સ્વરૂપ છે, જે ચતુર્થ-પ્રસ્થાનમાં સ્વતઃમાં આનંદમય હરિની દશધા (સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઊતિ-મન્વન્તર-ઈશાનુકથા-નિરોધ-મુક્તિ-આશ્રય) લીલા છે, (તે) કૃષ્ણનો નિર્મલ "આત્મ-રહઃ-પ્રકાશ", કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીથી સમાધિ-સંબધ (સમાધિભાષા-રૂપે) (થયો) (છે), "કૃષ્ણાસ્ય" શ્રીમહાપ્રભુજી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સ્વકૃપાથી સુંદર રીતે (તત્ત્વાર્થદીપનિબંધ" અને શ્રીસુબોધિનીજી-રૂપે) વિવેચન કરેલું છે, તે (શ્રીભાગવત) કૃષ્ણાત્મતાને નિશ્ચિતરૂપે (સિદ્ધ-પ્રદાન) કરો !

*

આ રીતે, મંગલ-ગાન પછી, "सुमुहूर्तं शुभलग्नं क्षेमं कल्याणमारोग्यं निर्विघ्नेन शुभं भवतु ।" "નિર્વિઘ્નતાથી શુભ થાવ",- કહેવાય છે.

"तदेव लग्नं सुदिनं तदेव ताराबलं चन्द्रबलं तदेव ।
विद्याबलं दैवबलं तदेव लक्ष्मीपते तेऽङ्घ्रियुगं स्मरामि ॥"

"તે જ લગ્ન છે, તે જ સુદિન છે, તારાબલ-ચન્દ્રબલ તે જ છે; વિદ્યાબલ-દૈવબલ તે જ છે, હે લક્ષ્મીપતિ ! હું તમારા ચરણદ્વયનું સ્મરણ કરું છું." (ભગવાનના ચરણ-સ્મરણથી અપૂર્ણ સુપૂર્ણ બને છે, અયોગ્ય સુયોગ્ય બને છે.) અંતઃપટ ખસેડીને, (મામા) દ્વારા વધાવાતી યથાશક્તિ અલંકૃત કન્યાને મંડપમાં લાવીને વરરાજા સામે આસને બેસાડાય (છે) (કે) ત્યારે માબાપ કન્યાનું યથાવિધિ પૂજન કરે છે. વર-કન્યા ત્યારે ઉપસ્થિત સભાજનો-મહાજનો-સ્વજનો-સુજનોને કહે છે.

"ॐ समंजन्तु विश्वे देवाः समापो हृदयानि नौ ।
संमातरिश्वा संधाता समुदेष्ट्रीदधातु नौ ॥"

હે મંડપમાં વિરાજતા સર્વ વિદ્વજ્જનો ! આપ અમને નિશ્ચય કરીને જાણો કે, અમે પોતાની પ્રસન્નતા-પૂર્વક ગૃહસ્થાશ્રમમાં રહેવા માટે એકબીજાનો સ્વીકાર કરીએ છીએ. અમારાં બંનેનાં હૃદય જલ જેવાં મધુર (કટુતા વગરનાં), શીતલ (ઉષ્ણતા-ક્રોધ-ઉગ્રતા-વગરનાં), કોમલ (કઠોરતા-કપટ-કલેશ-કલહ-વગરનાં), સ્વચ્છ (મલિનતા વગરનાં), શાંત (અશાંતિ-આશંકા-અસંતોષ-વગરનાં) અને એકરૂપ (આત્મીયતા-ભરેલાં) છે. અમારાં બંનેનાં હૃદય પવન જેવાં સર્વમાં સુખદ છે, પ્રાણવાયુ જેવાં સર્વને ઉપયોગી-હિતાવહ છે, અમે એકબીજાથી સદા પ્રસન્ન રહીશું. અમારાં હૃદય સૌને ધારણ-કરનાર, સૌનું પોષણ કરનાર, ધાતા (ભગવાન્) જેવાં છે. અમે એકબીજાના ગુણોને ધારણ કરીશું પોષણ કરશું, (દોષો દેખીશું નહિ). અમે કોઈના જીવનનો આધાર બનીશું. અમારા ગૃહસ્થાશ્રમથી ઉત્તમતાનું પાલન-પોષણ કરીશું. ઉપદેષ્ટા જેવા અમારા હૃદય છે. અમે એકમેકના પૂરક બનીશું; જીવનને મધુર-મંગલ-મંજુલ બનાવીશું. અમારા જીવનથી સૌને સારું શિખવા મળે, સન્માર્ગ મળે, તેવું બનાવીશું. પરસ્પર પ્રેમને પોષીશું. ભગવાન્ તેમના માર્ગમાં ચલાવીને અમારું બંનેનું ધારણ-પોષણ કરીને, આગળ વધારવા કૃપા કરો !

પ્રભુ પરસ્પર મનને અનુકૂલ રાખે ! પરસ્પરમાં વિરોધ ન થવા દે ! સર્વને સુખ થાય તેમ જીવાડે ! પરસ્પર સ્નેહ-સમજ-સહિષ્ણુતા-પૂર્વક શાંતિ દે ! બંને સન્નિષ્ઠાથી સન્માર્ગે જીવતાં, પ્રભુની પ્રસન્નતાને પ્રાપ્ત કરીને, પતિ (સર્વપતિ પુરુષોત્તમ કૃષ્ણ) લોકને પ્રાપ્ત થઈએ !- (આવા અર્થના મંત્રો પણ દેખાય છે.)

પછી, કન્યાનાં માતાજી-પિતાજી કન્યા દાનનો સંકલ્પ કરે છે. તેમાં પિતા ઉભયની વંશવૃદ્ધિ માટે, સ્વપિતૃઓના ઉદ્ધાર માટે, ભગવત્પ્રીતિ-પ્રાપ્તિ માટે, સુયોગ્ય વરને પોતાની કન્યાનું દાન દેવાનું કહે છે.

કન્યાદાન પિતા જ દે છે. પિતાની અનુપસ્થિતિમાં દાદાજી, ભાઈ, બંધુજનો, માતા, જ્ઞાતિજનો કન્યાદાન દઈ શકે છે.

સંકલ્પ પછી વરરાજાના હસ્તમાં સુપ્રોક્ષિતાદિ-કરણ થાય છે. જલ-ગંધ-અક્ષત-પુષ્પાદિ કલ્યાણ-સૌમનસ્ય-આરોગ્ય-મંગલ-આયુષ્ય-લક્ષ્મી-વૃદ્ધિની કામનાથી દેવાય છે. પાપ-રોગ-અશુભ-અકલ્યાણ દૂર રહે,- તેવી કામના કરાય છે.

આ અવસરે પ્રવરવાચન-ગોત્રોચ્ચાર-થાય છે, વરનું પહેલાં, પછી કન્યાનું ! સગોત્ર-સંબંધ સ્વીકાર્ય નથી. શ્રીધર-રૂપ વરને શ્રી-રૂપિણી કન્યાનું દાન થાય છે. (વરરાજાના હાથ પર કન્યાનો હાથ રાખીને તેના પર પોતાના હાથ રાખીને અવિચ્છિન્ન જલધારા થાય છે.) કુલ- શીલ-સૌંદર્ય-સુલક્ષણ-આરોગ્ય-આભૂષણ-સંપન્ન-પ્રિય બોલનારી, ધર્મ- કર્મ-નિપુણ, વિખ્યાત શુદ્ધ મોસાળવાળી, શાસ્ત્રાચારવાળી, કન્યાને યથાશક્તિ સ્વોપાર્જિત દ્રવ્ય-સહિત પ્રભુ-પ્રસન્નતા માટે, પ્રજાતંતુની પરંપરા માટે, સહ-ધર્માચરણ માટે, ભાર્યા-રૂપે દેવાય છે. “**मयाऽपि दत्ता ।**”- “મેં પણ દીધી”- તેમ

માતા બોલે, એમ કેટલાક કહે છે. પછી, કુશ-અક્ષત-સહિત જલવાળો કન્યાનો જમણો હાથ વરરાજાના જમણા હાથમાં દેવાય છે, હસ્તમેળાપ થાય છે. વરરાજા,- “**प्रतिगृह्णामि स्वस्ति ।**”- “સ્વીકારું છું , કલ્યાણ હો !” - તેમ બોલે છે.

વર-કન્યાના આ સંબંધના મૂલનું દિગ્દર્શન વેદ કરાવે છે,-

“ॐ कोऽदात् कस्मा अदात् कामोऽदात्कामायादात् ।
कामो दाता कामः प्रतिगृहीता कामैतत्ते ॥”

“કોણે(કન્યા) દીધી ? કોને દીધી ? કામે આપી, કામને આપી; કામ દાતા છે, કામ સ્વીકારનાર છે, તે બધું કામ છે.”

ગીતાજીમાં ભગવાને કામનાં બે સ્વરૂપ બતાવ્યાં છે,-

૧. ધર્મસંમત-કામ- ભગવાનની વિભૂતિ છે. “**धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि....।**”- (૭-૧૧), અનિષિદ્ધ-ભોગ-રૂપે તે આવકાર્ય છે. પ્રાણીમાત્રમાં આ ભોગની ઇચ્છા રહેલી છે, તેનો યોગ્ય ભોગ-રૂપે સ્વીકાર કરેલો છે. આહારની જેમ વિહાર પણ જીવનમાં ઉપયોગી છે. શ્રીગીતામાં યુક્તાહાર-વિહાર તો યોગ-સંમત કહ્યો છે, પ્રજાતંતુના વર્ધનમાં તે આવકાર્ય છે. શ્રીભાગવતમાં તેને શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન-રૂપે ગણ્યો છે,- “**कामस्तु वासुदेवांशः प्राग्दग्धो रुद्रमन्युना । देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ॥**”- (૧૦-૫૫-૧). રુદ્રના કોપમાં બળી ગયેલો વાસુદેવાંશ કામ પુનઃ દેહપ્રાપ્તિ-માટે (પુનઃ બળી ન જવું પડે માટે) તે (કૃષ્ણ)ને શરણે ગયો.

૨. ધર્મવિરુદ્ધ (નિષિદ્ધ) કામ- તે તે સૌના શત્રુ-રૂપ છે. “**जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ।**”- ગીતાજી (૩-૪૨). મહાભક્ષક, મહાપાપ-રૂપ, જ્ઞાન-વિજ્ઞાન-નાશ-રૂપ તે છે. નરકનું દ્વાર પણ કામને કહેલ છે,- “**त्रिविधं नरकस्येदं द्वारं**

नाशनमात्मनः । कामः क्रोधस्तथा लोभः तस्मादेतत् त्रयं त्यजेत् ॥" શ્રીગીતાજી-(૧૬-૨૧). કામ, ક્રોધ, લોભ નરકનાં દ્વાર છે, આત્મનાશક છે; તેથી ત્રણેનો ત્યાગ કરવો. તેને શ્રીભાગવતમાં પ્રદ્યુમ્નજીને હરી જનાર શંબરાસુર- રૂપે કહેલો છે. અયોગ્ય-ભોગ તે છે, પાપપ્રેરક પણ છે.

યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય રીતે, કામોપભોગ હિતાવહ છે. અયોગ્ય સમયે, અયોગ્ય સ્થળે, અયોગ્ય રીતે કામોપભોગ હિતનાશક છે. ભગવદ્ઇચ્છાથી કશ્યપ-મુનિએ સાયંકાલે દિતિને ગર્ભાધાન કર્યું, તેમના પુત્રો આસુર થયા- "હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ"! કુબેરના પુત્ર નલકૂબર મણિગ્રીવે કૈલાસ પાસે મંદાકિનીમાં સ્ત્રીઓ સાથે વિહારો કર્યા! ત્યારે નારદે તેમનું ભાન ઠેકાણે લાવવા, શાપ દેતાં, વ્રજમાં વૃક્ષ બનાવ્યા,- યમલાર્જુન થયા..! કામ કામનો છે, વિવેક હોય તો! કામોપભોગથી કામ શાન્ત થતો નથી, વધે છે. અગ્નિમાં ઘી હોમતાં અગ્નિ વધે તેમ-!

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥
- श्रीभागवत (९-१९-१४).

ભારતીય-સંસ્કૃતિએ તો, કામને ત્રીજો પુરુષાર્થ ગણ્યો છે, સૌનો તન-મનની સ્વાભાવિક-વૃત્તિનો સમાદર કર્યો છે! લગ્ન-સંસ્થાના મૂલમાં આમ કામોપભોગની પણ વ્યવસ્થા છે. તેનાથી સમાજમાં શિષ્ટાચાર અને સદાચાર સરલતાથી સચવાય છે. સ્વૈરવૃત્તિથી તો અનાચાર જ ફેલાય છે. ભગવાને બ્રહ્માજી દ્વારા સ્ત્રી-પુરુષના મિથુન(યુગલ)ની સૃષ્ટિ રચાવી છે, તે ભગવલ્લીલા છે. ભગવાન્ અને લક્ષ્મીજી-સ્વામિનીજી પતિપત્ની-યુગલ-સ્વરૂપમાં વિહરે છે!

"સેવાફલ"માં શ્રીમહાપ્રભુજીએ લૌકિક-ભોગને સેવામાં ફલ-પ્રતિબંધક ગણ્યો છે. તેના ત્રણ દોષ બતાવ્યા છે; કષ્ટલબ્ધ છે, અલ્પ છે, ઘાતક છે; તુચ્છ છે, કઠિન છે, ભયંકર છે. "કામાખ્યદોષવિવરણ"માં શ્રીહરિરાયજીએ તેને રજોગુણમાંથી થયેલો, મુખમાં રજ ફેંકનારો, જીવન-પ્રતિષ્ઠાનાશક કહ્યો છે. "रजोगुणसमुद्भवो रजःप्रक्षेपको मुखे ।" ભર્તૃહરિજી કહે છે- "भोगा न भुक्ता वयमेव भुक्ताः ।" ભોગો ભોગવાતા નથી, આપણા ભોગ લાગે છે! અલૌકિક-ભોગ તો ભગવત્પ્રસાદ-રૂપ છે, ફલ-રૂપ છે.

"कबूतर कंकर खात है ताको सतावत काम ।
शिरापुरी खात है ताको बचावत राम ॥"

ભોગ તો ભગવાન માટે! સેવક માટે તો પ્રસાદ જ હોય!

કન્યાનું દાન કર્યા પછી, રિવાજ પ્રમાણે સૌ કન્યાને યથોચિત દ્રવ્ય-આભૂષણ-વસ્ત્ર-વગેરેનું દાન કરે છે. કેટલાક હોમ પછી આવું દાન કરે છે.

૧૬. વરણમાલાર્પણમ્ : વસ્ત્રગ્રંથિબંધનમ્ ! (છેડાગાંઠણ)

કન્યાની માતા કાંસાના પાત્રવડે કુંકુમ-અક્ષત-જલ-વાળો બેઉ હાથ પર જલ સિંચે છે. બંનેના સ્વજનો હસ્તસ્પર્શ કરીને 'વરમાલા' પહેરાવે છે- "વરણમાલા" તેવો રિવાજ છે. વસ્ત્રગ્રંથિ- "છેડાગંઠન"- પણ યથાસમયે થાય છે. બીજા વિધિ-મંત્રોમાં આશય છે કે સુશીલ કન્યા આ વરના કુલની કલ્પલતા છે. કન્યા! તમને હરિએ દીધી છે, સૂર્ય-ચન્દ્રમા-જ્યાં સુધી તે તમારે ત્યાં સ્થિર થજો! આ કન્યારત્ન [illegible] સંદેશ છે. [illegible] તમને દીધું છે. [illegible] કન્યાવલ્લરી વાવી છે; હવે તમારા આંગણે, પ્રેમ-સિંચનથી, [illegible]

સંભળાજો ! કુલ તમારું વૃદ્ધિ પામજો ! યથાશક્તિ સંસ્કાર-સંપત્તિ-સંપન્ન કન્યા તમને દીધી છે; દેવ-દ્વિજ-અગ્નિ તેમાં સાક્ષી છે. પછી વરને ગોદાન-દ્રવ્યાદિ દેવાય છે.

કન્યાને લઈને જતો વર કહે છે,-

"ॐ यदैषि मनसा दूरं दिशोऽनुपवमानो वा ।
हिरण्यपर्णो वैकर्णः स त्वा मन्मनसा करोतु असौ ॥"

જેમ પવિત્ર વાયુ તથા જલ-આદિને કિરણોથી ગ્રહણ કરનાર સૂર્ય, દૂરના પદાર્થોને તથા દિશાઓને પ્રાપ્ત થાય છે; તેમ તને પ્રભુ મારા મનને અનુકૂલ કરે ! આપણે મનથી પરસ્પર એકબીજાને પ્રાપ્ત થયાં છીએ, તો ભગવાન્ પરસ્પરના મનને અનુકૂલ રાખો !

"ॐ अघोरचक्षुरपतिघ्न्येधि शिवा पशुभ्यः सुमनाः सुवर्चाः।
वीरसूर्देवृकामा स्योना शन्नो भव द्विपदे शं चतुष्पदे ॥"

પતિ સાથે વિરોધ ન કરનારી તું , સર્વરક્ષક-સુખદ-પ્રભુની કૃપાથી અને પોતાના પ્રકૃષ્ટ પ્રયત્નોથી પ્રિય-દૃષ્ટિવાળી થા ! તું મંગલ કરનારી, પશુઓને સુખ દેનારી, પવિત્ર-પ્રસન્ન-અંતઃકરણવાળી, સુંદર-શુભગુણ-કર્મ-સ્વભાવ -વિદ્યાથી તેજસ્વી ઉત્તમ સંતાનો દેનારી, દિયેર વગેરે સ્વજનોને સુખી ઈચ્છનારી, સ્વયં સુખી થઈને સંતાન-મનુષ્ય-પશુઓને સુખદ થા ! હું પતિ-રૂપે પણ તેમ વર્તન કરીશ !

કન્યા- **"તથાસ્તુ"**- કહીને તેમાં સંમતિ દે છે. કન્યાને પ્રથમ દેહ-પોષક ચન્દ્ર, બીજો રૂપ-પોષક ગંધર્વ, ત્રીજો સંચાલક અગ્નિ અને ચોથો મનુષ્ય પતિ છે. કન્યાના ઉત્તરોત્તર દેહ-વિકાસમાં ચન્દ્ર-ગંધર્વ-અગ્નિ ઉપકારક છે. તે પછી મનુષ્ય-વિહાર-યોગ્યતા આવે છે.

કન્યાદાન-સમાપ્તિમાં બ્રાહ્મણોને ઉત્સાહથી દક્ષિણા-ભોજનાદિ દેવાય છે. બધામાં પ્રભુ-પ્રસન્નતા જ ફલ છે.

૧૩. વિવાહ - હોમ :

અગ્નિ-સ્થાપન કર્યા પછી યજ્ઞક્રિયા આરંભાય છે. (કેટલાક અહીં વરમાલા-સમર્પણ,- વસ્ત્રગ્રંથિ-બંધન કરે છે.) **"યોજક"**- નામના અગ્નિમાં હોમ થાય છે. આજ્યાહુતિ -(ઘીની આહુતિ) દેવાય છે. શાસ્ત્રમંત્રોથી રાષ્ટ્રભૃદ્ધોમ, જયાહોમ, અભ્યાતાન-હોમ થાય છે. કન્યામાં ભાર્યાત્વ- સિદ્ધિ આ હોમથી થાય છે. અગ્નિ, ગંધર્વ, ઓષધિ, અપ્સરા, ચિત્ત, પ્રજાપતિ, દેવ, પિતૃ-વગેરેને હોમથી તૃપ્ત કરીને મંગલાશીર્વાદ મેળવાય છે.

૧૪. પાણિ-ગ્રહણ :

વર કન્યાના જમણા હસ્તનું ગ્રહણ કરે છે. આમાં કન્યા મંત્રો બોલીને **"લાજાહોમ"** કરે છે. પ્રભુ પિતાના કુલમાંથી છોડાવે, પતિથી ક્યારેય નહિ ! પતિ અને પરિવાર પ્રસન્ન-ઉન્નત થાવ ! અમારો પરસ્પરમાં અનુરાગ રહો ! સમૃદ્ધિ વધો !- આ મંત્રાશય છે. કન્યાના ભાઈ સૂપડામાં શીમળો-કેસુડો-લાજા (જવ) લઈને અંજલિથી હોમે છે. સમૃદ્ધિ અને સંવનન (અનુરાગ) તેનાથી થાય છે. પાણિગ્રહણ કરતાં વર કહે છે,-

"ॐ गृभ्णामि ते सौभगत्वाय हस्तं मया पत्या जरदष्टिर्यथा सः ।
भगो अर्यया सविता पुरन्धिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः ॥"

"સંતાન-સંસ્કાર-સંપત્તિ-વગેરે સૌભાગ્ય માટે તારો હાથ ગ્રહણ કરું છું. તું મારી (પતિની) સાથે વૃદ્ધાવસ્થા સુધી સુખથી રહે ! હું તને પતિ-રૂપે પ્રાપ્ત થયો છું. ભગવાન્-દેવતાઓ-વિદ્વાનો તને ગૃહસ્થાશ્રમના ધર્મોના પાલન માટે મને સોંપે છે. હું તારી સાથે સાચા મનથી જોડાયો છું. તારાથી વિપરીત

[illegible]

[illegible] તેમાં [illegible] તેવી સંમતિ-પ્રતિજ્ઞા [illegible] ધર્મથી બંને પતિ-પત્ની બન્યાં છીએ. ધર્મકાર્યને સિદ્ધ કરીશું. ભગવાને તને સુખ માટે મને દીધી છે! મારી સાથે સો શરદ સુખથી જીવજે! હું તને વસ્ત્ર-આભુષણાદિથી સુશોભિત રાખીશ. આપણી ઈચ્છાઓને પ્રભુ કૃપાથી પૂરી કરે! આપણે પરસ્પર પ્રસન્ન રહીશું. જીવનમાં ઉન્નત આદર્શોથી ઉન્નતિને પ્રાપ્ત કરીશું! પરસ્પર-પ્રેમથી પ્રકૃષ્ટ વ્યવહાર રાખીશું. સમજ અને સ્નેહપૂર્વક હું તારો સ્વીકાર કરું છું. વરિષ્ઠ વિચારો અને ઉત્તમ આચારોથી પરિવારને પ્રસન્નતા દેતા આનંદથી સો શરદ જીવીએ!

૧૫. અશ્મા (શિલા) રોહણ :

વર (કે કન્યાના ભાઈ) ડાબા હાથે કન્યાનો જમણો પગ તૈયાર રાખેલી શિલા પર મૂકે છે. શિલાની જેમ જીવનમાં ધર્મમાં સુદૃઢ થઈને દોષીઓને દબાવતી છે!

૧૬. મંગલ-પરિક્રમા (ફેરા) :

આગળ વધૂ (કન્યા)ને રાખીને વર અગ્નિની પરિક્રમા કરે છે. અજ-ભગવાનનું સ્મરણ પ્રથમ-મંગલમાં બંને કરે છે. પ્રજાપતિની કૃપાથી બંનેનું સૌખ્ય-સુખ-થાય છે.

દ્વિતીય-મંગલમાં (લાજા હોમીને) - બંને અગ્નિનું સ્મરણ કરે છે. પુત્ર-પૌત્ર-સુખ અગ્નિકૃપાથી થાય છે.

તૃતીય-મંગલમાં (લાજા હોમીને) - બંને શ્રીલક્ષ્મી-નારાયણનું સ્મરણ કરે છે. સર્વ(સુખદ) સ્વજન-પ્રીતિ તેમની કૃપાથી થાય છે.

ચતુર્થ-મંગલમાં (ભગ્ન-લાજા હોમીને) - આગળ વર, પાછળ વધૂ ચાલતાં, શ્રી [illegible]ની પરિક્રમા કરીને, પોતાના આસને બેસે છે.

મંત્રાશય :

ભગવાનની યજ્ઞથી (ઘરમાં સ્વરૂપ પધરાવીને આધિદૈવિક-યજ્ઞરૂપથી) સેવા કરવા માટે જ આ કન્યાનો મેં સ્વીકાર કર્યો છે. કન્યા સૂર્યદેવે દીધેલી શોભાને ધારણ કરે, તેમ હું પ્રતિષ્ઠા પ્રાપ્ત કરું! આ કન્યાને, હે અગ્ને! સ્ત્રીત્વને પ્રાપ્ત કરતી પુત્રવતી બનાવો!

માતા-પિતા-ભ્રાતાદિ સર્વને છોડીને આ કન્યા પતિગૃહની દીક્ષા લઈ ચૂકી છે. તે સર્વદા સાથે રહે! સુમીલિત રહે! જલ-પ્રવાહ તૃણને દબાવીને આગળ વહે, તેમ અમારા કામાદિ-શત્રુઓને દબાવીને અમે ભગવન્માર્ગમાં આગળ વધીએ!

મંગલ-ફેરામાં પણ લૌકિક-રીત રિવાજથી ભેટ દેવાતી હોય છે. ચોથા ફેરામાં આસને પહેલાં બેસનારની મુખ્યતા થવાનું કહેવાય છે.

૧૭. સપ્તપદી :

પછી પ્રાજાપત્ય-હોમ થાય છે. પછી અગ્નિની ઉત્તરે સાત (તંદુલ) ધાન્યની ઢગલીઓ કરીને સપ્તાચલ-પૂજન, કન્યાની દારાત્વસિદ્ધિ માટે થાય છે. આ સાત મંડલમાં સાત-પગલાં વર-કન્યાને ચલાવે છે. "સપ્તપદી"ના વિવાહ-પ્રતિજ્ઞા-મંત્રો બોલાય છે. સાતમા પગલે કન્યાનું ગોત્ર જુદું થઈ જાય છે. "સાપ્તપદીનં તુ મૈત્રમ્" - સજ્જનો સાત પગલાં સાથે ચાલે તો સખ્ય થાય છે. સતી સાવિત્રી પોતાના પતિ સત્યવાનના પ્રાણ યમરાજ પાસેથી સાત પગલાંની મૈત્રીના દાવે વાતો કરતાં, વરદાન માગતાં, છોડાવી લાવેલાં! "સપ્તપદી"ની સુંદર જીવન-પ્રતિજ્ઞાઓ છે.

શ્રીહરિઃ

પરિણય-પ્રતિજ્ઞા-પત્રિકા

- સપ્તપદી -

॥ अथ सप्तपदी प्रारभ्यते ॥

વર : **ॐ एकमिषे विष्णुस्त्वा नयतु ।**

વદે વેદો વાણી, નહિ રમત આ એક જણની,
કરી ઈચ્છા તેથી, રમત રમવા અન્ય-જનની;
થયાં તે ઈચ્છાથી, યુગલમય દેવો પરણતાં,
અમારા આદર્શો, અનુસૃત થવા કૃષ્ણ બલ દે !

કન્યા : **सुखदुःखानि सर्वाणि त्वया सह विभज्यते ।**
यत्र त्वं तदहं तत्र प्रथमेऽहं ब्रवीमि ते ॥

બની છાયા પ્રેમે, પુલકિત-મુખે દુઃખ સહવા,
સુખો વા દુઃખોને, પ્રણયબલથી એક ગણવા;
વળી હું સંતોષે, પતિ સહ સદા વાસ કરવા,
વદું ભાવે સ્વામિન્ ! પ્રથમ પગલે ઐક્ય ધરતાં.

વર : **ॐ द्वे ऊर्ज्जे विष्णुस्त्वा नयतु ।**

વિના કો’ સંકોચે, સ્વજન મુજનાં તું નિજગણી,
ગ્રહી શાંતિ ગેહે, ગતિ મતિ તણી એક કરવા;
વધારીને શુદ્ધિ, પ્રતિદિન થવા વૃદ્ધિ બલની-
પ્રિયે સ્નેહે પૂર્ણ, અનુસૃત થવા કૃષ્ણ બલ દે !

કન્યા : **कुटुंबं रक्षयिष्यामि हयावृद्धबालकादिकम् ।**
अस्ति नास्तीति संतुष्टा द्वितीयेऽहं ब्रवीमि ते ॥

વિના હું સંકોચે, નિજજન ગણી સર્વ-જનને,
કુટુંબી સંબંધી, શિશુ-યુવક-વૃદ્ધો પરિચરું ;
મળે વાંછ્યું કે ના, તદપિ મનમાં શોક ન ધરું ,
વદું બીજે પાદે, મન-વચન-કર્મે અનુસરું

વર : **ॐ त्रीणि रायस्पोषाय विष्णुस्त्वा नयतु ।**

થવા વૃદ્ધિ દ્રવ્યે, લલિત સુભગ પ્રેષ્ઠ પદવી-
દઉ પ્રેમે તું-ને, વિમલ કરવા સર્વ-પથને,
સદા મીઠી વાણી, મધુરતમ ભાવો હૃદયના-
શમાવે દુઃખોને, અનુસૃત થવા કૃષ્ણ બલ દે !

કન્યા : **भर्तृभक्तिरता नित्यं सदैव प्रियभाषिणी ।**
भविष्यामि पदे चैव तृतीयेऽहं ब्रवीमि ते ॥

રહું હું સંસારે, પદકમલ સેવી પતિ તણા,
વિવેકે સેવાએ, અતિ-કુશલ શિષ્યા પણ બનું;
વિશેષે વાણીમાં, રસનિપુણ શબ્દે મન હરું,
વદું ત્રીજે પાદે, હૃદય તુજને સ્વાર્પણ કરું

વર : **ॐ चत्वारि मायो भवाय विष्णुस्त्वा नयतु ।**

વધાવી શબ્દોને, પ્રણય-કલહે કે રતિવિષે,
બની પત્ની પ્રેમે, પ્રતિદિન જ કલ્યાણ વરજે;
બધાં ભાગ્યો મારાં, પ્રભુવશ ગણીને જગવિષે-
વિચારીને પ્રેમે, અનુસૃત થવા કૃષ્ણ બલ દે !

કન્યા : **आर्ते आर्ता भविष्यामि सुखदुःखविभागिनी ।**
तवाज्ञां पालयिष्यामि चतुर्थेऽहं ब्रवीमि ते ॥

બનું દુઃખે દુઃખી, સમરસ બનીને તમ થકી,
સુખી હું સંબંધે, વિપુલ વિભવોથી ક’દિ નહિ;
સુખો ને દુઃખોમાં, સરસ મૃદુ સંવાદ સરજું,
વદું ચોથે પાદે, વચન-વશવર્તી જ બનવા.

વર : **ॐ पञ्च पशुभ्यो विष्णुस्त्वा नयतु ।**

ધનોથી ધાન્યોથી, પશુગણ થકી નિત્ય મળતી-
મનઃકામો દેતી, વિવિધવિધ લક્ષ્મી વિલસતી;
વ્યવસ્થા સંભાળી, વ્યય નિયમ ને આવક તણી,
કુટુંબે વૃદ્ધિ-શ્રી, અનુસૃત થવા કૃષ્ણ બલ દે !

કન્યા : ऋतुकाले शुचिः स्नाता क्रीडिष्यामि त्वया सह।
परतरं गच्छामि पंचमेऽहं ब्रवीमि ते ॥

વિહારીશ સ્વીકારું, ઋતુ-શુચિ લહીને રસથકી,
સ્મરું ના હું આદિ, સ્મૃતિ-સુપથમાં અન્ય-જનને,
પ્રભુ-સ્વામી નિત્યે, સ્મરણ-પથગામી જગતમાં,
વહું પંચે પાદે, નહિ ગમન અન્યત્ર મુજનું

વર : ॐ षड् ऋतुभ्यो विष्णुस्त्वा नयतु।

રસો જે ગાર્હસ્થ્યે, વિવિધ ઋતુનાં પ્રાપ્ય વિભવો-
સહુ શ્રાન્તો ભ્રાન્તો, મધુર બનતા સ્વાદ પરખી;
પ્રતિષ્ઠા લગ્ને જે, નવ પરિહરું ક્લિષ્ટ વિચરી,
સ્વભાવો ભાવોને, અનુસૃત થવા કૃષ્ણ બલ દે!

કન્યા : अथ साक्षीह वै विष्णुस्त्वयाहं नैव वंचिता।
आवयोः प्रीतिसंभूता षष्ठे चैव ब्रवीमि ते ॥

પ્રતીક્ષીશું [illegible] વચન કર્મે [illegible] નહિ,
બની રહું સાથ્યાં [illegible] પ્રણયપથમાં દોષ-વિણનાં;
[illegible] વિષયોના [illegible] સુધા [illegible]
[illegible] છઠ્ઠે પાદે, પ્રભુ [illegible] સાક્ષી [illegible] વચમાં.

વર : ॐ सखे सप्तपदा भव सा मामनुव्रता
भव विष्णुस्त्वा नयतु।

સખી સ્નેહે થાવા, ક્રમે ચરણ સાતે હૃદયથી-
કરે શાસ્ત્રા આજ્ઞા, સુજનજન મિત્રો નિપજતા;
વ્રતે કર્મે ધર્મે, અનુવૃત બની દિવ્ય બનવા,
સ્વભાવે સદ્ભાવે, અનુસૃત થવા કૃષ્ણ બલ દે!

કન્યા : होमयज्ञादिकार्येण भवामि च सहायिनी।
धर्मार्थकाममोक्षेण सप्तमेऽहं ब्रवीमि ते ॥

વ્રતે ધર્મે કર્મે, અનુસૃત બનું સર્વવિધિથી,
યશો કીર્તિ અનુપમ જગે પ્રાપ્ત કરવા;
વિધાનો અર્થોનાં વિધવિધ મનોરમ્ય વરવા,
વહું છેલ્લે પાદે, હરિચરણ ભાવે ભજવા.

॥ इति सप्तपदी समाप्ता ॥

* * *

૧૮. માર્જન :

સ્થાપિત કલશમાંથી જલ લઈને વરવધૂનો અભિષેકની જેમ છાંટે છે, આશીર્વાદ દેવાય છે.

૧૯. હૃદય-સ્પર્શ :

વર-વધૂ પરસ્પર હૃદયનો સ્પર્શ કરીને સહૃદય-એક-હૃદય-રહેવાનું વ્રત લે છે.

૨૦. સૂર્ય કે ધ્રુવ-દર્શન :

લગ્નમાં દિવસ હોય સૂર્યદર્શન અને રાત્રિ હોય તો ધ્રુવ-અરુંધતિ-દર્શન વર-વધૂને કરાવે છે, પૂજન કરાવે છે. સૂર્ય જેવાં તેજસ્વી, ધ્રુવ જેવાં અચલ-અટલ થવા સૂચવાય છે. અરુંધતિ-દર્શનથી પતિ સાથે જ રહેવાનો આદર્શ દેવાય છે.

૨૧. મસ્તક-સ્પર્શ અને સિંદૂર-સિંચન :

વધૂના મસ્તકે સ્પર્શીને, વર વધૂના સેંથામાં સિંદૂર પૂરે છે. સૌભાગ્ય-સમૃદ્ધિની કામના છે. પછી આજ્યાહુતિ, સ્વિષ્ટકૃત્-હોમ થાય છે.

૨૨. અન્નપ્રાશન :

અગ્નિમાં પાયસનો હોમ કરીને, વરવધૂને પ્રસાદ(ખવડાવે) છે.

૨૩. આશીર્વાદ :

પ્રભુ , દેવ, બ્રાહ્મણ, વડીલ, સ્વજનોના આશીર્વાદ વર-વધૂ પ્રાપ્ત કરવા પ્રણામ કરે છે.

બ્રાહ્મણ-દક્ષિણા-ભોજનાદિ થાય છે. "**दम्पत्योरविच्छिन्ना प्रीतिरस्तु ।**"- દંપતીની અવિચ્છિન્ન પ્રીતિ હો !- આશિષ્ દે છે.

૨૪. ચતુર્થીકર્મ :

સપ્તપદી પછી કે વિવાહના ચોથે દિવસે ઘરમાં વર-વધૂ આ હોમ કરે છે. કન્યાને પિતાના ગોત્રમાંથી પતિના ગોત્રની પ્રાપ્તિ થાય છે. સોમ-ગંધર્વ-અગ્નિના સંપર્કથી કન્યા-દેહમાં આંતર-વિકાસ-પરિવર્તનથી થયેલા દોષની આનાથી નિવૃત્તિ થાય છે. વર-કન્યાને સ્થાલીપાક-પાયસ પ્રસાદ લેવડાવે છે. કન્યાની માતા ચાર વખત પીરસે છે; પછી કન્યા વરને પ્રસાદ લેવડાવે છે. આને "**ચરુ-ભક્ષણ**" પણ કહે છે.

વર-કન્યાના લગ્ન પછી વ્રત :

૧ લગ્ન પછી ત્રણ-રાત્રિ ખાટું-ખારું ન ખાવું.
૨. લગ્ન પછી ત્રણ-રાત્રિ અધઃશયન કરવું.
૩. લગ્ન પછી એક વર્ષ, બાર રાત્રિ, છ રાત્રિ કે છેવટે ત્રણ રાત્રિ પણ સહશયન ન કરવું.

(૧૬) મા-(ય)- માટલું :

લગ્ન-મંગલમાં સાસરે જતી કન્યાને વત્સલ મા યથાશક્તિ માટી-તાંબા-પિત્તળ-સ્ટીલ-ચાંદીની ગોળીમાં પાથેય-(ભાતા)-રૂપે મીઠાઈ દે છે. ઘરની વાતોને ઘરમાં-મનમાં રાખવાનો તેમાં સંકેત છે.

(૧૭) કન્યાવિદાય :

કન્યાને યથાશક્તિ કરિયાવર દઈને વર સાથે સાસરે વિદાય દેવાય છે. પિતાના પ્રાણની પ્રતિમા અને માતાના પ્રેમની પ્રતિભા તો કન્યા છે. શીલ-શિક્ષણ-સંસ્કાર-સંપન્ન પુત્રીને પારકી બનાવતાં, પારકાને દઈ દેતા, સૌનાં હૃદય વલોવાઈ જાય છે. સ્નેહ સંતાપ કરાવે છે. વાત્સલ્ય વાણીનો વિલય કરાવી દે છે. આંસુ અટકાવવા મથવા છતાં અટકતાં નથી !- પુત્રીનાં માર્ગમાં પુષ્પ બનીને વરસે છે ! સ્વાર્થ માટે, શ્રેયઃ માટે, તો સર્વત્યાગ કરનારાં સુલભ સંભવે છે; વનવાસ કે જનવાસમાં તે તો સ્વતંત્ર જીવી શકે છે. કોડભરી કન્યા તો સૌ સ્વજનોને છોડીને, પરતંત્ર જીવીને, સૌને પ્રેમથી પાવન કરવા, સહનશીલતાથી સુખ દઈને સાથે રાખવા, ભાવથી ભળી જવા, સર્વસ્વ-સમર્પણ કરીને, પતિના વિશ્વાસે, છેલ્લા શ્વાસ સુધી સાથ દેવા-સાથે રહેવા-હાથ પકડીને આવી છે. સ્વનાથ અને શ્રીનાથને સ્નેહથી સેવતાં સુખ-શાંતિ-સન્માર્ગ સૌને દે છે, શ્રેયઃ સૌનું સાધે છે. ગૃહિણી જ ઘર છે. વરની તે શોભા છે.

(૧૮) શ્રીગણેશ પાસે એકી-બેકીની રમત :

વરરાજા વધૂને લઈને પોતાને ઘેર આવે છે. મા વધાવી લે છે. ગણપતિ પાસે કથરોટના જલમાં કંકુ મેળવીને તેમાં પૈસા સોપારી, મીંઢળ, વીંટી, રૂપિયા-વગેરે નાખે છે. વર-વધૂ-તેમાંથી રૂપિયો કાઢે તે જીતે,- તેનું વર્ચસ્વ થાય,- તેમ મનાય છે. પ્રેમમાં તો હારમાં જિત અને જિતમાં હાર છે ! પછી, ગણપતિ વિદાય, કુલદેવાદિ-વંદન થાય છે. મીંઢળ- છેડાગંઠન-છોડાવે છે. ગૃહસ્થ-જીવન-યાત્રારંભ થાય છે.

(૧૯) મધુરજની : જીવનમંગલ :

ગૃહસ્થ જીવનની આ એક મધુર-રજની છે. આજકાલ સૌ વરવધૂ પ્રાયઃ લગ્ન પછી થોડા સમયમાં સાનુકૂલ સ્થળે પર્યટન માટે જાય છે. તે નવું તો નથી. મહર્ષિ કર્દમજીએ પોતાનાં પત્ની દેવહૂતિજી સાથે લગ્ન પછી પોતાના તપઃ-યોગ-પ્રભાવથી પ્રકટ કરેલા દિવ્ય-વિમાનમાં બ્રહ્માંડ બહારના પ્રદેશમાં, દેવોનાં ઉદ્યાનોમાં, રતિ-વિહાર કરતાં, સ્વૈર પર્યટન કરેલું. આ સતીએ લગ્ન પછી મોજ-શોખ-ભોગ જાણ્યાં-માણ્યાં નથી !- પતિસેવામાં કમલ જેવી કાયાને કૃશ કરી દીધી છે ! રાજકન્યાનો વૈભવ અને સમ્રાટ્ પિતાની સંપત્તિ-સુવિધાઓ છોડીને ઋષિપત્નીની સાદગી, સંયમશીલતા, સ્વાશ્રય, સ્નેહથી સ્વીકારી લીધાં છે ! મહેલને બદલે ઝૂંપડામાં રહેતાં નાનમ નથી લાગી, ગૌરવ ગણ્યું છે ! પતિ સમાધિ-રત છે,- સંગ-પ્રસંગ મળતો નથી; સતીએ સેવાને સર્વસ્વ-સર્વસુખ-માનીને વધાવી લીધી છે ! એકાકી છતાં અસંતોષ નથી ! ઉગ્ર-વ્યગ્ર થયાં નથી ! પરાણે કામ પતાવતાં નથી, સ્નેહથી સંયમસહિત સેવા કરે છે ! કઠિન કાર્ય છે, છતાં કઠોર થયાં નથી !- કડવાશ આવી નથી ! સંતોષ-શાંતિ-સંયમથી શરીરને સેવામાં ઘસી નાખ્યું છે ! ગરીબાઈમાં ગરીબડાં થયાં નથી, ગરિમા ગુમાવી નથી, ગૌરવથી સેવાસુખ માણતાં રહ્યાં છે ! પરણેલાં પત્નીને તો પરાણે પણ હક્ક દેવા પડે, તેમ તેમણે કાંઈ મેળવ્યું નથી ! સ્વધર્મથી તે તો સિદ્ધ થયાં છે, પતિની પ્રસન્નતાને પ્રેમ- પરિચર્યાથી જીતી લીધી છે ! અત્યંત આવશ્યક હોય તેટલું જ મધુરતાથી બોલ્યાં છે. મનની બળતરા અને મોંનો બબડાટ તેમણે કર્યો નથી. મનથી બળે અને મોંથી બબડે, તેનું જીવન બગડે ! સઘળું સહન કરીને કાંઈ

ન બોલે, પ્રસન્ન રહે, તેનું સઘળું સુધરે ! રુક્મિણીજી પોતાના લગ્ન-પ્રસંગે પતિએ કરેલી ભાઈની વિરૂપતા અને ભાઈના બંધનમાં અને પૌત્રના લગ્નપ્રસંગે જેઠે કરેલા ભાઈના વધમાં પણ કાંઈ જ ન બોલ્યાં !- તેથી તો ભગવાન્ અજિત છતાં તેમનાથી જિતાઈ ગયા ! ભગવાને સ્વયં અભિનંદન દીધાં,- તેમનાં જેવા ગૃહિણી-પ્રણયિની ક્યાંય ન જોયાં ! ભલે ! જીવાય જમાના પ્રમાણે, પણ આદર્શોને અનુસરવાનો અડગ પ્રયત્ન તો થાય ને ?!

આદર્શ દામ્પત્ય-જીવનની આ છે,- ગૌરવગાથા ! પિતાના પૈસે ભણીને, પરણીને, પિતાના પૈસે મોજશોખ માણવા જવામાં ગૌરવ તો નથી જ; ઘરેડ ભલે હોય, સૌ ભલે જતાં હોય ! મધુરજનીની મધુરતા તો મહેનતથી મેળવેલું માણવામાં હોય !- મફત મળેલાથી માણવામાં નહિ ! અમેરિકાનો એંઠવાડ ઉલેચનારા ફેશન-પરસ્તોને આ ભારતની ભદ્રતા-ભવ્યતા સમજાશે ?! પતિ સાથે હૉટેલ-હિલસ્ટેશન કે ગમે ત્યાં માત્ર ઘૂમવામાં ગૌરવ નથી; ગૌરવ તો છે,- સ્નેહ, સંયમ, સદાચાર-પૂર્વક સેવારત રહેવામાં ! સુખશાંતિ તો સાધન-સુવિધા-સત્તા-સંપત્તિમાં નથી, સેવામાં છે; પોતાના પરિવારને પ્રભુ માર્ગે દોરવામાં છે. પ્રસન્નતાથી સહન કરે,- તે સામ્રાજ્ઞી સ્વજનોની બને !

જાપાનના કોઈ વડાપ્રધાનનો બહોળો પરિવાર સુખ-શાંતિથી સાથે રહેતો ! તેનું રહસ્ય સમ્રાટે પૂછતાં, ચોપડાઓ ચીતરીને એક જ રહસ્ય-વાત વડીલે લખી,- **"સહનશીલતા !"** - ડગલે-પગલે સહન કરવું ! સંઘર્ષ વગર સહન કરવું ! સહન કરવાના ભારનું વહન કર્યા વગર, સ્નેહનું દહન કર્યા વગર, સ્વાભાવિકતાથી, મોટું મન રાખીને, મધુર-મંગલ-મક્કમ રહેવું. બધામાં પ્રભુ વિરાજીને આપણા હિત-

માટે કહી રહ્યા છે,- તેમ વિચારીને બધી કઠોરતા સહન કરવી. પ્રભુ-સુખ અને શાસ્ત્રસંમત હોય તેનો સ્વીકાર કરવો; બાકીનું જતું કરવું ; પ્રભુ-વિરોધી કોઈનું કાંઈ ન માનવામાં દોષ નથી. શાંતિ જોઈએ તો પોતે શાંત રહેવું ; શાંતિ બીજે ક્યાંયથી ન મળે, પોતાનામાંથી કે પ્રભુ પાસેથી જ મળે ! પતિ અને તેના પરિવારને, પ્રેમથી વીંટળાઈને, એક અને અખંડ રાખે તે,- **સ્ત્રી !** ભારતનાં ભાંગતાં સંયુક્ત કુટુંબો, ઉભા થતા વૃદ્ધાશ્રમો, કદાચ સમયની માંગ હશે, જરૂરી પણ હશે, છતાં તે ભારતીય-સંસ્કૃતિની શોભા તો નથી જ ! પશ્ચિમમાં વિભક્ત કુટુંબોના વિષાદથી હવે ત્યાં સંયુક્ત-કુટુંબ-પ્રથાને વખાણે છે ! આપણે છે તેને છોડીએ છીએ,- તોડીએ છીએ ! ભારતીય સંસ્કૃતિ તો જોડવાની છે, છોડવા-તોડવાની નથી ! આ સમજતાં,- સ્વીકારતાં, વ્યવહારમાં વણાતાં જીવન-મંગલ અનુભવાય છે.

(૨૦) વર-વધૂના દિવ્ય-દામ્પત્યથી જીવન-મંગલના ઉપાયો :

૧. વ્યર્થ-મોજ-શોખ અને બહિર્મુખતા ઘરને-શાંતિને-સંસ્કારને ખાઈ જાય છે ! મોજ છેવટે મોતના મોમાં ધકેલે છે ! શોખ તો શોક કરાવે છે ! બહિર્મુખતા બળતરા વધારે છે ! ટી. વી. વગેરે નિયત-યોગ્ય-જોવાય તો હિત કદાચ કરે, હલકાં મનોરંજનો તો એકતા-આત્મીયતા-આનંદને અજાણ્યે પણ અળગાં કરી રહ્યાં છે ! મનગમતી સીરીઅલ જોતાં વચમાં આવનાર અણગમતાં લાગે છે ને ?! સંસ્કાર-સ્વકીયતા-સદ્‌વિચાર-સદાચાર લુપ્ત-પ્રાય થઈ રહ્યાં છે. વિવિધ વ્યસનો વ્યથા કરાવે છે, છતાં પ્રથા પ્રબલ બની રહી છે ! અયોગ્ય ખાન-પાન જીવનને બરબાદ કરી દે છે, જીવનને આબાદ કરવા માટે પોતાના જીવન-ધ્યેયનો દૃઢ નિર્ણય કરી લેવો જોઈએ. તે ઉત્તમ આદર્શોને અમલમાં મૂકવા સઘળું સહન કરી લેવાની તત્પરતા જોઈએ, અડગતા જોઈએ.

“અસ્થિર મનના મુસાફરને માર્ગ કદિયે નથી મળતો;
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો !”

-કોઈ કવિએ કહ્યું છે. પોતાના ઉત્તમ જીવનધ્યેયને સાકાર કરવા માટે, વિકારોના શિકાર ન થવાય માટે ત્રણ અનિવાર્ય છે,- ૧. પોતાના ઘરમાં, પોતાના તન-ધન-મનથી, પોતાના પ્રિય પ્રભુની સેવા (બધાંએ સાથે મળીને) અસમર્પિત વસ્તુના ત્યાગ-પૂર્વક કરવી. ૨. પોતાના પરિવાર સાથે ઘરમાં નિત્ય નિયમિત સ્વધર્મશાસ્ત્રનાં વાંચન-વિચાર-ચર્ચાથી સત્સંગ (કથા) કરવો. ૩. પોતાના પ્રભુનો અનન્ય-સુદૃઢ-આશ્રય (શરણાગતિ) રાખવો. સેવા-સત્સંગ (કથા)-શરણાગતિની ત્રિવેણીનાં સ્નાન-પાન-દાન-ધ્યાન-જ્ઞાન--ગાન પ્રભુમાં એકતાન બનાવે છે, જીવનની શાન વધારે છે. સંતાનોને આ સેવા-(કથા) સત્સંગ-શરણાગતિથી વધુ કયો મોટો વારસો દઈ જવાનો હોય ?! પોતે વસાવીએ તો વારસો દેવાયને ?! કન્યાદાન ઘણા દેતા હશે, કન્યાને કન્યાદાનમાં ઘણું બધું-ઘણાં બધાં-દેતાં હશે; પણ ભગવાન્ કે ભાગવત, સેવા કે સત્સંગ (કથા), દેનારાં મા-બાપ કે સ્વજનો કેટલાં ?! સેવા-સત્સંગ-શરણાગતિ તો જીવન-મંગલના સરલ-સફલ-સચોટ ઉપાયો છે !- જીવનનાં તો તે બલ અને ફલ-રૂપ છે !

ગૃહસ્થાશ્રમમાં, બધાં વિરોધની વચમાં પણ, પ્રભુમાં પ્રેમ-પૂર્વક પ્રસન્નતાથી જીવી શકાય છે, સંસાર-સર્પનું બધું ઝેર જીરવી શકાય છે; સૌનો જીવનશ્રમ ઉતારતો પોતાનો ગૃહસ્થાશ્રમ બને છે !

૨. "सन्तुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥"
- મનુસ્મૃતિ (૩-૬૦).

જે કુલમાં પત્નીથી પતિ પ્રસન્ન (સંતુષ્ટ) છે અને પતિથી પત્ની (સંતુષ્ટ) પ્રસન્ન છે, ત્યાં જ કલ્યાણ નિત્ય નિશ્ચિત છે.

નરમાશ-મીઠાશ હોય ત્યાં કડવાશ ન રહે ! સ્નેહ-સમજ-સહનશીલતાથી સંઘર્ષ ટળે, શાંતિ મળે !

૩. પત્નીનું પ્રદાન તો પતિના જીવનમાં અમાપ હોય છે. સૂક્તિ છે,-

"कार्येषु मंत्री करणेषु दासी
भोज्येषु माता शयनेषु रम्भा ।
धर्मानुकुला क्षमया धरित्री
षाड्गुण्यमेतद्धि पतिव्रतानाम् ॥"

(૧) પતિના કાર્યોમાં મેધાવી મંત્રીની જેમ માર્ગદર્શન દે, (૨) પતિના દૈહિક-કાર્યોમાં, વ્યવહારમાં, વ્યવસ્થામાં, દાસીની જેમ દોડતાં રહે, (૩). પતિને જમાંડતાં જનનીની જેમ જતન કરતાં વહાલ વરસાવે, (૪) શયનમાં રંભાની જેમ રતિસુખ દે, (૫) પતિના ધર્મકાર્યમાં સર્વથા સાનુકૂલ રહે, (૬). પતિની પ્રતિકૂલતામાં, સ્વજનના સંઘર્ષમાં, પૃથ્વી જેવાં ક્ષમાશીલ-ઉદાર-સહનશીલ-રહે, પતિવ્રતા સ્ત્રીના આ છ સદ્‌ગુણો છે.

૪. "अन्योऽन्यस्याव्यभिचारो भवेदामरणान्तिकः ।
एष धर्मः समासेन ज्ञेयः स्त्रीपुंसयोः परः ॥"

મરણ-પર્યંત પતિ-પત્નીનો સ્નેહ અવિકૃત-અખંડ-રહે, એ જ સ્ત્રીપુરુષનો સંક્ષિપ્તમાં પરમ ધર્મ છે.

૫. "जामयो यानि गेहानि शपन्त्यप्रतिपूजिताः ।

तानि कृत्याहतानीव विनश्यन्ति समन्ततः ॥"

જે ઘરની સ્ત્રીઓ અપમાનિત થઈને શોક કરતી કે રડતી નિંદે છે, તે ઘર કૃત્યા (મારણ-પ્રયોગ)થી નષ્ટ થયેલાની જેમ સર્વરીતે નષ્ટ થઈ જાય છે.

"पत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तगाफलाः क्रियाः ॥"

જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે. જ્યાં સ્ત્રીઓનું સંમાન નથી, ત્યાં બધી ક્રિયાઓ નિષ્ફલ છે.

૬. अर्थस्य संग्रहे चैनां व्यये चैनां नियोजयेत् ।
शौचे धर्मेऽन्न पक्त्यां च परिणाह्यस्य चेक्षाणे ॥"

સ્ત્રી-રક્ષા માટે તેને ઘરની જવાબદારીઓ સોંપી દેવી,- ૧. દ્રવ્ય-સંગ્રહ, ૨. દ્રવ્ય-ખર્ચ, ૩. ઘરની પવિત્રતા, ૪. સઘળાં ધર્મકાર્ય, ૫. રસોઈની વ્યવસ્થા, ૬. ઘરમાંના સામાનની સઘળી સંભાળનું કાર્ય. આનાથી સંમાનપૂર્વક સ્નેહથી સ્વકાર્યરત રહેતાં સ્ત્રીને પ્રસન્નતા અનુભવાય છે.

૭. પતિના જમ્યા પછી પત્ની જમે, દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી થાય, પતિ પરદેશ હોય ત્યારે વિશેષ દેહની શોભા-સુખ પ્રવૃત્તિ-ન કરે, પતિના સુતા પછી સુએ, જાગતા પહેલાં જાગે,- પતિ વિના પ્રાણ ધારણ ન કરી શકે,- તે સતી સ્ત્રીનાં લક્ષણ છે. સ્નેહની તેમાં સ્વાભાવિકતા છે.

૮. "याद्दग्गुणेन भर्त्रा स्त्री संयुज्येत यथाविधि ।
ताद्दग्गुणा सा भवति समुद्रेणेव निम्नगा ॥"

જેવા ગુણ-વાળા પતિ સાથે સ્ત્રી યથાવિધ જોડાય છે, તેવા ગુણવાળી તે થાય છે; જેમ નદી સમુદ્રમાં જોડાવાથી થાય

છે, તેમ !

૯. "कंडणी पेषणी चुल्ली उदकुंभी च मार्जनी ।
पंचसूना गृहस्थस्य ताभिः स्वर्गं न विन्दति ॥
पंच – सूना कृतं दोषं पंचयज्ञैर्व्यपोहति ॥"

ખાંડણીઓ, ઘંટી, ચૂલો, જલપાત્રસ્થાન (પાણીઆરું) અને સાવરણી,- આ પાંચથી પાંચસ્થાને ગૃહસ્થને ઘેર જાણ્યે-અજાણ્યે થોડી-ઘણી હિંસા થઈ જાય છે. તેથી સ્વર્ગ- સુખ-મળતું નથી. તે પાંચ હિંસાનો દોષ "પંચયજ્ઞ"થી દૂર થઈ જાય છે.

૧. **બ્રહ્મયજ્ઞ** - વેદમંત્ર-શ્રીભાગવતાદિ-સ્વધર્મગ્રંથ-સેવન.

૨. **દેવયજ્ઞ** - અગ્નિહોત્ર કે વૈશ્વદેવ - કરવાં.

૩. **પિતૃયજ્ઞ** - નિત્યતર્પણ - નિત્યશ્રાદ્ધ - કરવાં.

૪. **મનુષ્યયજ્ઞ** - અતિથિ-ભોજન-સત્કારાદિ - કરવાં.

૫. **ભૂતયજ્ઞ** - ગાય-કૂતરાં વગેરેને ભોજનાદિ-ભાગ દેવાં.

"यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापाः ये पचन्त्यात्मकारणात् ॥
- ગીતાજી (૩-૧૩).

પંચ-મહાયજ્ઞ કરીને બાકી રહેલું અન્ન જે મનુષ્યો જમે છે, તે સર્વ પ્રકારના પાપમાંથી છૂટે છે. જે લોકો પોતાને માટે રાંધે છે, પોતે જ ખાય છે, તે પાપનાં પૂતળાં થાય છે. વૈષ્ણવને ઘેર તો પ્રભુ માટે રસોઈ થાય, તે સેવા છે. પ્રસાદ તો પોતાના પ્રભુનું અધરામૃત છે. ભગવાન્ આરોગે છે,- તે તો આધિદૈવિક મહાયજ્ઞ છે. પ્રભુની તૃપ્તિમાં સર્વ તૃપ્ત થઈ જાય છે. મૂલમાં જલસિંચનથી વૃક્ષનાં ડાળી-પાન-વગેરે બધાં પોષાય છે, તેમ ! અસમર્પિત-વસ્તુના ત્યાગપૂર્વકની કૃષ્ણસેવા તો નિત્યનો આધિદૈવિક મહાયજ્ઞ છે. જીવનની ધન્યતા-સફલતા-કૃતાર્થતા છે.

૧૦. માનવને જન્મતઃ ત્રણ ઋણ (દેવું) કહેલું છે,- ૧. પિતૃ-ઋણ, ૨. દેવ-ઋણ, ૩. ઋષિ-ઋણ. પિતૃ-ઋણમાં પુત્રજન્મથી છૂટાય, દેવ-ઋણમાંથી યજ્ઞથી છૂટાય, ઋષિ-ઋણમાંથી સ્વશાસ્ત્રાધ્યયનથી છૂટાય, પરંતુ ,-

"देवर्षिभूताप्तनृणां पितृणां न किंकरो नायमृणी च राजन् ।
सर्वात्मना यः शरणं शरण्यं गतो मुकुन्दं परिहृत्य कर्तम् ॥"
- શ્રીભાગવત (૧૧-૫-૪૧).

હે રાજન્ ! જે માનવ કર્તૃત્વ છોડીને સર્વાત્મપણે કૃષ્ણને શરણે ગયો, તે દેવ-ઋષિ-પ્રાણી-આપ્તજન-માનવ-પિતૃઓનો ન સેવક છે, ન ઋણી છે.

ભગવાન્ શ્રીકૃષ્ણની શરણાગતિ, સર્વસ્વ-સમર્પણ-પૂર્વક સ્નેહ-સેવાથી કોણ કૃતાર્થ ન થાય ?!

૧૧. ગૃહસ્થાશ્રમમાં પરસ્પરના વ્યવહારનાં ઉદાહરણો તો ધર્મગ્રંથાદિમાં સ્પષ્ટ દેખાય છે. છેવટે તો, સૌના હૃદયમાં ભગવાન્ વિરાજે છે, સર્વ-રૂપે ભગવાન્ છે,- તેમ સમજીને સ્વધર્મ-મર્યાદા-સહિત સૌનો સમાદર કરવો. "**સર્વાત્મા પ્રભુ પ્રસન્ન થાવ !**"- તેવું ધ્યેય રાખવું. ઘરમાંનાં જીવજંતુઓને પણ વ્યર્થ પીડવાં નહિ. તે પણ ઘરમાં રહે છે, તે કોઈનાં બાલબચ્ચાં છે, તેમનામાં પણ જીવ-રૂપે ભગવાન્ છે. પોતાનાં સંતાન અને તેમનામાં અંતર શું ?! શાસ્ત્રમર્યાદા બધા વ્યવહારમાં નિયામિકા છે.

૧૨. ગૃહસ્થે પોતાની આજીવિકા માટે દ્રવ્યાદિ નીતિ-રીતિ-પ્રીતિથી શાસ્ત્રોક્ત-રીતે મેળવવાં. પ્રભુસેવા-માટે જીવન-

નિર્વાહ જરૂરી છે; તેથી કમાવું જરૂરી છે, પણ તે મુખ્ય નથી, પ્રભુસેવા જ મુખ્ય છે.

ઘર-ધન-સંગ સર્વથા છોડી દેવાં, ન છૂટે તો તેનો વિનિયોગ ભગવાન્ માટે કરાવી દેવો.

ગૃહસ્થે સ્વયં કૃષ્ણસેવા જીવન-પદ્ધતિ-રૂપે કરવી. પત્ની વગેરે સાનુકૂલ હોય તો સહયોગ તેમનો લેવો, ઉદાસીન હોય તો સ્વયં સેવા કરવી, ક્લેશ ન કરવો, ન કરાવવો. તેઓ પ્રતિકૂલ હોય તો તે સૌને છોડીને પોતે તો પ્રભુસેવા કરવી જ. શરીર, સંપત્તિ, સંતતિ-સર્વ કાંઈ કૃષ્ણસેવા માટે જ છે.

૧૩. સ્ત્રીનું એક જ વ્રત,- શ્રીતુલસીદાસજી "માનસ" (અરણ્ય. કાં. ૫-૪)માં કહે છે,- **"एकइ धर्म एक व्रत नेमा । काय बचन मन पति-पद प्रेमा ॥"**- એક જ ધર્મ, એક જ વ્રત,- કાયા-વાણી-મનથી પતિપદમાં પ્રેમ ! સ્ત્રી-પુરુષ-સૌના પતિ છે,- પુરુષોત્તમ ! તે શ્રીકૃષ્ણમાં પરમ પ્રેમ (સર્વાધિક સુદૃઢ સ્નેહ) તો જીવનનું બલ છે,- ફ્લ છે.

૧૪. પતિ પત્નીને સ્નેહથી સંમાને, તેનાં સ્વજનોનો પણ સમાદર કરે, ગૃહકાર્ય-વ્યવહારમાં તેને પૂછીને વર્તે, તેના ત્યાગનો વિચાર પણ ન કરે, તેના પર સંદેહ ન કરે, તેનું અપમાન ન કરે, અપરાધોની ક્ષમા કરે. પત્નીને મારવું-પીડવું તો દોષ છે. પતિ પત્નીના જીવન-વિકાસમાં સાનુકૂલ થાય. વિચારોનો વિકાસ થાય તો જીવનનો વિકાર જાય, સન્માર્ગનો પ્રકાશ થાય.

૧૫. વ્યર્થ વાતો, વ્યર્થ વિચારો, વ્યર્થ વ્યવહાર જીવનને વ્યર્થ કરી દે છે, તેથી તે ત્રણેને સંપૂર્ણ છોડી દેવાં.

ભક્તિવૃદ્ધિથી પ્રભુ-પ્રસન્નતા માટે ઘરમાં રહીને યથાધિકાર વર્ણાશ્રમધર્મ-પૂર્વક કૃષ્ણસેવા-કથામાં પરાયણ રહેવા મથવું. લોકનિંદ્ય કે શાસ્ત્રનિંદ્યથી દૂર રહેવું. સૌમાંથી સારું શોધી લેવું. કૃષ્ણપ્રિય-સંતાન માટે જ રતિ-પ્રસંગ કરવો. વૈરાગ્ય અને સંતોષ ક્યારેય ન છોડવાં. શક્તિપ્રમાણે સ્વધર્માચરણ, વિધર્મનો ત્યાગ, અને ઈન્દ્રિય-સંયમ,- આ ત્રણ સર્વથા ન છોડવાં. અહંકાર ન કરવો. દીનતા-દૃઢતા રાખવાં. એકાદશી-જયંતી-વ્રત કરવાં. પોતાના પ્રભુમાં અવિશ્વાસ-અન્યાશ્રય અસમર્પિતનો સ્વીકાર-અસદાલાપ-અસત્સંગ-નકરવાં. અનન્યતાથી કૃષ્ણસેવન કરવું.

"अशेषसंक्लेशशमं विधत्तो गुणानुवादश्रवणं मुरारेः ।
कुतः पुनस्तच्चरणारविन्द-परागसेवारतिरात्मलब्धा ॥"
- શ્રીભાગવત (૩-૭-૧૩).

ભગવાનનો મહિમા સમજાવતું, ધર્માનુકીર્તન-પૂર્વકનું , શ્રવણ સંપૂર્ણ સંક્લેશોને દૂર કરી દે છે, શાંત કરી દે છે. સંક્લેશનો નાશ થતાં સુધી, જીવનભર, મુરારિ ભગવાન્ શ્રીકૃષ્ણના ગુણાનુવાદનું શ્રવણ કર્યા કરવું જોઈએ. ભગવાનને ભજે તેને કોઈ ભય ન રહે ! જો શ્રવણ-માત્રથી સઘળા સંક્લેશો શાન્ત થઈ જાય, તો ભગવચ્ચરણારવિંદની રતિની તો વાત જ શી ? પ્રભુમાં પ્રીતિ કરાવતા સાધન-રૂપ શ્રવણથી જ બધા ક્લેશો દૂર થઈ જાય, તો પ્રભુ પ્રીતિ તેમને ક્યાંથી દૂર કરશે ? તેને તો આવું દૂર કરવાનું કાંઈ જ ન રહે ! ભગવાનની ચરણરજ તો ગંગાજી અને ભગવદીય-શરીરમાં પણ છે. તેમની સેવામાં પ્રીતિ પણ ક્લેશોને સંપૂર્ણ દૂર કરી દે છે. આ સેવા પણ કોઈ લૌકિક-સ્વાર્થ-માન- સ્થાનાદિ માટે નહિ; અંતઃકરણ-પૂર્વક, હૃદયના સાચા ભાવથી, નિષ્ઠાપૂર્વક

થાય. સ્વતઃ પુરુષાર્થ-રૂપા આ (ભગવાન્ કે ભગવદીયોની) સેવામાં સ્વાભાવિક રુચિ હોય તો તે સર્વ ક્લેશોને દૂર કરી દે છે.

આ બધું સરલતાથી સંભવે છે,- ગૃહસ્થાશ્રમમાં ! દિવ્ય-દામ્પત્ય દુનીઆને દિવ્યતા દે છે. પ્રભુએ પ્રારંભેલું , પ્રભુએ પ્રદાન કરેલું , પ્રભુએ પુષ્ટ કરેલું , આ દામ્પત્ય પ્રભુની પ્રસન્નતા માટે જ છે. આ જ સાચું જીવન-માંગલ્ય છે,- સાફલ્ય છે. તે સદ્ભાવે મંગલ-લગ્ન-પ્રસંગે વિપ્રો વદે છે,- "कुर्यात् सदा मङ्गलम् ।"- (ભગવાન્)- સદા મંગલ કરો !

*